પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવ પ્રકાશન
પ્રમુખસ્વામી મહારાજ ગ્રંથ શ્રેણી : ૨૧

જેવા મેં નિરખ્યા રે

૪

(પ્રમુખસ્વામી મહારાજના સાન્નિધ્યમાં સંતોએ અનુભવેલી
તેઓની દિવ્ય પ્રતિભા, પ્રસંગો દ્વારા)

લેખક
સાધુ કેશવજીવનદાસ
(મહંત સ્વામી)

ઘટાડેલી કિંમત
રૂ. ૫/-

પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ -૪

ક્રમિકા

પ્રસ્તાવના

સ્વામીશ્રી પાસે આવો,

તેથી વધીને ભેગા રહો,

તેથીય આગળ વધીને, સૂક્ષ્મ અવલોકન કરીને, મનન-ચિંતન કરો.

સ્વામીશ્રી વિશેષ ને વિશેષ ને વિશેષ લાગતા જશે.

બીજાનું તો જલદી પતી જતું હોય છે. થોડાક સમયમાંજ તેમનો પરિચય પૂરો થઈ જતો હોય છે. બાકી રહેતું નથી. અને હા, એવું બને કે વધુ પરિચય કરવાથી તેમના દોષો છે તે દેખાવા લાગે. Too much familiarity breeds contempt. અતિ પરિચય ઘૃણા ઉપજાવે. જ્યારે જેમ જેમ સ્વામીશ્રીનો અતિ પરિચય તેમ તેમ અતિ અતિ સુખદાઈ થાય છે. સ્વામીશ્રી ભેગા વર્ષો રહો પણ પરિચય પૂરો થાય જ નહીં, થતો જ નથી. નવું નવું લાગ્યા જ કરે. છતાંય સ્વામીશ્રીમાં તો એથી પણ ઘણું ઘણું છે.

શ્રીજીમહારાજે સ્વયં કહ્યું છે, 'હું મારા મહિમાનો પાર પામતો નથી.' પ્રમુખસ્વામી મહારાજનું એવું જ છે. સ્વામીશ્રીમાં આપણે ઘણું જોયું છે, ઘણું અનુભવ્યું છે, પરન્તુ તેઓ જેવા છે તેવા તો દેખાતા નથી. સાદા સરળ લાગે છે. બંગાળનો વાઘ પીળા વાંસના જંગલમાં રહે છે. તેની ચામડીનો પીળો રંગ અને કાળા પટા, તે વાંસના પીળા રંગ અને વચ્ચે ખાલી જગ્યા કાળી લાગે તે મળતું આવે, તેથી વાઘ આચ્છાદિત રહે છે. આટલો સમર્થ વાઘ પણ વાંસ ભેગો ગણાઈ જાય છે. તેમ સ્વામીશ્રીએ આ લોકનાં બંધન સ્વીકાર્યાં છે. નાત-જાત, રીત-રિવાજ, દેહ-સગાં-વહાલાં, કુળ-કુટુમ્બ, દેશ-વેશ, ખાન-પાન, બોલવું-ચાલવું, ભૂખ-તરસ, ઊંઘવું-જાગવું, ભણવું-ગણવું, કામ-કાજ, એવાં અનેક લૌકિક બંધનો સ્વીકારી અતિ અલ્પ બની ગયા છે. પણ એમની મોટપ તો ક્યાંઈની ક્યાંય છે.

સંપ્રદાયના નિયમો, પ્રથાનાં બંધનો સ્વીકાર્યાં છે. તેમ બીજા લોકો પણ

નિયમ- ધર્મ પાળતા હોય છે. બધા સરખા લાગે. સ્વામીશ્રી પણ ભેગા ગણાઈ જાય. સાધક લાગે, અલ્પ લાગે. પણ ના, સ્વામીશ્રી અનાદિ કાળથી સિદ્ધ પુરુષ છે, પણ સહેતુક અલ્પતા સ્વીકારી છે.

સ્વામીશ્રી આપણી અને એમની વચ્ચે અનેક રીતે કરીને સરખાપણું રાખે છે. નોખું અસ્તિત્વ ઊભું કરતા નથી. પોતે જરાય મહત્ત્વના લાગે નહીં, તેવું સતત જાણપણું રાખે. જ્યારે આપણે તેમનાથી તદન ઊંધું કરીએ છીએ. મહત્ત્વના (Special) બનવા ઉપર જ તાન હોય છે. તેથી અન્ય સાથે અંતરાય પડતો જ જાય છે. સ્વામીશ્રી એક નાનાશા મનુષ્ય બની રહે છે. સર્વજન સુલભ અને વહાલા બની રહે છે.

આમ, સ્વામીશ્રીને છૂપું રહેવાનું કારણ એક તો આપણી સાથે સજાતિ થવા. હાથી અને કીડીને કેમ મેળ પડે ? હાથી જ્યારે કીડી બને ત્યારે સજાતિ સજાતિને હેત થાય. એમ સ્વામીશ્રી સાથે દૃઢ આત્મબુદ્ધિ અને દૃઢ પ્રીતિ થઈ જાય અને બ્રહ્મરૂપ થવાનું કાર્ય પણ પૂર્ણ થાય. મોક્ષનું કારણ, ભવબંધન તૂટવાનું કારણ છે : સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ.

બીજું, આપણને પૂર્ણ બનાવવા માટે પોતે અપૂર્ણતા અને અલ્પતા દાખવે છે. સ્વામીશ્રી અપરંપાર બ્રહ્મની સ્થિતિ ધરાવે છે. એમની આંતરસ્થિતિ પાર વિનાની છે. દેખાય કે ન દેખાય એમને તો અસલી સાધુનું અસલી કામ કરવું છે.

સ્વામીશ્રીને પરચા, ચમત્કારમાં જરાય પણ રસ નથી. તેનો ઉપયોગ પણ કરતા નથી. જરૂર પણ પડી નથી. પોતાની પરમ સાધુતાથી જ અનંતનાં કામ કર્યાં છે. છતાંય ચમત્કાર થાય છે, પણ આંજી દેવા કે પ્રચાર કાર્ય માટે નહીં. ફક્ત ભક્તની વહારે આવવા, જરાક શ્રદ્ધા ખૂટતી હોય તેને દૃઢ કરાવવા...

સાધુતાનો અનુભવ કરાવવા, તેનું મહત્ત્વ જણાવવા અને દરેકને સાચી દિશા બતાવવા પકડાવવા માટે જ પોતે છૂપા રહે છે. પરચા-ચમત્કાર, પ્રવચનના ઠાઠ-માઠ, ઐશ્વર્ય સિદ્ધિનો માર્ગ મુમુક્ષુને અવળે રસ્તે દોરે. ભગવાનથી છેટું પડે. અસલી સાધુનો માર્ગ તદન નિરાળો છે. સ્વામીશ્રી ફક્ત ભવ-બંધન કાપવા અને માયાપાર કરી ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને ભગવાનની માહાત્મ્યેયુક્ત ભક્તિ કરવા અને કરાવવા જ આવ્યા છે. તેથી તે સિવાયની બીજી બાબતોમાં છૂપા જ રહે ને ?

સ્વામીશ્રી ભવ-રોગના નિષ્ણાત છે. પરમાનંદના ભોક્તા અને દાતા છે. બ્રહ્મરસના ભોગી છે. જન્મ-કર્મ ને નિર્ગુણ કરનાર અને નિર્ગુણ માર્ગ બતાવનાર છે. આદર્શ ગુરુ છે. આદર્શ પરાભક્તિ અને ગુરુ-ભક્તિ કરનાર છે. આદર્શ શિષ્ય છે. ગુણાતીત સમાજના નેતા છે. ભગવાનને રહેવાનું ઘર છે. ભગવાન આપે છે. ભગવાનને કેમ રાખવા તે શીખવાડે છે. સ્વામીશ્રી તો ઓલિયા સાધુ છે. આટલા બધા મોટા છે છતાંય ઓળખાતા નથી. છૂપા રહે છે.

ઓલિયા સાધુનું ચિત્ર આપણા મનમાં એવું જ રહ્યું છે કે ઓલિયા તો વસતિમાં ન વસે. એકલા રહે. જંગલ કે વન-પર્વતમાં ઉન્મત્તની જેમ. ગાંડાઘેલા ફરતા હોય. કોઈ સાથે સંબંધ નહીં, એકાએકી ફરતા હોય. કોઈ વ્યવહાર નહીં કરવાનો. પરંતુ સ્વામીશ્રીએ પોતાનાં વર્તનથી ઓલિયાનું જુદું ચિત્ર આપ્યું છે. તેમને મન ઓલિયા એટલે ભગવાન સાથે અખંડ સંબંધ હોય. તેના નિયમ-બંધનથી બંધાયેલા હોય. અનુકરણીય હોય, આ મોટામાં મોટી વાત છે. જન સમાજ વચ્ચે જ તેમનું આસન અને કાર્યક્ષેત્ર તેમજ ભજન-ભક્તિનો અખાડો હોય. વ્યવહાર હોય - ખૂબ હોય પણ ભગવાનના ભક્તને અર્થે જ. તેમાં પણ ભગવાનના આપેલા નિયમમાં (સ્ત્રીધનના ત્યાગમાં) બાંધછોડ નહીં. બુદ્ધિનો દુરુપયોગ નહીં. અહીં વ્યવહાર નિર્ગુણ છે. બંધન રહિત છે. તેઓ ઓલિયાનું સાચું ચિત્ર અર્પે છે. તેમની વેશ-કેશ-ભૂષાની વિશિષ્ટતા અળગી તરી આવશે, સહજાનંદી ઓલિયાનો ધ્યેય તો શુદ્ધ પ્રગટની ભક્તિ કરાવવી ને કરવી તે જ છે. તેઓ ભગવાન અને ભગવાનના નિયમ ભૂલીને કાંઈ કરી શકતા જ નથી. ચાલુ આધુનિક સમાજ પાસે પણ અસલી જૂની પદ્ધતિથી સાધન કરાવી જીવ ને વિશુદ્ધ કરે છે. સ્વામીશ્રી અસલી ઓલિયા છે. એમનો ઉપરનો દેખાવ જમાનાને અનુરૂપ સભ્ય લાગે છે. (Modest)

ઉપરથી તો કોઈ પણ વ્યક્તિ કે વસ્તુ ક્યાં ઓળખાય છે? તો સ્વામીશ્રી તો ક્યાંથી ઓળખાય કે જેને છૂપૂં જ રહેવું છે?! લોકમાં મહાન પુરુષો, તેઓ જેવા છે તેવા ક્યારેય દેખાયા નથી. અનુભવાયા છે ખરા. શરીર તો મોટાઓનું અને સામાન્યનું, સુર કે અસુરનું, ગરીબ કે તવંગરનું, ભણેલા કે અભણનું, બધાંનાં સરખાં જ છે અને સરખાં દેખાય છે. ખાવું-પીવું, ઊઠવું-

બેસવું, ઊંઘવું-જાગવું, બોલવું-ચાલવું, માંદા પડવું સાજા થવું કે રહેવું, ભણવું-લખવું એમ બધી ક્રિયાઓ અન્યના જેવી જ રહી છે. તો પછી સ્વામીશ્રી પણ જેવા છે તેવા ક્યાંથી દેખાય? હા, અનુભવાય છે અવશ્ય. પણ કેટલું અનુભવો?! ઘણું ઘણું અનુભવો તો પણ તેમની અપાર બ્રાહ્મીસ્થિતિ, અનંત ઐશ્વર્ય સત્તા-સામગ્રી, ગુણ લાવણ્યનો લેશ અનુભવ થાય!

પૂર્વે ભગવાન અને સંતોના અવતારો પણ છૂપા રહ્યા છે. છૂપા રહેવું જ પડે છે. આ એક રીતે વિઘ્નરૂપ પણ લાગે છે. પણ ફાયદાઓ ઘણા છે.

આપણને પૂર્ણ બનાવવા તેઓ અપૂર્ણતા અને અલ્પતા ગ્રહણ કરે છે. સાધન અવસ્થા દેખાડે છે. આજે પણ, સમય જતા જ્યારે સ્વામીશ્રી સિદ્ધપણે વર્તે છે, ગુરુપણે વર્તવું પડે છે, ત્યારે પણ સત્તા-સામર્થી, એક રહેણી-કહેણીમાં કાંઈ ફેર થતો નથી. સિદ્ધ અવસ્થામાં ય સાધના કરતા દેખાય છે. પણ કાંઈ છુપાયું છૂપૂં રહે ? તેઓ ભગવાનને રહેવાનું ઘર છે, ત્યારે ભગવાન જ તેમનામાં રહી પ્રૌઢ પ્રતાપ જણાવે છે. સ્વામીશ્રી બતાડે કે ન બતાડે. ભગવાન એવા ઉત્તમોત્તમ પાત્ર દ્વારા મોક્ષનું કાર્ય કરે છે.

પોતાના પૌત્રને એકડો ભણાવનાર આઈનસ્ટાઈન તો મહાનમાં મહાન વૈજ્ઞાનિક રહે જ છે. અપરિચિતને આઈનસ્ટાઈન અભણ લાગે. પણ સ્વામીશ્રી તો ગમે તેવા પરિચિતને પણ ચક્કરમાં નાંખી દે. Level જૂદું જ પડવા ન દે. પોતાની જાતને આપણા levelમાં રાખે. મુમુક્ષુનાં વજ્ર-કમાડ ખોલી, દિવ્ય અને ભવ્ય અંતઃપ્રવેશ કરે છે. સાવરણી ફેરવી, સાફસૂફી કરી, ભગવાનને પધરાવવા માટે દિવ્ય સિંહાસન બનાવે છે. બાકી એ કોઈ રીતે બને એમ નથી. મુમુક્ષુના હૃદયમાં ભગવાન પધરાવવા સ્વામીશ્રી રાત-દિવસ દાખડો કરી રહ્યા છે.

સ્વામીશ્રીનું વર્તન, વ્યક્તિત્વ, ગુણો જ મુમુક્ષુઓને મોક્ષની પ્રતીતિ કરાવે છે. મુમુક્ષુઓની પ્રતીતિ માટે સ્વામીશ્રીના કોઈ પ્રયત્નો દેખાતા નથી. છાપ પાડી દેવી, આંજી દેવા, ભડકો દેખાડવો એવું કાંઈ નહીં. નખરા કે પુસ્તકિયું જ્ઞાન કે એવા કોઈ ચાળા ચૂંથણા નહીં પણ પરસેવો પાડીને જ, એક સાધુતા વડે જ પ્રતીતિ કરાવે છે.

સ્વામીશ્રીને જુદા જુદા દૃષ્ટિકોણ(Different angles)થી જોવામાં આવે

તો માત-ભ્રાત-પિતા-સખા લાગે. સાધક અને શિષ્ય લાગે, ગુરુ લાગે, સફળ નેતા લાગે, અતિ કુશળ વ્યવહારકર્તા (Manager) લાગે એમ ઘણું ઘણું દેખાય. પરંતુ સમગ્રપણે જોઈએ - (3-Dમાં) તો સ્વામીશ્રી અસલી સાધુ છે. ભગવાનના ઓલિયા છે.

સાધનકાળે શિષ્યભાવે વર્તતા હતા તે'દિ પણ ઓલિયા હતા. ગજબના છૂપા રહ્યા હતા. હરિભક્તો પાસે એમની જૂની વાતો સાંભળીએ અને આપણો પ્રસંગ એમની સાથે પડ્યો હોય તેમાં પણ તેઓ ઓલિયા જ લાગે. સદાય ભગવાનના જ રહ્યા છે, નિર્દોષ મૂર્તિ, દિવ્ય અલૌકિક મૂર્તિ જ રહ્યા છે.

સ્વામીશ્રીની અનેક રીતે મોટપ ગવાય છે. પણ સૌથી મહત્ત્વની મોટપ તેમના સાધુપણાને લીધે જ છે. શ્રીજીમહારાજ કહે છે કે 'એવો સાધુ તો હું છું.' કહેતા એવા ઓલિયા તે પુરુષોત્તમરૂપ છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે : 'સંત તે સ્વયં હરિ.' વળી, શ્રીજીમહારાજ કહે છે, 'જેટલામાં રાજાનું રાજ તેટલામાં રાણીનું રાજ.' તેમ ભગવાન તુલ્ય મોટપ સંતની કહી છે. શ્રીજીમહારાજ કહે છે કે 'આખી પૃથ્વીના માણસો અને રાજાઓ મને હાથ જોડીને ઊભા રહે તો તેણે કરીને હું એમ ન માનું કે હું મોટો થઈ ગયો છું. અને આખા સત્સંગના બધા જ જતા રહે તો, હું એમ ન માનું કે હું નાનો થઈ ગયો છું.' કારણ કે મારી મોટપ સ્વસ્વરૂપનું જ્ઞાન અને ભગવાનની ઉપાસના વડે છે. તેમ, પ્રમુખસ્વામી મહારાજનું શ્રીજીમહારાજની જેમ જ છે.

સ્વામીશ્રીને માટે સુખનું મૂળ જૂદું છે. જેમાં આખી દુનિયા ખદબદે છે એવાં સ્ત્રી-ધન-સત્તા કે કીર્તિ નહીં પણ ભગવાનની દાસત્વભક્તિ સિવાય બીજું કાંઈ ખપે જ નહીં.

આજે સ્વામીશ્રીનું ઠેરઠેર અઢળક સન્માન થાય છે. ખૂબી એ છે કે સ્વામીશ્રી લેશમાત્ર ફુલાતા નથી. Glory is a poison that can be taken in small doses. કીર્તિ અથવા માન એ ઝેર છે. થોડું થોડું લેવાય એક સામટું નહીં. શ્રીજીમહારાજે પણ કહ્યું છે કે 'કરોડ માણસ માને તેનું અહમ્ જુદી જાતનું હોય.' આ એક ગુણ આંખે ઊડીને આવે એવું સ્પષ્ટપણે સ્વામીશ્રીમાં દેખાય છે. ખૂબ ખૂબ અનુભવાય. નાના-મોટા, બધા જ એક અવાજે સ્વામીશ્રીના નિર્માનીપણાની વાત પોકારી ઊઠતા હોય છે. આવાં

અનેક કારણો છે, કે જેથી ગુણાતીત સમાજને સ્વામીશ્રી વિના બીજે ક્યાંય મન માનતું નથી.

ભગવાનનું સુખ તે એક જ એવી વસ્તુ છે જે કામ અને માનના સુખને ઓળંગી જાય. બાકી આ બેથી તો બધાની દશા બેસી ગઈ છે. સ્વામીશ્રી ભગવાનનું સુખ, અખંડ, અનંત અને અપાર લઈ રહ્યા છે, તેની આ સાબિતી છે. ભલભલાની નજર ભગવાનના સુખમાં પહોંચતી જ નથી.

આવા તો અનેક ગુણો-પોતાની સત્તા, સામર્થી, લાવણ્ય સહ-સ્વામીશ્રીમાં કાર્ય કરવા ઉછાળા મારી રહ્યા છે. નિરાળાપણું, ચિત્ત-પ્રસન્નતા અને ભગવાનના સુખની હળવાશ સ્વામીશ્રીના સમગ્ર વ્યક્તિત્વ અને કાર્યમાં જણાઈ આવે છે. એમની સાધુતાનો ઓછાયો બધી ક્રિયા ઉપર, સમગ્ર વ્યક્તિત્વ ઉપર એટલો બધો તો પડે છે કે બીજું કાંઈ રહેતું જ નથી. સાધુપણું જ રહે છે, સાધુપણું જ દેખાય છે. પિતાનો પ્રેમ, માતાનું વાત્સલ્ય, ભાઈની હૂંફ, નેતાની વ્યવહાર કુશળતા વગેરે પણ દરેકને અનુભવાય છે. તેમાં પણ અસલી સાધુપણું જુદું તરી આવે છે... કારણ કે એ ભગવાનનું શરીર જ છે. અળગું રહે ક્યાંથી ?

સ્વામીશ્રી તો પરમ એકાંતિક સંત છે. વડવાનલ અગ્નિ સમા. ભગવાનનું સુખ ન આવતું હોય તેને તો નિયમ-ધર્મ, વૈરાગ્ય બધાં આકરાં અને બંધનરૂપ લાગે. સ્વામીશ્રીને તો એ બંધનો જ ધણીનાં સોહાગ સિંદૂર છે. ભારે કિંમતી ચૂડલા છે. વજન તો લાગે, બંધન પણ લાગે, પણ જીવનનું ગૌરવ છે. ટૂંકમાં નિયમ-ધર્મ, ભાર ને બંધન નહીં પણ સોહાગણના સોળ શણગાર છે. ધણીની સ્મૃતિ છે, પ્રસાદી છે. અળગું મૂકાય જ કેમ ? જીવાય જ કેમ ? સોહાગણ તો અળગું મૂકે. આ તો ૨૪ કલાક ધારી રાખે. બંધન નહીં પણ શણગાર છે. નિયમનાં બંધન એ સ્વામીશ્રીને મન મહાકાય, મહાબળી, મદોન્મત મલ્લોની ભીડ નથી પણ પ્રીતમના પ્રેમપાશ છે.

સ્વામીશ્રીને મન જ્ઞાન એટલે રખડતી કુંવારીના ટોળ-ટપ્પા, કપોળ કલ્પિત સમયયાપન નહીં. કે ધણી આવો હશે, આવો હોવો જોઈએ એમ સાકાર- નિરાકારના ચૂંથણા નહીં પણ પ્રત્યક્ષપણે જીવાત્મા-પરમાત્માનું મિલન છે. જાણે નિર્વિકાર શુદ્ધ બ્રહ્મ-પરબ્રહ્મના સુખની લહાણ.

ભીડા ભક્તિ તો સ્વામીશ્રીની ! ક્યારેય એવી ભક્તિ કોઈએ કરી નથી

અને કરશે પણ નહીં. સુવર્ણ જેમ લોખંડના હથોડાથી ટીપાઈ ટીપાઈને વરખ બની જાય, તેમ સ્વામીશ્રીએ પોતાની હસ્તી મીટાવી દીધી છે.

સ્વામીશ્રી તો હરિભક્તોની ચરણરજમાં રોળાઈ ગયા છે. હજી પણ એ જ ભાવના વ્યક્ત કરતા રહ્યા છે કે ભક્તોની ચરણરજમાં રોળાઈ જવું છે....

નાને સે હો નાને રહીએ, જૈસી નાની દૂબ;

ઘાસ ફીસ સબ ઊડ ગયા, દૂબ ખૂબ કી ખૂબ.

મેં નિહાળેલા સ્વામીશ્રી આ છે. બધા ગુરુ ગુણાતીત સંતોએ આમ જ કર્યું છે ને!

સ્વામીશ્રી દેહમાં પુરાયા. ગાગરમાં સાગર. નાનાશા મર્યાદિત, ગ્રાહ્ય અને સુલભ બન્યા.

નાઈરોબીમાં ત્યાંના એક મિનિસ્ટર સ્વામીશ્રીને મળવા આવવાના હતા. તેણે જણાવ્યું કે હું કલાક મોડો આવીશ 'I am busy.' સ્વામીશ્રીએ તરત હરિભક્તોને કહ્યું કે I am not easy! સ્વામીશ્રી ઈઝી થયા છે, પણ ઈઝી કે સસ્તા નથી.

મહાસાગર મૂર્તિ ધરીને આપણને ભેટે તે કેવું મોટું આશ્ચર્યકારી લાગે! સ્વામીશ્રી તો અનંત મહાસાગરથી પણ અધિક છે, પણ તુચ્છ જીવનું અપમાન સહન કરે અને તે પણ સુવર્ણતુલાને બીજે જ દિવસે અને શૂરવીર, નિષ્ઠાવાન, સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં. કેવું અપમાન! પણ સ્વામીશ્રીએ સંતો-હરિભક્તોને રોક્યા, 'ઠલવાઈ જવા દો' આમ હળવાશના યોગથી સૌને હળવા બનાવી દીધા.

'મહા રે મુનિના ધ્યાનમાં ન આવે, એ રે શ્યામળિયો મુજને બોલાવે.'

એ અપમાન કરનાર ભાઈને આવો મહિમા, આવી ખબર ન હતી. છતાંય અપમાન તો ન જ કરાય ને ? આ તો સ્વામીશ્રી જેવા અપમાન ઝીલનારા હતા, નહીં તો બમણા વેગથી પાછું વાગત.

સ્વામીશ્રી તો રસિયા સંગે રસબસ છે. માન-અપમાન ક્યાં નડે એમ છે?! નજરમાં જ ન આવે અંતરરૂપ-સ્વરૂપ (અત્યંત શુદ્ધ સુંદર સ્વરૂપ) છે. બહાર પણ અલમસ્ત, ધીર, ગંભીર, સ્થિર, સૌમ્ય, સુખ, શાંતિ, આનંદમય સ્વરૂપ છે.

સંત તે સ્વયં હરિ છે. છે કોઈ આવી રીતે ભગવાનને ધારનાર ? એક તો

સ્વામીશ્રીને પોતાનું સર્વસ્વ સહજાનંદ. સ્વામીશ્રી જ્યાં જુએ ત્યાં સહજાનંદ - અણુ અણુમાં સહજાનંદ અને તે ભગવાન, જેવા પ્રત્યક્ષ પ્રમાણ છે તેવા ને તેવા અણુ અણુ પ્રત્યે અંતર્યામીરૂપે બિરાજમાન છે. એજ સહજાનંદ સ્વામીશ્રીના રોમ રોમમાં બિરાજમાન છે.

આવા સ્વામીશ્રીને જેવા માણ્યા-નિહાળ્યા તેવા અહીં રજૂ કર્યા છે. ઘણું કહ્યું છે, છતાં ઘણું ન કહ્યાનો અસંતોષ રહી જાય છે. ભાષાની મર્યાદા છે અને અનુભવને તો આમેય કોઈ શબ્દદેહ કેવી રાતે આપી શકાય ? છતાં ગુરુભક્તિ અદા કર્યાના સંતોષ સાથે ઓળખ્યા છે તેવા નિર્દેશ્યાનો આનંદ છે....

૧. 'વાહ ! આ સાધુ સાચા.'

સને ૧૯૫૧ની આ વાત છે. તે સમયે મારી ઉંમર ૧૬ વર્ષની હતી. એક બાજુ શાસ્ત્રીજી મહારાજના પ્રભાવ હેઠળ પહેલેથી જ વડીલો દૃઢ સત્સંગી. બીજી બાજુ મારે અંગ્રેજી સ્કૂલ, ખ્રિસ્તી શિક્ષકો અને તે પણ બધા જ અંગ્રેજ. તેથી હિન્દુત્વની અસ્મિતા કે ગૌરવની તો ક્યાં વાત જ હતી ? ઊલટું એ અસરમાં તેમની ભાષા, રીતરિવાજો અને શિસ્ત વગેરેનો ખૂબ ભાર પડેલો. શિક્ષકો હંમેશાં આપણા દેવ-દેવીઓને વખોડતા. હનુમાનજીને Monkey God અને ગણપતિને Elephant God કહેતાં મેં કાનોકાન સાંભળ્યા છે. કોઈ સાધુ-બાવા જો રસ્તે ફરતા, 'રામ રામ' બોલીને ભીખ માગતા દેખાય, અને શિક્ષકો હાજર હોય તો અવશ્ય તેની મશ્કરી કરે. બાવાઓ તરફ નિર્દેશ કરીને બતાવે, 'જુઓ, આ તમારા સાધુ ને જુઓ અમારા પાદરીઓ...' અમને પણ મોટા મોટા ચર્ચ, અંદર શિસ્ત અને શાંતિ... વગેરે જોઈ તેમની વાત સાચી મનાતી. આ બધા વાતાવરણને લીધે મારે કોઈ મોટા ભારતીય સંતો કે ઉત્તમ મંદિરોનો સંસર્ગ થયેલો નહીં. અને બાળઅવસ્થા, એટલે એવી કોઈ ગરજ પણ નહીં. વળી બાવાઓના વિકૃત વર્તન જોઈને બુદ્ધિમાં સારી પેઠે પૂર્વગ્રહ બંધાતો ગયો હતો કે બધા રામરોટી ખાનારા જ છે, એમ નફરતની માત્રા વધતી ગઈ.

બાળપણમાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન છ મહિનાની ઉંમરે કરેલાં તેવું પાછળથી સાંભળેલું. (યાદ તો ક્યાંથી હોય ?) વડતાલ નજીક, એટલે ત્યાંથી સંતો આવતા. પણ બોચાસણથી સંતો આવતા કે નહીં તે યાદ નથી.

શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના ગુણગાન ઘરમાં ગવાય ખરા, પણ તે પણ આવા જ હશે, એવું ચિત્ર મનમાં કોતરાયેલું હતું. સંબંધીઓનો અત્યંત આગ્રહ હોવા છતાં મેં શાસ્ત્રીજી મહારાજની

સુવર્ણતુલામાં (સને ૧૯૪૯) અટલાદરા જવાનું નકારી કાઢ્યું હતું ! જેમ શરીર બીજા ગ્રુપનું લોહી રિજેક્ટ કરે તેમ !

એવામાં અચાનક એક દિવસ સમાચાર આવ્યા, 'શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા છે !' બધા જ સંબંધીઓ સારંગપુર જવાના હતા. આખું ઘર, અરે, આખી ખડકી ખાલી ખમ થઈ રહી હતી. આથી મારે નહોતું જવું તો પણ સારંગપુર જવું પડ્યું. કારણ કે જમવું ક્યાં ? એ સવાલ હતો. 'ન છૂટકે જવું પડે છે...' એવા વિપરીત ભાવ ભરેલા. મન નીરસ હતું. પરાણે આવેલો. ચાલતું હોત તો એક ક્ષણ ખોયા વિના પાછો જતો રહ્યો હોત. હું પહોંચ્યો ત્યારે શાસ્ત્રીજી મહારાજના અગ્નિસંસ્કાર થઈ ચૂક્યા હતા. તે પછી ગઢડામાં પ્રતિષ્ઠા હતી. સૌની સાથે હું પણ ઉપડ્યો. હું સ્વાભાવિક રીતે જ નિરુત્સાહ હતો...

આવી વિપરીત મનોદશા સાથે ગઢપુરમાં પ્રતિષ્ઠાને આગલે દિવસે પ્રમુખસ્વામી મહારાજ સાથેની મુલાકાતની આ વાત છે...

એમની ઉંમર તે સમયે ૨૯ વર્ષની, મારી ઉંમર ૧૬ વર્ષની... હજુ જિંદગી શરૂ થઈ રહી હતી, અને મને સ્વામીશ્રી મળ્યા !

મોતીકાકા(મોતીભાઈ ભગવાનદાસ)એ પ્રમુખસ્વામી સાથે મારી ઓળખાણ કરાવી. મને પ્રથમ ક્ષણે તો અમારી જેમ જ સાવ નવરા લાગ્યા... મુંડન પહેલાંના ઘટાદાર કાળા ભમ્મર વાળ, ચંચળ આંખો, ઝડપથી આંખોના થતાં પલકારા... સૌમ્ય, ગોળ મુખારવિંદ, પાતળી કેડ... પાતળા હતા, તેથી ઊંચા લાગતા હતા. સ્વામીશ્રીની એ વખતની મૂર્તિ હજી યાદ આવે છે. શરીર થોડું શ્યામ હતું. નાસિકાના અગ્ર ભાગે લાલ આછાં ચાઠાં દેખાતાં હતાં. હું બસ. એમને જોયા કરતો હતો. મોતીકાકા અરસપરસ અમને પરિચય કરાવી રહ્યા હતા, પણ મને કંઈ પડી ન હતી. હા, આકર્ષણ જરૂર થયું હતું. સંકલ્પો જાણે બંધ થઈ ગયા હતા. સ્વામીશ્રી મારી સાથે હિંદીમાં વાત કરતા હતા. એમણે શું પૂછ્યું ને મેં શો જવાબ આપ્યો એ બિલકુલ યાદ નથી... તેઓ મને ઓળખતા હોય તેમ લાગ્યું. સ્વામીશ્રીને હું પણ ઓળખતો હોઉં તેવું લાગ્યું!!

કહે છે ને, 'First impression is the last impression.' તેમ સ્વામીશ્રીની નિકટમાં આવતાં થોડી ક્ષણોમાં જ અદ્ભુત અને દિવ્ય અનુભવ

થયો. વૈશાખની લૂમાંથી ઊંચકાઈને હિમાલયની ગુલાબી ઠંડકમાં મુકાયો હોઉં એવી ટાઢક થવા લાગી. ત્યાં તો એક મોટા હરિભક્ત આવ્યા, સ્વામીશ્રીને તેમની સરભરામાં જવાનું થયું. ને પલકારામાં તેઓ સ્મિત કરતાં જતા રહ્યા. કોઈએ કિંમતી વસ્તુ આંચકી લીધી હોય તેમ હું હેબતાઈ ગયો. આજુબાજુ હજારો લોકો હતા, બૂમાબૂમ અને કલશોર હતો. પણ છતાં હું એકલો પડી ગયો હતો...

આજે સમજાય છે કે સ્વામીશ્રીનું કેવું વ્યક્તિત્વ હતું - એ સમયે ! પ્રભાવ પાડી દેવો, આંજી નાખવા, એવું કાંઈ જ નહીં. સીધા, સાદા, સરળ, નિખાલસ ! મને તે સમયે થયેલું : 'વાહ ! આ સાધુ સાચા!'

આજે ૪૪ વર્ષ પછી એ પ્રસંગનું મનન-ચિંતન વિશ્લેષણ કરતાં ખબર પડે છે કે બહુ ભારે દિવ્ય અનુભવ થયો. તે સમયે અંતરમાં પડેલી આ પ્રસંગની ઘેરી અસર કેવી હૃદયમાં ઊતરી હતી તે તે પછીના ૨૫ વર્ષે સમજાઈ....

૧૯૬૧માં અમે યોગીબાપાના વચને ૫૧ સાધુ થયા.

૧૯૬૧ થી ૧૯૬૬ સુધીમાં સત્સંગમાં એક એવો વર્ગ ઊભો થયેલો, જે પ્રમુખસ્વામીને વ્યવહારપ્રધાન સંત ગણાવતો. તેમનામાં આધ્યાત્મિકતા નથી, એમ વાતો ફેલાવતો. લેવાદેવા વગર આવી વાતો કહેતા આવા લોકો મને મોટો કરે. મહિમા સમજે. આજ્ઞા પાળી રાજી કરવા પ્રયત્ન કરે. પણ આ લોકોને પ્રમુખસ્વામીના મહિમાની વાતો જચી જ નથી. તેવા લોકો સ્વામીશ્રીનો અમહિમા કહે તે મારું મન કેમ કબૂલે ? First impression પડી જ ગયેલી! આ જ કારણે મારી રક્ષા થઈ. 'વાહ ! આ સાધુ સાચા.' એ છાપ આજ સુધી વિકસતી ગઈ છે. ઊંડાણમાં અનુભૂતિ થતી રહી છે. આથી જ સ્વામીશ્રીમાં મનુષ્યભાવ કોઈ દિવસ આવ્યો જ નથી. એકધારી પ્રીતિ ચાલુ રહી....

એ લોકો સ્વામીશ્રી વિષે અવળી વાતો કરે તે ચલાવી લેતો નહીં. કો'ક કો'ક વાર ઝાપટતો યે ખરો. યોગીબાપાને પણ વાત કરેલી કે આ લોકો પ્રમુખસ્વામીનો આવો અમહિમા કહે છે. ત્યારે યોગીબાપા કહે : 'કોણ એવી વાત કરે છે ? ના પાડી દેવી. શાસ્ત્રીજી મહારાજે નીમેલા છે. શાસ્ત્રીજી મહારાજ કોણ હતા ? એમના નીમેલા એટલે એમનું સ્વરૂપ કહેવાય....'

આમ, સ્વામીશ્રી વિષે હેત રહેવાથી અને અંતરમાં એમનો પક્ષ રહેવાથી યોગીબાપાનો ખૂબ રાજીપો રહેતો. આ પ્રથમ પ્રસંગનો સૌથી મોટો લાભ હતો.

સત્સંગમાં સ્થિરતા માટે આ પ્રસંગનો ખૂબ જ મોટો ફાળો છે.

એ સમયની મારી મનોદશામાં સ્વામીશ્રી આવી છાપ મારા અંતરમાં પાડી શક્યા, આ પરચો જ છે ને! નહીં તો કેવું જીવન બની જાત ? કેવી વિચારધારા હતી ? સૂક્ષ્મ-અહંપોષક-ક્ષુલ્લક મહત્ત્વાકાંક્ષાઓને પોષનાર વિચારો અને ક્રિયાઓને સાચે જ દિવ્ય વળાંક મળી ગયો.

આવી અનુભૂતિ બીજા લાખોને થઈ છે, ને થતી રહે છે. જેને કારણે કારણ વિના ખુવાર થવાના ધંધામાંથી સત્સંગ સમાજ બહાર ખેંચાઈ આવે છે.

યોગીજી મહારાજે તો એવું હેત કર્યું, ખોળામાં જેમ મા-બાપ દીકરાને ઊછેરે તેમ કર્યું. તેમનામાં જોડાઈ ગયો. પ્રમુખસ્વામીએ તેમાં ખૂબ પુષ્ટિ આપી. પોતે કોઈની કોઈ વેવલાઈ ચલાવી લેતા નહીં. પોતામાં ક્યારેય જોડાવા દેતા નહીં. એમની ગંભીર પ્રકૃતિ, છતાં અવારનવાર એમનો સહેજે યોગ મળતો ત્યારે વિના પ્રયાસે તેમની પાસે હૂંફ મળતી. તેઓ કાંઈ બોલે નહીં તો પણ ફક્ત તેમની પાસે બેસી રહેવાનું ગમતું - સ્વામી ગમતા.

વ્યવહારના માધ્યમને આધ્યાત્મિકતાનો ઓપ આપી યોગીબાપા વતી તેમણે ઘણી જવાબદારી ઉપાડી લીધી હતી.

* * *

૧૯૫૧-૫૨માં તો 'યોગીજી મહારાજ બહુ જ મોટા સાધુ છે, ભગવાનના અખંડ ધારક છે, અને જીવનની સાર્થકતા તેમને રાજી કરવામાં જ છે.' આ વાત સમજાઈ ગયેલી. આ દૃઢતા છતાં -અને યોગીબાપા સાથે જ વિચરણમાં રહેતા, એ છતાં એમણે ક્યારેય મને સાધુ થવાની વાત કરી નહોતી.

સૌ પ્રથમવાર મને સાધુ થવાની વાત જો કોઈએ કરી હોય તો એ પ્રમુખસ્વામી હતા.

૧૯૫૧, અટલાદરામાં કૃષ્ણાષ્ટમીના ઉત્સવ પછી અમે યુવકો પોતપોતાના ઘરે જવા રેલવે સ્ટેશને આવ્યા. સવારની ટ્રેન હતી. શ્રાવણ વદ ૧૧નો દિવસ હતો. સ્વામીશ્રી પણ જોડના સાધુ સાથે અમદાવાદ જઈ રહ્યા

હતા. બધા જ યુવકો જગ્યા મળી તે ડબ્બામાં ચડી ગયા. હું દોડીને સ્વામીશ્રી સાથે જ થર્ડ ક્લાસના ડબ્બામાં ચડી ગયો. સ્વામીશ્રી અને જોડના સંત સાથે હું એકલો યુવક હતો. સ્વામીશ્રી બહુ રાજી થયા, ટ્રેન ઊપડી. સ્વામીશ્રી મને અભ્યાસ અંગે પૂછવા લાગ્યા. પછી એકદમ પૂછ્યું, 'ગળામાં કંઠી છે ?'

કંઠી હતી નહીં. સ્વામીશ્રીએ મને હેતથી સમજાવ્યું ને કહ્યું : 'યોગીબાપા પાસે પહેરી લેજો.'

એવામાં તો જોડના સંતે સ્વામીશ્રીના હાથમાં કંઠી આપી દીધી. તે સ્વામીશ્રીએ મને પહેરાવી. પછી ધીરેધીરે વાતનો દોર આગળ ચાલ્યો. સ્વામીશ્રી તૂટીફૂટી હિન્દીમાં એકધારું બોલ્યે જતા હતા. વાતવાતમાં કહે. 'તમે સાધુ બની જાવ. બહુ સેવા થશે...' એમ કહી જોરદાર વાતો શરૂ કરી. એમાં આગ્રહ નહોતો, આજ્ઞા નહોતી. બસ, સંસારનાં દુ:ખોનું, ભગવાનના અને ગુરુના સુખનું સચોટ વર્ણન હતું. સ્વામીશ્રી એવી રીતે વર્ણવતા હતા કે પસંદગી મારે કરવાની હતી...

સ્વામીશ્રીએ જે મીઠાશથી, નમ્રતાથી, પ્રેમથી વાતો કરેલી તેનાથી મને નવી જ દિશા મળેલી. બહુ જ શાંતિ થયેલી... આ પછી સાધુજીવન જીવવા માટેની મારી સુષુપ્ત અભિલાષા જાગૃત થવા લાગી...

થોડીવારે સ્વામીશ્રીએ યોગીબાપાના મહિમાની વાતો ઉપાડી. ત્યારે તો એટલી ટાઢક થયેલી કે એમ જ થયું કે જાણે સ્વામીશ્રીએ મને પોતાના ખોળામાં લઈ લીધો હોય ને શું ! આમ, ધરબી ધરબીને જીવમાં મહિમા ઉતારી રહ્યા હતા.

લોકોની અવરજવર, હેરફેરની બૂમાબૂમ, ટ્રેનનો ખડખડાટ અને કોલસાની ઊડતી ભૂકી જેવા કેટલાય અંતરાયો હતા, પણ વાતોનો સ્વાદ એવો હતો કે કાંઈ જ ખબર ન પડી અને આણંદ આવી ગયું. બીજા યુવકો જુદા જુદા ડબ્બામાંથી દોડી આવ્યા. સ્વામીશ્રી સૌને મળ્યા. તેમને તો આગળ-અમદાવાદ જવાનું હતું. યુવકોને વિદાય આપતાં સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'આજે એકાદશી છે. કાંઈ ખાતા નહીં....' યુવકોએ આજ્ઞા વધાવી લીધી, ત્યાં તો ગાડી ઊપડી...

કેવો ઉપવાસ કરવો તેની સ્પષ્ટતા થયેલી નહીં, એટલે પહેલી જ વાર જિંદગીમાં નિર્જળા ઉપવાસ કર્યો હતો. ઘરમાં ફરાળ તો થતું. પણ

સ્વામીશ્રીની ઇચ્છા સમજી અમે યુવકોએ નિર્જળા ઉપવાસનો પ્રયત્ન કર્યો. પંદર દિવસે બીજી એકાદશી આવી. એ વખતે યોગીબાપા આણંદ પધાર્યા હતા. અમે તો ફરાળી એકાદશી જ કરવાના હતા, ત્યાં આગલે જ દિવસે યોગીબાપાએ મને પૂછ્યું,'એકાદશી કરો છો ?'

અમે ઉત્સાહમાં ને ઉત્સાહમાં ગઈ એકાદશી પ્રમુખસ્વામીના કહેવાથી નિર્જળા કરી હતી તેની વાત કરી. બાપા તો બહુ જ રાજી થઈ ગયા, ને બીડું ઝડપ્યું. મને કહે, 'કાલે પણ નિર્જળા !' એ પછી તો બધા જ યુવકો ઝડપાયા. એમને ગમતો વિષય અને લાગ મળી ગયો. એટલે યોગીબાપાએ નિર્જળા ઉપવાસનો સિલસિલો શરૂ કરી દીધો.

જોકે મારા માટે તો ઉપવાસની શરૂઆત કરાવનાર પણ પ્રમુખસ્વામી હતા ! સ્વામીશ્રીએ ઉપવાસની ઝંડી યોગીબાપાના હાથમાં ધરી દીધી એવી બંનેની સહજ એકતા લાગી.... સ્વામીશ્રી એક નિરાળા-અસલી સાધુ લાગતા જ ગયા... લાગતા જ ગયા... તે વખતે જે અનુભવમાં કોતરાતું ગયેલું તે વાત આજે વ્યક્ત કરી છે.

એ સમયે તો સ્વામીશ્રી પણ નિર્જળા ઉપવાસ કરતા. ચાતુર્માસમાં ધારણાંપારણાં હતાં. પણ કોઈનેય જરાપણ ખબર ન પડે કે સ્વામીશ્રીએ આજે ઉપવાસ કર્યો છે. એટલું કાર્ય, વિચરણ, મુલાકાતો ચાલુ જ રહેતી. કોઈ દિવસ શણગાર આરતીનાં દર્શન વિના એમણે પારણાં કર્યાં નથી. તેમના આકરા વ્રતમાં ય કોમળ વર્તન રહેતું. જેમાંથી પ્રેરણા લઈ આજે હજારો બાઈ-ભાઈ-આબાલવૃદ્ધો દેશ-વિદેશમાં હોંશથી વ્રત-નિયમ કરે છે. સંતો પણ આકરાં વ્રતોથી તેમને રાજી કરે છે. આવી સમૃદ્ધિ અસલી સાધુ પાસે જ હોય, જે વાતને જીવમાં સોંસરી ઊતારી શકે...

મારા ઘડતરનું કાર્ય સ્વામીશ્રીની પ્રેમાળ વાણી દ્વારા થયું હતું, આ સામાન્ય ઘટના ન હતી. મેં પણ સાધુ થવાની વાત વિચારેલી નહીં. સ્વામીશ્રીએ પણ કોઈ ઇરાદાપૂર્વક વાત કરી નહોતી. બસ, બધું કુદરતી-નેચરલ ગોઠવાઈ ગયું ! આવી ઊંચી-પ્રથમ તબક્કે કડક લાગી જાય તેવી-સંસાર મૂકી દેવાની વાતો પણ સ્વામીશ્રીએ એવી સહજ સ્વભાવે કહી હતી કે જીવનની સાર્થકતા તેમાં જ છે, એ ભાવ હૃદયમાં સ્થાપી દીધો. સ્વામીશ્રી મને હિન્દીમાં સમજાવતા હતા. તેમને ભાષાની તકલીફ પડે તે સ્વાભાવિક

હતું. આવી ભાષામાં પણ કેટલું બળ હશે કે વાત મારા જીવમાં ઉતારી શક્યા !?

સાચા સાધુ વિના આ અસંભવ છે.

* * *

ઉનાળુ વૅકેશન કે દિવાળીની રજાઓ પડતી ત્યારે યુવકો બાણમાંથી તીર છૂટે તેમ યોગીબાપાની પાસે દોડી જતા. એ આત્મબુદ્ધિ-પ્રીતિ એવી ગાઢ હતી કે બાપા જે ચીંધે તે સેવા કરતા. ઉપવાસ કરતા. જ્યાં ત્યાં, જેમ તેમ ચલાવી લેતા. આ બધું જ યુવાનીમાં કડવું લાગે તેમ હતું છતાં સૌ હસતા મોંએ સ્વીકારતા. કારણ એટલું જ હતું કે યોગીબાપાના પ્રીતિપાત્ર બનવું હતું. મોટેભાગે કોઈને ઉપવાસ, ત્યાગ-વૈરાગ્ય, સંત-સમાગમ, કથાવાર્તા વગેરેમાં સમજ નહીં, ને રસ પણ નહીં. પણ બાપાને રાજી કરી લેવાની ભાવનાથી એ બધું ચાલતું.

આવા એક વિચરણમાં હું બાપા સાથે પેટલાદ ગયો હતો. ભાદરણવાળા ભાઈલાલભાઈના ઘરે ઊતર્યા હતા. સાથે મોટાસ્વામી તથા પ્રમુખસ્વામી પણ હતા. એ વખતે દુઃખદ સમાચાર આવ્યા કે ભાવનગરના ભક્તરાજ કુબેરભાઈ ધામમાં ગયા છે.

યોગીબાપા આ સાંભળી ધૂન કરવા લાગ્યા. પછી ભાવનગર જવા તૈયારી કરી મને કહે, 'તમે પ્રમુખસ્વામી સાથે સેવામાં રહેજો પછી ભેગા થઈશું...' મેં હા પાડી.

એ જ દિવસે સાંજે સ્વામીશ્રીને જોડના સંતની સાથે અમદાવાદ જવાનું થયું. અમે ત્રણે આંબલીવાળી પોળમાં આપણું નાનું મંદિર હતું ત્યાં ઉતારે આવ્યા. આ જ પ્રાસાદિક મકાનમાં પ્રમુખસ્વામીને શાસ્ત્રીજી મહારાજે ચાદર ઓઢાડીને, પ્રમુખ તરીકે વરણી કરી હતી. અહીં કોઠારી તરીકે બબુભાઈ સોમનાથ હતા. તેમને સંસ્થાનું મમત્વ ઘણું, વળી કરકસરિયો જીવ, તેથી રસોઈનું સીધું પણ માપમાં જ આપે. સ્વામીશ્રી તો રાજી થતા. પોતે જાતે જ રસોઈ બનાવે. કોણ જાણે સ્વામીશ્રીએ કેવી રીતે જાણી લીધું હતું કે મને રોટલીમાં વધુ રુચિ છે, ભાત ખાતો નથી. આથી સ્વામીશ્રી રોજ પોતાના ભાગની રોટલી મને આપી દેતા ! તેઓ માત્ર દાળ-ભાત જમી લેતા. ઘી બધું રોટલી પર ચોપડી દે. પોતાના માટે કશું રાખે નહીં. આ બધી વાતની મને

જરા પણ જાણ થવા દીધી નહોતી. તે સમયે નાની ઉંમર એટલે મને પણ ભૂખ બહુ લાગે. બીજી બાજુ શરમ પણ આવે. સહેજે માગવા-કરવાની બાધા. પણ સ્વામીશ્રીએ સામેથી અંતરાય તોડ્યો ! હું જેટલું જમું તેટલું પીરસતા જ રહે ! સ્વામીશ્રી માટે કંઈ વધે છે કે કેમ એ જોવાની મને સૂઝ પણ નહીં. ખરેખર, આવો નિખાલસ, દિવ્ય પ્રેમ આજે સાંભરે છે. એ પાતાળ ઝરો આજે પણ વણખૂટ્યો વહ્યા કરે છે.

* * *

યોગીજી મહારાજ ભાવનગર પધાર્યા હતા અને મને સ્વામીશ્રી સાથે અમદાવાદ રહેવાની આજ્ઞા કરી હતી. તે સમયે સ્વામીશ્રીને અમદાવાદથી અટલાદરા જવાનું થયું. હું યુવક તરીકે સાથે હતો. સ્વામીશ્રીએ ટ્રેનમાં બેઠક લીધી, પણ નિયમ-ધર્મની મર્યાદા સચવાય તે માટે સ્વામીશ્રી વધારે સારી બેઠક ક્યાં મળે તેમ છે, તેની તપાસ કરવા ઊતર્યા. મને કહે, 'તમે બેસો.' થોડી વારે આવ્યા, ને કહે, 'ચાલો, આગળ સારી જગ્યા છે.' એમ કહેતાં એમણે પોતાનું પોટલું લીધું ને હું પણ તેમની પાછળ ચાલવા લાગ્યો !

કોણે જગ્યા શોધવાની હતી ? મારે કે સ્વામીશ્રીએ ? પણ ગુરુએ સેવક ધર્મ બજાવ્યો ! યોગ્ય જગ્યાએ અમે ગોઠવાઈ ગયા. એવામાં સ્વામીશ્રીએ મને પૂછ્યું, 'તમારી થેલી ક્યાં ?' હું પેલા ડબ્બામાં ભૂલી જ ગયેલો. હું મૌન રહ્યો. ને હજુ તે લેવા ઊભો થાઉં તે પહેલાં તો સ્વામીશ્રી કશું જ કહ્યા વિના મારી થેલી લેવા ઊપડી ગયા ! ગાડી ઊપડવાનો સમય થઈ ગયો હતો. ગીરદી એટલી હતી કે સ્વામીશ્રીને ઉપવાસ પડવાનો ભય પૂરેપૂરો હતો. પણ સ્વામીશ્રી થોડી ક્ષણોમાં તો થેલી લઈને આવી ગયા ! હું હતો તો ૧૭ વર્ષનો, પણ મારી બે વર્ષના બાળકની જેમ સંભાળ રાખી. તેમણે મને કશું જ કહ્યું નહીં. સલાહ-સૂચન પણ નહીં કે 'ધ્યાન રાખવું... પોતાનો સામાન તો સાચવવો જોઈએ ને !' આવું કાંઈ જ નહીં ! સ્વામીશ્રીએ મનમાંય નહીં લીધેલું. આ તે કેવું કહેવાય ! મેં ભૂલ કરી એનું દુઃખ લગાડ્યા સિવાય સ્વામીશ્રી જે રીતે વર્ત્યા તેમાં ઘણું બધું સમજાઈ ગયું.

સ્વામીશ્રી તો જાણે કાંઈ બન્યું નથી તેમ સંસ્થાનાં કાગળિયાં જોવા લાગ્યા... હું તેમને જોતો સૂનમૂન બેસી રહ્યો...

કહો, આવા સંતમાં કોને હેત ન થાય ? આ પ્રસંગ સહેજે પ્રયાસ વિના

સાંભરે છે. જેમ જેમ તેના પર મનન કરું છું તેમ વધારે ને વધારે શીખવા મળે છે. સ્વામીશ્રીમાં હેત વધે છે. ગદ્ગદ થઈ જવાય એટલી બધી મમતા ને પ્રીતિ એમણે વરસાવ્યા જ કરી છે.

આવું અકારણ હેત-આવું મમત્વ શા માટે ? સ્વામીશ્રીને મારી પાસેથી કાંઈ જ અપેક્ષા નહીં. હું તો અમદાવાદમાં તે સમયે એમની સેવા માટે સાથે મુકાયેલો. તેને બદલે તેમણે મારી સેવા કરી ! ગુરુ જ સેવકની સેવા કરે, ધ્યાન રાખે તે કેવી અવળી ગંગા ! મારી સેવા કે દેખરેખથી શું એમની પ્રસિદ્ધિ થવાની હતી ? કે બીજો કોઈ લાભ મળવાનો હતો ? એમને તો મારા જેવા કેટલાય યુવકો હતા. પણ આ નાતો તો કેવળ આત્મીયતાનો! સ્વામીશ્રીએ સૌને યોગીબાપાના માન્યા છે...

બીજાની સંભાળ જે સમજે એમને કદી પોતાના દેહનો વિચાર આવતો નથી. આવી મમતા-સંભાળ ને આત્મીયતા એમને સૌને માટે છે. પણ મારો પ્રત્યક્ષ અનુભવ છે, તે તો એથી યે અધિક છે કે એમના પ્રેમનું વર્ણન કરવું જ અશક્ય છે. તે પ્રેમ વર્ણનથી નહીં, અનુભવથી સમજાય...

૧૯૮૩માં સ્વામીશ્રીને હૃદયરોગનો ગંભીર હુમલો થયો ત્યારે અમે બધા ચાલુ વિચરણે - સુંદલપુરા સ્વામીશ્રીની ખબર જોવા આવ્યા હતા. સ્વામીશ્રી એ સમયે માંદગીને બિછાનેથી સંતોને બોલાવીને મારી ચિંતા કરવા લાગ્યા હતા : 'મહંત સ્વામી આવ્યા છે, તેમને માટે મગ કરી આપજો...'

પૂજ્ય ડૉક્ટર સ્વામીની, બીજા ડૉક્ટરોની પણ સરભરાની વાત તેઓ કર્યે જતા હતા. ગમે તેવો શૂરવીર હોય પણ આવા સમયે પોતા સિવાય કોઈનોય વિચાર ન આવે. નિઃસ્વાર્થ પ્રેમ અને અઢળક મમતા વિના આવું અશક્ય છે.

* * *

જ્યારે જ્યારે હું સ્વામીશ્રીનાં દર્શન કરું છું, ત્યારે ત્યારે એ જ દેખાઈ આવે છે કે એમણે શરીરના કૂચા બોલાવી નાખ્યા છે. કાંઈ રહ્યું જ નથી. મને થઈ જાય છે કે આપણે એમને માટે શું કરીએ છીએ ? કાંઈ કહેતાં કાંઈ જ નહીં. હું ઘણીવાર દેશ-વિદેશમાં પધરામણી અને વિચરણમાં એમની સાથે રહ્યો છું. બધાને સ્વામીશ્રીને જ મળવું હોય. કેટલાય પ્રશ્નો-ફરિયાદો-તકલીફો ઠાલવે. બધી જવાબદારી એમના શિરે ! દૈહિક અને માનસિક બંને ભીડા તેમણે વેઠવાના ! વિચિત્ર માણસો - જડ અને દાવો કરનાર પણ આવે. હક

જમાવનાર અને ફરજ પાડનાર પણ આવે. આપણા શબ્દોમાં કહીએ તો ત્રાસ જ લાગે. સંતો, હરિભક્તોની જવાબદારી, સંસ્થાકીય વહીવટની જવાબદારી, દરેકનું મન સાચવીને કામ કરવાનું. રાત હોય કે દિવસ, ગમે તેવી તબિયત હોય કે ગમે તેવી ઋતુ હોય, પ્રવૃત્તિઓ તો એકધારી ચલાવ્યા જ કરવાની! આવું તો કેટકેટલુંય આંખ સામે તરવરે. એ વિચાર કરતાંયે ધ્રુજી જવાય... આશ્ચર્યમાંથી ઊંચા જ ન અવાય.

છેલ્લા કેટલાય સમયગાળામાં, સંપ્રદાયમાં કે સંપ્રદાય બહાર, વિપરીત સંજોગોમાં ને મુશ્કેલીઓમાં આવો ભીડો વેઠનાર બીજા કોઈ નહીં હોય કે ભવિષ્યમાં પણ કોઈ વેઠશે નહીં !

બામણગામના વિચરણની વાત છે. વૈશાખ મહિનાના સખત તાપમાં સ્વામીશ્રી બપોરે ત્રણ વાગે પધરામણીઓ કરી રહ્યા હતા. વિચરણમાં હું સાથે હતો. એ ગામ ઊંચાણ- નીચાણના ઢોળાવો વાળું છે. પધરામણીઓમાં ઢોળાવો ચઢવા-ઊતરવામાં કસ નીકળી જતો. સ્વામીશ્રી એક ટેકરો ચઢી રહ્યા હતા. હાંફ ચડ્યો હતો. પગની પિંડીઓમાં કળતર થતું હોય તેવું મને લાગ્યું. એટલે મને દયા આવી, આટલો ભીડો શા માટે ? હવે એમણે આરામ કરવો જોઈએ...

ત્યાં તો તરત સ્વામીશ્રીએ મારી સામું જોયું ને જરા હસ્યા. મને થયું, આ કાંઈ હસવાની વાત છે? આપના દેહના ચૂરેચૂરા થઈ રહ્યા છે, અને આપ હસો છો? એવામાં સ્વામીશ્રી કહે, 'અહીં બધે યોગીબાપાએ પધરામણી કરેલી છે !!'

લો, હવે આપણે શું કહેવું ? ગુરુ સામે જ એમની નજર છે. એમને રાજી કરી લેવાનો જ એમનો વિચાર છે. પોતાના-દેહની કોઈ દયા જ નથી ! નોકરની જેમ કસ કાઢે છે. આખા સત્સંગમાં દરેકની સેવા કરી છૂટ્યા છે, એ મારો પોતાનો પ્રત્યક્ષ અનુભવ છે.

બે બે કિલો તુવેરની દાળના ધર્માદા માટે અપમાન વેઠ્યું છે. વાસદમાં એકાદશીને દિવસે એકસો છત્રીસ ઉપરાંત પધરામણીઓ કરી હતી, ત્યારે હું સાથે હતો. એક વાર સારંગપુરથી ડિસોટો ગાડીમાં અટલાદરા જવા નીકળ્યા. મોટાસ્વામીના પુત્ર રમણભાઈ શેઠના સંબંધી અમેરિકા જવાના હતા. તેમને દર્શન આપવા નીકળ્યા હતા. એક બાજુ સારંગપુરમાં ટાંકીનું ઉદ્‌ઘાટન હતું.

પણ ખાંભડાથી જ ગાડીને ધક્કા મારવાના શરૂ થઈ ગયા ! વૈશાખ મહિનાની બપોરે માંડ અટલાદરા પહોંચ્યા, તો જાણ થઈ કે તે હરિભક્ત તો મુંબઈ જવા નીકળી ગયા હતા. સ્વામીશ્રીનો ફેરો ફોગટ ગયો. પણ કાંઈ જ નહીં ! તરત સારંગપુર સવારે ૧૦ વાગે આવી ગયા ને ટાંકીનું ઉદ્‌ઘાટન કર્યું ! ફક્ત ચાર કલાક રાતનો આરામ અટલાદરામાં કર્યો. આરામ કે ત્રાસ ? ના ના સાચું કહું તો હરિભક્ત માટે મમત્વ.

કૂર્દુવાડીમાં રાત્રે ૩.૩૦ વાગે પધરામણી કરી છે. બનારસમાં તો વરસતા વરસાદમાં સાઈકલ રીક્ષામાં હું સ્વામીશ્રીની સાથે જ પધરામણીમાં હતો. રસ્તે ભરાયેલા પાણીને કારણે ગટરનો ખાડો જણાયો નહીં, તેમાં વ્હીલ ફસાઈ ગયું, ને વાંકું વળી ગયું. સ્વામીશ્રી ધોતિયું ઘૂંટણ સમું ઊંચું લઈને પાણી ખૂંદતા ચાલવા લાગ્યા. જે યુવકે છત્રી ઉપાડી હતી તે એવી રીતે માથે ધરી કે પાણીની સેર્ય છત્રી પર થઈ સ્વામીશ્રીના ખભે પડતી...

જે પુરુષે ૧૮ વર્ષની ઉંમરે ચૂનાની ભઠ્ઠીમાં સેવા કરી હોય તેમને માટે આ બધું કેટલું સહજ હશે ! તે સમયે જ તેઓ ઓલિયા હતા ! તે સમયથી જ એમની આંતરિક સ્થિતિનો પડઘો પડી રહ્યો હતો.

પોતે આટલું ઘસાય, સેવા કરે, ભક્તિ કરે, સંયમ-નિયમ ને વ્રત-ઉપવાસ કરે, તેમને બીજાને પાઠ શીખવવા પડે ? એ તો પોતાનાં વર્તનથી સૌનાં હૈયામાં તેના પાશ પાડી દે. સ્વામીશ્રીની જેમ આપણામાં પણ આત્મીયતા અને વર્તનની જુગલબંદી હોવી જોઈએ.

'He who does good to me, teaches me to be good.' સ્વામીશ્રીએ બીજાનું ભલું કરવા પોતે ભીડો વેઠ્યો. બીજાની સેવા કરી. પોતાનાં વર્તનથી સૌને રાજી કર્યા. પ્રેમ અને વર્તનનો આલૌકિક જાદુ તેમનામાં સહેજે જોવા મળે. વિરોધીઓની પણ સેવા કરી છે- ક્યારેક ક્યારેક નહીં, એકધારી - એક જ ભાવથી !

૨૫-૨૫ વર્ષથી ગુરુપદે આવ્યા પછી પણ તેઓ એ જ કરતા રહ્યા છે. સત્સંગ સમાજને પોતાનો દેહ કૃષ્ણાર્પણ કરીને રાખ્યો છે.

તેઓ ઘસાઈ છૂટ્યા છે, તેવું તો આપણા મતે છે. તેમના મતે તો તેઓ કાંઈ કરતા નથી, તેવો ભાવ છે. જે કાંઈ સ્વાસ્થ્ય હજુ ટકી રહ્યું છે, તે પણ હજુ ભક્તોને માટે ઘસી નાખવું છે. ઘણી વાર આપણને લાગે છે કે તેમને

દેહ છે કે નહીં ? એમને તો સત્સંગ વધે તે જ આરામ છે. એવું ન હોય તો તેઓ આપણા સેવક થવા-બધું જ કૃષ્ણાર્પણ કરવા કેમ તત્પર રહેતા હોય છે ?

સારંગપુરમાં ક્વીઝના એક કાર્યક્રમમાં સ્વામીશ્રીને પૂછ્યું હતું : 'આપને શું થવું ગમે ?'

સ્વામીશ્રી ધાણી ફૂટે તેમ બોલ્યા હતા : 'સેવક !'

સ્વામીશ્રી સદાના સેવક રહ્યા છે. ક્યારેય 'હક' (Rights) માટે મકર સરખો કર્યો નથી, ફરજ ઉપર જ ગયા છે. ફરજને જ પોતાનો હક માને છે અને આનંદ લૂંટે છે. તેથી જ તેમને ક્યારેય થાક, આળસ કે કંટાળો કાંઈ જ નથી ! હળવા ને હળવા !

ભીડાની આવી વાતો એ ઔપચારિક મન મનામણાંનાં કથન નથી, લાગણીવશ થઈ પ્રેમના દાવે નથી લખાયું. અલંકાર કે વિશેષણો નથી. ગુરુ છે તેથી લખવું પડે તેવું પણ નથી. આ કોઈ અતિશયોક્તિ કે અતિવ્યાપ્તિ પણ નથી. આ લખું છું એ નક્કર અનુભવેલી હકીકત છે... જેના લાખો હરિભક્તો સાક્ષી છે. એમણે વેઠેલો ભીડો એ ભવિષ્યની પેઢી માટે તો કલ્પના કે દંતકથાનો વિષય બની રહેશે.

સમાજના હિત માટે કેટલું ઘસાવું તેવો કોઈ માપદંડ એમણે રાખ્યો જ નથી. વળી, તેમાં પણ આજ દિવસ સુધી પૂર્ણવિરામ તો નથી જ મૂક્યું, પણ અર્ધવિરામ પણ નહીં !

You hear, you forget. You see, you remember. You do, you know. બહુ વિચારવા જેવા શબ્દો છે. પહેલાં સાંભળો, પણ તે ભૂલી જવાય છે. માટે જુઓ તે યાદ રહેશે, પણ જો તમે તે કાર્ય કરશો તો જ જાણી શકશો કે કાર્ય શું છે? જિંદગીમાં એક જ નિર્જળા ઉપવાસ ધોમધખતા ઉનાળામાં કર્યો હોય તેને સમજાય કે ઉપવાસ શું છે? તે પ્રવચન, સેમિનાર, પુસ્તક કે આબેહૂબ વર્ણનથી ન સમજાય. તેમ સ્વામીશ્રીના ભીડાના વર્ણનને બદલે સાથે વિચરેલા હોય તો થોડું ઘણું સમજાય. બીજાને શું જાણ હોય !! છેલ્લાં ૨૫ વર્ષથી એક દિવસની કે એક કલાકની યે તેમણે રજા લીધી નથી ! આરામ વિના ૨૦-૨૦ વર્ષ સુધી સતત રાત-દિવસ એક ધારો અનેક પ્રકારનો ભીડો વેઠ્યો, તેમાં જ તો મોટી બીમારીઓ શરૂ થઈ ગઈ છે !

ભીડાની અંદર ભીડો તેની અંદરેય ભીડો ! એક જ દિવસમાં માથું ફાટી જાય, ભેજું આઉટ જ થઈ જાય. આ છતાંય એમની હળવાશ અખંડિત રહી છે.

કહ્યું છે, 'વીંધાવું પડે રે એણે, વાગ્યા પહેલાં વાંસલડીને વીંધાવું પડે !'

સ્વામીશ્રી તો અણુઅણુમાં વીંધાઈ ગયા છે. જેમાંથી આપણે ભગવાનના સૂર સાંભળી શકીએ છીએ. આવા ગુરુહરિનાં ઋણ આપણે કરોડો જન્મેય ચૂકવી શકીશું નહીં... ક્યું પ્રેરક બળ હશે આટલો ભીડો સહેવા પાછળ ?

સ્વામીશ્રીએ શ્વાસોચ્છ્વાસે ભીડો જ વેઠ્યો છે. પણ ભીડો તો સાથે ફરનાર પણ નથી વેઠતા ? બીજામાં ને સ્વામીશ્રીમાં બહુ ફેર છે. આખી જીવનભાવના ધરમૂળથી અલૌકિક છે. દિવ્ય છે.

* સ્વામીશ્રી હરિભક્તોનું સમર્પણ ક્યારેય ભૂલી શકતા નથી.
* પોતે કાંઈ જ કર્યું નથી, તેમ માને છે અને ગુરુઓ જે કરી ગયા છે, હરિભક્તોએ જે ભોગ આપ્યો છે, તેના ગૌરવની જ વાતો તેમના મુખે વહેતી હોય છે.
* હરિભક્તોમાં ભગવાન અને ગુરુનાં જ દર્શન કરે છે. હરિજનને હરિસમ જાણે છે.
* પોતા માટે એક પળ પણ ગાળવી નથી, એમ વિચારી અન્ય માટે જ જીવે છે.

અને છેલ્લું, સૌથી અગત્યનું કારણ,

* એમણે આપણને સૌને ભગવાનના સુખે સુખિયા કરવા છે.

બસ, આજ કારણે તેઓ હળવા ને હળવા છે. બાકી બીજા તો થાકી જાય, કંટાળી જાય, અભાવ-અવગુણ સહિત સેવા કરે. આત્મદૃષ્ટિની બાદબાકી કરીને સેવા કરે.

જ્યારે સ્વામીશ્રીમાં અખંડ દિવ્યભાવ અને મહિમા જોવા મળે છે... નહીં તો ચાહે, ગમે તેટલો પગાર આપે, ને ગમે તેટલું માન-સન્માન આપે, અરે, માણસને જોઈતું બધું જ આપે, પણ આ ભીડો કોઈ વેઠી ન શકે અને આટલી અને આવી હળવાશથી તો નહીં જ ! 'પરોપકારાય સતાં વિભૂતયઃ ।'

૨. ધરીને મૂરતિ રે,
જાણે આવ્યો રસ શૃંગાર....

૧૯૫૫, મને સત્સંગનો ઘણો પરિચય અને સિદ્ધાંતોની દૃઢતા પણ થઈ હતી. યુવકો, હરિભક્તો, સંતો, સંસ્થા અને સત્પુરુષ યોગીજી મહારાજ સાથે હેતપ્રીત થઈ હતી. સાધુ થવું હતું, તેથી ભણવામાંથી - જગતમાંથી મન ઊઠી જ ગયું હતું. છતાંય યોગીબાપાની આજ્ઞા હતી કે પૂરું ભણી લેવું. પછી સાધુ બનાવીશું. એથી કૉલેજમાં આવનજાવન જ કરતો. ભણવામાં જરાય મન ન લાગે અને બીજાને પણ સાધુ થવાની વાતો કરું. સગાં-સંબંધી કોતરી ખાતા હતા. તેમની પકડમાંથી છૂટવા મથી રહ્યો હતો. સંબંધીઓને વ્યવહારમાં (લગ્ન કરવા) જોડી દેવાનો અતિશય આગ્રહ હતો. તેથી અકળામણ થયા કરતી. પણ કરવું શું ? કૉલેજનું વાતાવરણ, સાર વિનાની વાતો, કોઈવાર તો ખરાબ અને બિભત્સ ચર્ચાઓ વગેરેથી ત્રાસ છૂટતો. એવામાં કૉલેજમાંથી સંશોધન અંગે એક ટૂર નીકળી. જેમાં ફાઈનલના વિદ્યાર્થીઓનું ગ્રુપ નીકળતું. એમાં તો બધાં ભેગાં જ હોય. એકલા અલગ પડવું કેવી રીતે ? તેથી કોઈ રીતે સુવાણ થાય નહીં. છેલ્લા પંદર દિવસથી ખૂબ અકળાઈ ગયો હતો. યોગીબાપાનાં દર્શને જવાની તીવ્ર ઝંખના જાગેલી. પણ સંજોગો જોતાં હજુ મહિના સુધી મેળ પડે તેમ ન હતું. ખેડૂત જેમ વરસાદની વાટ જોતો હોય તેમ હું ક્યાંક સત્સંગ મળે તેની વાટ જોતો. એવામાં અચાનક સુરેન્દ્રનગરના રેલવે સ્ટેશન પર અમે ઊભા હતા ને પ્રમુખસ્વામી એક ટ્રેનમાંથી ઊતર્યા ! મન એવું તો ચોંટી ગયું કે શાંતિ શાંતિ થઈ ગઈ. સ્વામીશ્રી ઝડપથી ચાલી રહ્યા હતા. હું દોડીને એકદમ પગે લાગ્યો. સ્વામીશ્રી ખૂબ રાજી થયા. પૂછપરછ કરી, આશીર્વાદ આપ્યા. એમની નિર્ભય-નિઃશંક ચાલ પહેલેથી ગમતી. બગલમાં ઓશીકું હતું ને હાથમાં પત્તરની ઝોળી હતી. સ્વામીશ્રી હસી હસીને વાત કરી રહ્યા હતા.

પૂર્વે મોતીકાકા પાસે શાસ્ત્રીજી મહારાજના તેજસ્વી અને શૌર્યભર્યા વ્યક્તિત્વની વાતો સાંભળી હતી. રાતોની રાતો સુધી તેઓ પ્રસંગો કહેતા રહેતા. તે પ્રભાવની આજે સ્વામીશ્રીનાં દર્શન સાથે જ સ્મૃતિ થઈ. 'શાસ્ત્રીજી મહારાજ પણ આવા જ સિંહ સમી પ્રતિભા ધરાવતા હશે.' એમ સ્વામીશ્રીને જોઈને વિચાર ઝબક્યો હતો. શા માટે આવું થતું હશે, તેની તો એ અજ્ઞાન અવસ્થામાં શી ખબર પડે ?

'કેસરી બાળને ભય નહીં કોઈનો, મત્ત મેંગળ તણા જૂથ ભાગે...'

આ પંક્તિ સાકાર થતી હતી. મારી હાલતી માનસિક અવસ્થામાં સ્વામીશ્રીનાં દર્શને મીઠી વીરડીની ગરજ સારી હતી. યોગીજી મહારાજનાં દર્શન તો ન થયાં, પણ સ્વામીશ્રીનાં દર્શનથીયે ઘણું ઘણું થયું. યોગીબાપાનાં દર્શનની ભૂખ ઊઘાડી, તાણ વધી ગઈ ને ગમગીની દૂર થઈ ! અંતરમાં એક પ્રવાહ ચાલ્યા કરતો હતો કે યોગીબાપા પાસે ક્યારે પહોંચું... ક્યારે લાભ લઉં...

આ પ્રસંગની સ્મૃતિ કરું છું ત્યારે લાગે છે કે સ્વામીશ્રી ઘણું ઘણું છુપાઈ રહ્યા છે. એ દેહભાવ રહિત ચાલ, એ નિર્દોષતા, નિર્મળતા સાંભર્યા જ કરશે. સ્વામીશ્રીને હું પગે લાગ્યો અને સ્વામીશ્રી ચાલવા લાગ્યા. અમારી ગાડી ઊપડી, હું જોઈ રહ્યો, સ્વામીશ્રી દૂર સુધી જોડના સંત સાથે ચાલતા દેખાઈ રહ્યા હતા...

આજે જણાય છે કે પ્રેમાનંદ સ્વામીએ આવા જ કોઈ અનુભવથી પંક્તિ ગાઈ હશે !

'ધરીને મૂરતિ રે, જાણે આવ્યો રસ શૃંગાર !'

* * *

સ્વામીશ્રી બોચાસણ બિરાજ્યા હતા. લંડનથી સી.એમ. પટેલનો ફોન આવ્યો. ત્યાં બંધાતા શિખરબદ્ધ મંદિરનું કામકાજ શરૂ થઈ ગયું છે. તેનો અહેવાલ આપતાં સી.એમ. પટેલ કહે : 'બાપા ! પરચો કરો, જલદી પૂરું થઈ જાય.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે. 'પરચો નહીં થાય, પરસેવો થશે !'

આ પ્રસંગમાં સ્વામીશ્રીની એક પૂર્ણતા દેખાય છે. એમને પરચાના સુખ- સુખ નથી. એમની મોટપ વ્યવહારમાં મોટા દેખાવા કે થવાની નથી

સ્વામીશ્રી અનાદિ સિદ્ધ છે. પૂર્ણ છે. ભગવાનના પરમ, અખંડ, અનંત અને અસલી સુખના ભોક્તા છે. અને એ સુખના દાતા પણ છે. એમણે પોતાના અસલ સુખની યથાર્થ સમજ આપીને તેનો સ્વાદ અનેક લોકોને ચખાડ્યો છે. પોતે સૌને સુખની દિશામાં પ્રેરનાર છે, પણ પરચા કે ચમત્કારોથી નહીં, કેવળ સાક્ષાત્કારની ભૂમિકા વડે.

મીરાં, નરસિંહ, સૂરદાસ, તુલસીદાસ, કબીર - આવા મહાન સંતોએ શું કોઈ પરચા આપ્યા છે ? તેઓ શું આકાશમાં ઊડ્યા હતા ? કે જમીનમાં દટાયા હતા ? અગ્નિ પર ચાલતા હતા કે હાથમાંથી કંકુ ઝર્યું હતું ? હા, તેમના જીવનમાં ચમત્કારો બન્યા છે, પણ એ ગૌણ બન્યું, અને તેમની ભક્તિ અને સ્થિતિને લોકો સંભારે છે. 'ચમત્કાર આપે તે સાધુ' એ વ્યાખ્યા જડમૂળથી ખોટી છે. એ લોકોને છેતરવાના ધંધા છે. સાચો પરચો છે ભગવત્સુખમાં, નિશદિન રમમાણ રહેવું... અને લાખોને એ સુખના ભોક્તા બનાવવા... સ્વામીશ્રી એ કોટિના સંત છે.

એમની સાથે મારે છેલ્લાં ૪૪ વર્ષનો સંપર્ક છે. તેમનો લાભ લઈએ છીએ. તેમાં અવશ્યપણે જણાયું છે કે મેં નિહાળેલા સ્વામીશ્રી અસલી સંત છે. નિરાળા સાધુ છે.

એમના અનંતગુણો કેળવેલા કે મેળવેલા નથી. શીખેલા કે જાણેલા નથી. પોતે પણ ઘડાઈ-ઘડાઈને ગુણિયલ થયા તેવું નથી. એમને ભગવાનનો અખંડ અને અનાદિ સંબંધ છે. એટલે જ તેઓ સર્વ સદ્‌ગુણોનું નિવાસસ્થાન છે.

આવા સંત પાસે વચનસિદ્ધિ કે ઐશ્વર્ય ન હોય તેવું તો કેમ બને ? પણ સ્વામીશ્રીને પોતાના સામર્થ્ય દ્વારા કોઈને વ્યવહારમાં નથી જોડવા. નકલી સુખ નથી આપવું. નકલી સાધુ નકલી સુખ આપે. દેહના સુખમાં, જગતના સુખમાં, રચ્યાપચ્યા રહે, ને બીજાને પણ તેમાં જ રાખે. ભરમાયેલાને વધુ ભરમાવે. આવા પિત્તળ જેવા સાધુમાં અને સ્વામીશ્રી સમાન સોના જેવા સંતમાં જમીન-આસમાનનો ફેર છે.

જેમાં સૌથી અગત્યનું અને આંખે ઊડીને વળગે એવું સ્વામીશ્રીનું જો કોઈ પાસું હોય તો તે છે પંચવર્તમાનની દૃઢતા. એક રહેણીકરણી... દેશપરદેશ વિચર્યા પણ મહારાજે આપેલા નિયમોને આગળ રાખીને... કોઈ પણ સમાજ, સંસ્થા કે દેશ માનવતાના નિયમ ધારાધોરણમાં રહેતો હોય તે - એક

તો રક્ષિત થાય છે; બીજું, વિકાસ થાય છે; ત્રીજું, તેનું પોષણ થાય છે. આમ, તેને ઘણી પ્રકારના ભય મટી જાય છે. શ્રીજીમહારાજે ત્યાગીને પાળવાનાં પંચ વર્તમાન-નિઃસ્વાદી, નિષ્કામી, નિર્લોભી, નિર્માની, નિઃસ્નેહી આપેલાં છે. તેને બાહ્ય અને અંદરથી, જે પાળે તેને કોઈ પ્રકારનો ભય રહેતો નથી. અંતઃશત્રુ તેને કાંઈ કરી શકે નહીં. જો કે સ્વામીશ્રીને તો અંતઃશત્રુ છે જ નહીં.

આ પંચવ્રત અંદરથી જીવમાંથી પળાતા હોય તો દંભ રહે જ નહીં, જે મોટામાં મોટો ભાર છે. જે કોઈ આ પંચવ્રતનાં બંધનમાં છે તે જ સ્વતંત્ર છે, અને થાય છે, તે પછી હળવાશ જ ને ! આવા સંત થકી જ ભગવાનનો નિશ્ચય યથાર્થ પણે થાય છે.

પંચવ્રતે યુક્ત સાધુતા, ખમવું, ગુણગ્રહણ અને સ્થિતપ્રજ્ઞતાની જે હળવાશ એ ભગવાનના સુખની જ હોય છે.

ઘણાય ખમે, સહન કરે, પણ અંતરે દુઃખાય, બહાર બોલે નહીં, વળી જેની બોલવાની તાકાત ન હોય તે તો બહુ મોટો ભાર, એવા દેખાવની સાધુતાનો પણ ઘણો બોજ હોય. સ્વામીશ્રી સહજ અહંશૂન્યતાથી નિર્માની વર્તમાનના શિખરે બિરાજમાન છે. સૌથી વધારે ખેલ માન ખેલી રહ્યું હોય છે. તેનો ભાર તો દેખાય નહીં પણ સખત હોય છે.

The deepest craving in human being is to be appreciated. સ્વભાવની (perversion) તમામ વિકૃતિ માન નહીં મળવાના કારણે હોય છે. માણસ અકળ વિકળ રહે છે અથવા થઈ જાય છે. એને કશી ખબર ન રહે, મૂડ ન રહે, ધુંધવાયા કરે...

માણસ બનીને માન આપી શકતો નથી, તેનો ભાર પણ બહુ લાગે. અરે, મુશ્કેલી તો એ છે કે માન બીજાને આપવાથી પણ ભાર ઓછો થતો નથી. સાચા ભાવથી, પ્રેમથી આપેલું માન ભાર ઓછો કરે. સ્વામીશ્રીની કેવી અદ્‌ભુત સ્થિતિ છે તે જોઈ શકાય છે. તેઓશ્રી માન આપવામાં થાકતા જ નથી. ખૂબ આનંદથી પરિસ્થિતિને જેવી છે તેવી સ્વીકારી લે છે... દરેકને માન આપવાની તક ઝડપી લે છે.

જે નિર્માનીપણું મતલબી હોય, ખાલી હોય, પોતાની સારપ રાખવા હોય અથવા 'હળીમળીને રહેવું' તેમ જરૂર છે તે માટે રાખવું છે. આવા પ્રકારના નિર્માનીપણામાં બોજો કે ભાર જ હોય છે. જ્યારે સ્વામીશ્રીનું નિર્માનીપણું

એટલું બધું genuine (સાચું) છે કે વર્ણવી નહીં શકાતું હોય પણ બધાને અજાણે પણ તેની સુંદર અને જબરજસ્ત ગહેરી અસર થાય છે. આ અનુભવની જ વસ્તુ છે. તેનું વર્ણન કરવું અશક્ય છે.

મેં નિહાળેલા સ્વામીશ્રી નારાયણનું સ્વરૂપ છે. એમનું સુખ એ અનુભવની વસ્તુ છે. માણવાની વસ્તુ છે. તેનું વર્ણન, વ્યાખ્યા, ચૂંથણાં ન હોય. સુખ એક માનસિક વલણ છે. ઉચ્ચ ભૂમિકાના આત્મા-પરમાત્માના સુખની તો વાત જ થાય તેમ નથી. એ ઇન્દ્રિયો અને મનથી પણ પરની ભૂમિકા છે. જેમ કરોડપતિ હોવું અને કરોડપતિ થવું - બંને વચ્ચે કેટલું મોટું અંતર છે ! એક સુખ ભોગવે છે. ને બીજાને બહુ છેટું છે.

વૈજ્ઞાનિકો હજારો પાનાં દૂધ ઉપર સંશોધન કરી ને લખે અને ભરવાડ દૂધનું સુખ લે. તેમાં પુષ્ટિ કોને ? પીનારને જ. તેમ સ્વામીશ્રી ભગવાનનું સુખ માણી રહ્યા છે. તેમને મન એ સુખ માત્ર કલ્પના નથી. સાક્ષાત્ અનુભૂતિ છે.

માયિકભાવને કારણે જ અજ્ઞાન, અહંમમત્વ, વેર, ઈર્ષ્યા વગેરેનો જીવને મૂઢમાર પડેલો છે. જે કાંઈ સંસારમાં સુખ દેખાય છે, તે માયાથી આવૃત્ત-ખરડાયેલું છે. જીવ તે સુખના ભ્રમમાં દુઃખના દરિયા ઊભા કરે છે. તેમાં પડીને સત્ત્વહીન અને દુર્બળ થઈ ગયો છે. તેને સ્વામીશ્રી જેવા સંતમાં સાચું સુખ કે શાંતિ દેખાતાં નહીં હોય ? દેખાતાં હશે, તો ઓળખાતાં કે સમજાતાં નહીં હોય: કેવી લાચારી !

એક બહુ મોટા સંસ્કૃતના પંડિત યોગીજી મહારાજનાં દર્શને આવેલા. તેમણે 'ભગવાનનું સુખ, ભગવાનનું અસ્તિત્વ, ભગવાનનું સંશોધન' વગેરે વિષયો ઉપર છ ગ્રંથો લખ્યા હતા. જે ગ્રંથો ઘણા પ્રસિદ્ધ થયા હતા. જ્યારે યોગીબાપાએ તેમને પ્રવચન કરવા કહ્યું, ત્યારે તેઓ ખૂબ જ થાકેલા નિરાશાભર્યા લાગ્યા. તેમણે કહ્યું, 'ભગવાન કહાં હૈ, કિસને દેખા હૈ...?' એમના ગ્રંથોને શું કહીશું ? કલમનો કસબ કે બીજું કાંઈ ? પ્રોફેશનલ લેખકો અનુભવ વિના પણ કેવળ કલ્પનાથી ગમે તે વિષય પર પાનાં ભરી શકે છે, પણ પોતાનું અંતર ભરી શકતા નથી. પોતે તો ખાલીખમ ! મહેનતાણાના પૈસા મળ્યા એટલે બસ !

બાહ્ય વિદ્વત્તા કરતાં અસલી સાધુતા આ દૃષ્ટિએ કરોડો કિ.મી. આગળ છે. અને એ સુખ મેળવવા સ્વામીશ્રી જેવા અસલી સાધુ પાસે જ જવું પડે !

ગોંડળમાં સ્વામીશ્રી 'સ્વામીની વાતો' ઉપર નિરૂપણ કરતા હતા. તેમાં કહે, 'ભગવાન અને સંત મળ્યા એ ભાગ્યશાળી.' પછી સામે બેઠેલા ખેરાળુના હરિભક્ત વીરચંદભાઈને બતાવીને કહે, 'જુઓ, આ વીરચંદ મોદી.... અખંડ આનંદ છે ને ! જ્યારથી યોગીજી મહારાજ મળ્યા ત્યારથી હજારગણો આનંદ વર્તે છે. ઘરમાં સ્થિતિ સામાન્ય, માંડ માંડ મકાન થયું છે. તો કહે, 'એમાં મંદિર કરો...' કોઈ દિવસ અમારી પાસે એમનું દુઃખ રડવા આવ્યા નથી. જાણે છે કે આ મળ્યા એ જ મોટાં ભાગ્ય. એમને ભગવાનની ફૂંક લાગી છે, એટલે આનંદ છે... અમદાવાદવાળા રમણભાઈ શેઠ પણ એવા...'

સ્વામીશ્રીએ પોતાના અંતરમાં રહેલું ભગવાનનું સુખ ભક્તોમાં વહેંચ્યું છે, ને જે ભક્તોએ તે ઝીલી લીધું છે, તેને જોઈને તેમને આનંદ પણ થાય છે. પોતે જે સુખે સુખિયા છે, તે સુખે બીજા પણ કેમ સુખી થાય તેવી જ એમની ઇચ્છા-આશા રહે છે.

પોતે સાક્ષાત્ બ્રહ્મ છે. ને બ્રહ્મનું સુખ કાંઈ ઓછું નથી. એમ તો દરેક સ્થિતિએ સ્થિતિએ સુખનો અનુભવ થાય છે. પણ એ પૂર્ણ સુખ નથી હોતું.

સામાન્ય માણસને ભૌતિક પદાર્થોમાંથી સુખ આવે. તે કરતાં આગળ આવડતનું સુખ પછી સદ્‌ગુણોનું સુખ, પછી ઐશ્વર્યનું સુખ... એમ કરતાં નિર્વાસનિકપણાનું પણ એક સુખ છે. તે કરતાંયે ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'માયાના સુખ કરતાં આત્માનું સુખ અતિ અધિક છે અને તે કરતાં ય ભગવાનનું સુખ તો ચિંતામણિ છે.'

આમ, આત્માનું સુખ કાંઈ સામાન્ય નથી. સ્વામીશ્રી અક્ષર છે, બ્રહ્મ છે. તેથી તેમનું પોતાનું સુખ તો અતિ અધિક છે. વળી ભગવાનના સુખને સજાતિ છે. પોતે નિજાનંદી છે, બ્રહ્માનંદી છે. પણ તેથીયે વધુ - સ્વામીશ્રી પરમાનંદી છે.

આત્મા કરતાં પરમાત્માનું સુખ અનંત ને અપાર છે. અને સ્વામીશ્રી તે સુખ ભોગવે છે.

જરા સ્પષ્ટતા કરીએ. બે સ્વરૂપવાન વ્યક્તિ હોય તે પોતાનું રૂપ સુંદર હોવા છતાં એકબીજાના રૂપમાં લીન હોય છે. એકબીજાના રૂપનું સુખ લે છે. તેમ સ્વામીશ્રીની પાસે નિર્વાસનિકપણાનું, સદ્‌ગુણોનું નિજાનંદીપણાનું, બ્રહ્મત્વનું સુખ તો છે જ, પણ તેમને ભગવાનના સુખમાં વધુ માલ મનાયો

છે. તેઓ એક પરમાત્માના સુખના મહાભોક્તા છે, અને મહાદાતા છે. સર્વેને ભગવાનના સુખે સુખિયા કરવા જ આવ્યા છે. આવા સુખી ભક્તોને સ્વામીશ્રી સ્વયં યાદ કરી લે છે. આવો સમાજ એ સ્વામીશ્રીનું સર્જન છે.

પ્રસંગે પ્રસંગે પરઠાય છે કે પોતે ભગવાનને ક્યારેય ગૌણ થવા નથી દેતા, એ જ એમની પરાભક્તિનો - વિશ્વાસનો - દૃઢ આશરાનો અને દાસભાવનો પુરાવો છે.

સારંગપુરમાં બ્રહ્મદર્શન સ્વામીએ સ્વામીશ્રીને ઉકાળાપાણી કરતી વખતે પૂછ્યું કે 'બાપા ! બે દિવસ પહેલાં કથામાં મેં કહેલું કે મહારાજ વિના સ્વામીની કોઈ વેલ્યુ નથી આથી ઘણાને ખોટું લાગેલું... માટે જે કાંઈ સાચું હોય તે આપ અંતરથી કહો.'

સ્વામીશ્રી કહે, 'વાત સાચી છે. એક રતિ બિન એક રતિ કો...' શાસ્ત્રીજી મહારાજ કહેતા કે હું તો મહારાજનો બળદિયો છું. તેમાં ગૌણતાની વાત જ ક્યાં છે ? અક્ષર પર્યંતની વાત વચનામૃતમાં કહી છે. તમે કહ્યું તેમ મહારાજને લીધા વિના વેલ્યુ નથી, તે નથી જ. મૂળ, વેલ્યુ શબ્દ આવે છે એટલે ખરાબ લાગે, પણ શાસ્ત્રોમાં તો બધું કહેલું જ છે. માટે એવા ખોટા તંતમાં પડવાની કાંઈ જરૂર નથી. જ્યારે સર્વોપરી શ્રીજીમહારાજની મોટપ કહેવી હોય ત્યારે કોઈ અવતાર કે અક્ષરપર્યંત કોઈની ગણતરી નથી. મહારાજ વિના કોઈનું ચાલતું નથી.

'ગુણાતીતાનંદ સ્વામીએ વાત કરી કે સર્વેથી સંત મોટા, તે મહિમા બરાબર છે. પ્રકૃતિપુરુષ સુધી કોઈ અક્ષર આગળ મોટા નથી. પણ અક્ષરેય ભગવાને ધાર્યા એટલે મોટા છે. એ કાંઈ ભગવાનથી મોટા નથી. આ શબ્દો ધારવા જોઈએ. નહીં તો સમાસ ન થાય.'

સ્વામીશ્રી એકધારા બોલી રહ્યા હતા. પોતે શ્રીજીમહારાજ ભગવાનના સુખનું વર્ણન કરતાં કહે છે, 'તે ભગવાનનું જે એક નિમિષમાત્રનું દર્શન, તે ઉપર અનંતકોટિ બ્રહ્માંડના જે વિષયસુખ છે તે સર્વેને વારીફેરીને નાખી દઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે, તેટલું સુખ જો અનંતકોટિ બ્રહ્માંડના વિષયસુખ ભેળા કરીએ તો પણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહીં.' (સા.૧)

'વળી કોટિ કામદેવને પણ લજ્જા પમાડે એવા તે ભગવાન રૂપાળા છે.

અને અનંતકોટિ બ્રહ્માંડના પતિ છે. રાજાધિરાજ છે. સર્વના નિયંતા છે, સર્વના અંતર્યામી છે અને અતિશય સુખ સ્વરૂપ છે. અને જેના સુખની આગળ અનંત સ્વરૂપવાન સ્ત્રીઓને જોયાનું જે સુખ તે તુચ્છ થઈ જાય છે... તે સ્વરૂપ સદા દ્વિભુજ છે...!'

આ છે ભગવાનનો આનંદ ! અપાર સુખ ! આવા સુખને સ્વામીશ્રી અખંડ માણી રહ્યા છે. છતાંય ભગવાનને ક્યારેય ગૌણ થવા દેતા નથી.

એટલું જ નહીં, એ ઉપરાંત એમની બે ભાવના સતત રહે છે. એક તો ભગવાનને પ્રસન્ન કરવા છે. અને બીજું, એમનો અત્યંત દાસભાવ.

સ્વામીશ્રી જે કાંઈ કરે છે તે પોતા માટે તો નથી જ, પણ તે ભગવાનની પ્રસન્નતા માટે છે. પોતે પ્રસન્નતા મેળવવારૂપ ભક્તિ કરે છે. આપણે આવી ભક્તિ કરીએ તો આ ભક્તિ એવી સબળ છે કે તેનાથી કાળ-કર્મ-માયાની હકૂમત પણ તૂટી જાય !

ભગવાનના અપાર મહિમાને કારણે એમનો દાસભાવ તો અજોડ છે ! ભગવાન પોતે જ પોતાના મહિમાને પાર પામતા નથી, તેથી એમનો જે મહિમા સમજાય તેનાથી મુક્તોને દાસપણાની દૃઢતા થતી નથી. આવું અખંડ દાસત્વ સ્વામીશ્રીને સદાય રહે છે. આ બે ભાવને કારણે જ તેમને અખંડ આનંદ છે. આપણા ભાવ પૂરા કરે છે. આપણા ઉપર એમની અપાર દયા થઈ ગઈ છે અને આપણે ફાવી ગયા છીએ. આપણે પણ સ્વામીશ્રીમાંથી આ બે વાત જ શીખવાની છે.

આવા પ્રસંગો જાણી રાખીએ તો એમના સ્વરૂપમાં દૃઢતા થાય. પણ એ દૃઢતા ક્યારેય ઊખડે જ નહીં, તે માટે શું કરવું ?

લંડનમાં એક રિપોર્ટરે યોગીબાપાને પૂછેલું, 'આપના શિષ્યો આપને જળકમળવત્ કહે છે. તે આપ તેવા છો, તેની અમને શી રીતે ખબર પડે ?'

યોગીજી મહારાજે એ સચોટ જવાબ આપેલો : 'અમારા જેવા થાઓ, તો જ ખબર પડે !'

બસ, આપણે આજીવન દૃઢતા રાખવા એમના જેવા જ થવું પડે. ડૉક્ટર શું છે તે જાણવા માટે ડૉક્ટર થવું પડે. તેમ સ્વામીશ્રીને સમજવા અસલી સાધુ થવું પડે. આપણે નથી થયા તો પણ સ્વામીશ્રીની ક્રિયામાં દિવ્યતા, નિર્લેપતા, અન્ય સાધુ-મહાત્માથી અલગ આધ્યાત્મિક વ્યક્તિત્વનો અદ્ભુત

અનુભવ થાય છે, તો એવી સ્થિતિ પ્રાપ્ત કરીએ તો તો કેવો અનુભવ થાય !

નરતનધારી સ્વામીશ્રી કોઈ જુદી જ ભૂમિકાનું સુખ ભોગવી રહ્યા છે, તે એમની ચિત્તની પ્રસન્નત્તાથી સમજાય છે. જે કામ-ક્રોધ-લોભ-સ્વાદ કોઈ રીતે ટાળ્યા ટળે તેમ નથી, તે દોષો સ્વામીશ્રીના પ્રસંગથી નિર્મૂળ થઈ જાય છે. તો તેમનામાં તો તેનો અંશ પણ ક્યાંથી હોય ! આથી જ જ્યારે જોઈએ ત્યારે સ્વામીશ્રી હળવા ને હળવા જણાય છે.

*

સ્વામીશ્રી આ પૃથ્વી ઉપર શા માટે આવ્યા ? શું તેમને કર્મ ખપાવવાના છે ? કર્મ બાળવાના છે ? સાધના બાકી છે ? પંચદોષ-મહાશત્રુ ટાળવાના છે ? બ્રહ્મરૂપ થવાનું બાકી છે ? દેહથી પર થવા કે પોતાનું સ્વરૂપ ઓળખવા આવ્યા છે ? દુનિયાના ઘણા મહાપુરુષોએ પોતાનું ધ્યેય 'know thy self' કહ્યું છે. (તું તારી જાતને જાણ...) તો સ્વામીશ્રીનો પણ આ ધ્યેય છે?

ના. તેઓ અનાદિ સિદ્ધ છે. અક્ષરબ્રહ્મ છે. જેમ આપણે વિના પ્રયાસ દેહમાં રાચીએ છીએ, તેમ તેઓ વિના પ્રયાસ ભગવાનમાં રાચે છે. પોતે પૃથ્વી પર લાખો મુમુક્ષુઓને કર્મબંધનથી મુક્ત કરવા આવ્યા છે. ફક્ત મુક્ત નહીં, કર્મથી પર કરવા આવ્યા છે. તેમનામાં લૌકિક વાસનાની ક્યાં વાત છે ? અરે, એમનામાં આત્મબુદ્ધિ કરનાર સામાન્ય સત્સંગી હોય તો પણ તેની વાસના ભસ્મીભૂત થઈ જાય છે. એમની પ્રસન્નતા માટે જે કાંઈ થાય છે, તે ઉત્તમોત્તમ સાધના બની જાય છે. એમનાં દર્શને પંચમહાપાપ બળી જાય છે. ફરીથી યાદ કરી લઈએ, તેઓ બ્રહ્મ છે અને આપણને બ્રહ્મરૂપની પદવી આપવા આવ્યા છે.

એક વાર ગોંડળમાં સ્વામીશ્રીએ સભાને સંબોધતાં કહ્યું હતું : 'દેહ મૂકીને જેને પામવા છે, તે દેહ છતાં જ મળ્યા છે. આટલું જ સમજવાનું છે. આ જો ન સમજ્યા હોઈએ તો અધૂરું રહે. ઉપર દૃષ્ટિ જાય, હજી કાંઈ દેખાતું નથી એમ થાય. પણ છે એ મનાતું નથી ને પેલું (ઉપર) દેખાતું નથી. આ અક્ષરધામ જ છે. સમજાય તો આનંદ આવે. બીજું ધામ જોવા ક્યાં જવું ? આ છે એ જ અક્ષરધામ છે. અક્ષરધામમાં જ બેઠા છીએ. એનાથી દૂર જ નથી...'

સ્વામીશ્રીની વાણીમાં એવી સચ્ચાઈ હતી કે બેઠેલા સૌના હૃદયમાં આ વાતની પ્રતીતિ આવી. સૌએ અંતરના ઉમળકાથી વાત સ્વીકારી અને વધાવી

લીધી.

ઓરિસ્સાના ગવર્નર યજ્ઞદત્ત શર્મા રાજકોટમાં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. એમણે જન્મોજન્મની શાંતિ મળી જાય અને આ દેશમાં સંતભાવનાનો ઉદય થાય તેવા આશીર્વાદ માગ્યા.

સ્વામીશ્રી કહે, 'હમ ભગવાન કો પ્રાર્થના કરતે હૈં, શાંતિ મિલ જાય.'

તેઓ કહે, 'આપ ભગવાનસે પ્રાર્થના ક્યું કરતે હૈં ? ભગવાન તો આપકે ચરણોં કા દાસ હૈ !'

'નહીં નહીં, ભગવાન કે હમ દાસ હૈ !' સ્વામીશ્રી અપરાધભાવે બોલી ઊઠ્યા.

ગવર્નરે કહ્યું, 'સ્વામીજી ! ભગવાન તો ભક્ત કે બસ હોતે હૈં, આપકે બસમેં ભગવાન હૈ, આપ કહેંગે તો વહ જરૂર સુનેંગે. હમ પાપી લોગ ભગવાન સે કહ નહીં સકતે...'

અંતે સ્વામીશ્રી એક વાક્ય બોલ્યા, જેમાં ભગવાનને વશ વર્તાવ્યાનો વિજય ટંકાર હતો.

સ્વામીશ્રી કહે, 'હમ ભગવાન સે જરૂર કહેતે હૈં !' જેમને ભગવાન સાથે પ્રતિક્ષણ વાર્તાલાપ સધાતો હોય, એટલા નિકટતમ તો અક્ષરબ્રહ્મ વિના બીજું કોણ સંભવે ? આથી જ સ્વામીશ્રી સ્વસ્વરૂપમાં સહજતાથી સ્થિર રહે છે. જ્યારે ઘણા મહાન પરુષોને પોતાના સ્વરૂપમાં (આત્મામાં) સ્થિત રહેવા ભારે પ્રયાસ કરવો પડે છે. અંતે ઘણા તો નિષ્ફલ પણ જાય છે. જ્યારે સ્વામીશ્રીને તો શુદ્ધ બ્રહ્મની સ્થિતિ છે, ને રૂંવાડે રૂંવાડે ભગવાન છે. તે સિવાય બીજું કાંઈ છે જ નહીં.

હા, તે મેળવવા માટે આપણને પ્રશ્ન થાય કે પાત્રતા વિના આવું જબ્બર સુખ આપણને આપશે કેવી રીતે ? બ્રહ્મરૂપ થયા વિના પરબ્રહ્મ કેમ રહેશે ? એક લિટર દૂધની પાત્રતાવાળો હજાર લિટર દૂધ રાખશે ક્યાં ? ને જો તેઓ એ જ સુખ આપવા આવ્યા હોય તો બીજી બાજુ સ્વામીશ્રી લૌકિકસુખ માટે પણ આશીર્વાદ તો આપે જ છે. તો તેમની જીવનભાવના કઈ છે ? દીકરા-દીકરીના પ્રશ્નો, લગ્નના પ્રશ્નો, ખેતી-મકાન કે દુકાનના પ્રશ્નો, એડમીશન કે પરમીશનના પ્રશ્નો - આ બધા માટે આશીર્વાદ ને શુભેચ્છા તો આપે જ છે. આ જંજાળમાંથી મુક્ત કરવાને બદલે તેઓ પુષ્ટિ કેમ આપે છે ?

આ પ્રશ્નો ઉત્તર એક જ છે જે સ્વામીશ્રીએ આપ્યો છે.

ગોંડળમાં સ્વામીશ્રી કથા દરમ્યાન કહે, 'આ લોકનું આપનારા ઘણા મળશે, જા બચ્ચા, લડકા હો જાયેગા !' પણ એ તો જન્મમરણ ઊભું જ કરે ! લડકામાંથી બાપ ને બાપમાંથી લડકા !' વચ્ચે જ શ્રીકૃષ્ણ પંડ્યા કહે, 'આ મહાત્મા (સ્વામીશ્રી) લડકો ને મોક્ષ આ લોક-પરલોક બેય આપે !'

સ્વામીશ્રી તરત બોલ્યા, 'મૂળ તો મોક્ષ આપવા આવ્યા છે. એને બીજી સમૃદ્ધિ આપતાં આવડતું નથી. આ તો જે કાંઈ આપ્યું છે, તે તો તમને ઘૂઘરો આપ્યો છે. રમાડ્યા કરો. પણ છેવટે આ લોકમાં બંધાવા દેવા નથી. ધારે તો આ લોકનું આપેય ખરા. ને આપીને તોડી પણ નાખે. મૂળ તો એ કલ્યાણ કરવા આવ્યા છે.'

સ્વામીશ્રીની જીવનભાવના સ્પષ્ટ છે. હિત ખરું પણ આત્માનું. લૌકિક હિતથી થોડા સમય પૂરતી શાંતિ ખરી, પણ કાયમી શાંતિ માટે સ્વામીશ્રીનો આ ઉત્તર છે....

એમને પોતાને જ લૌકિક પદાર્થનો ભારે અણગમો છે, તો બીજાને કેમ આપે ? કઈ વસ્તુ-પદાર્થ કે વ્યક્તિની તેમને અપેક્ષા છે ? કોઈ જ નહીં. પણ આપણા કાર્યમાં-વ્યવહારમાં રસ લે છે, તે બાળકને ચૉકલેટ આપવા જેવું છે. બાળકને નિશાળે મોકલવા હાથમાં ચૉકલેટ આપવી પડે. ધ્યેય તો બાળક ભણે ને આગળ જતાં ડૉક્ટર-એન્જિનિયર થાય તે છે. તેમ સ્વામીશ્રી આ લોકમાં આપણું ક્ષેમકુશળ રહે તે માટે આશીર્વાદ આપે, પણ તેમનો ધ્યેય તો એ છે કે હૃદયના ખૂણે ખાંચરેથી જગત કાઢી નાખી, સર્વત્ર ભગવાનનું સુખ જ પહોંચાડવું છે. યેન કેન પ્રકારેણ ભગવાન સિવાય કાંઈ રહેવા દેવું નથી.

૨૫,૦૦૦ વૉલ્ટ ૨૨૦ વૉટના વીજળીના બલ્બમાં ન ઉતારાય. એને તો ૨૨૦ વૉલ્ટ જ જોઈએ. તો જ લાઇટ(પ્રકાશ)નું સુખ આવે. તેમ સ્વામીશ્રી આપણને સજાતિ થયા છે, વ્યવહારમાં ભળ્યા છે. કૂવામાં ડૂબતી વ્યક્તિને કાઢવા જે કૂવામાં પડ્યો હોય તે બહારથી તો ડૂબી રહ્યો છે, એમ જ લાગે. પણ તે તારવા આવ્યો છે. તેમ સ્વામીશ્રી આપણને વ્યવહારમાં-જગતમાં ભળેલા દેખાય છે, તે જગતથી પર કરવા માટે આવ્યા છે. દેહભાવ બતાવતા જાય, બોલે-ચાલે-ભળે-હસે-રમે પણ એમ કરતાં ભગવાન આપણા હૃદયમાં સ્થાપતા જાય. કેવો સરળ ઉપાય ! જીવ ઉપર કેવી દયા !

3. ભવરોગ નિષ્ણાત

સ્વામીશ્રીનો યથાર્થ મહિમા જાણવા માટે ભવરોગ અને જન્મ-મરણ શું છે ? લખચોરાશી અને ગર્ભવાસ શું છે ? અહંમમત્વ અને મૃત્યુની વેદના શું છે તે જાણવું જ પડે, અનિવાર્ય છે.

ભવરોગમાંથી મુક્તિ એ પાંચ-પચ્ચીસ-પચાસ વર્ષનો મામલો નથી. એ તો અનંત જન્મોનાં બંધનની વાત છે. દરેક જન્મે વિવિધ દેહ ધરીને સંસારની અપાર પીડા કીડાની જેમ ભોગવવી પડે છે. દરેક દેહમાં ગર્ભવાસમાં લટકીને પારાવાર વેદના જીવે વેઠી છે, જે અજ્ઞાનવશ ભુલાઈ ગઈ છે. અહંમમત્વ અને હૃદયગ્રંથિએ યુગો યુગોથી જીવને કેદ કરીને રાખ્યો છે. તે રાગ, દ્વેષ, મારું, તારું ઊભું કરી દરેક દેહમાં ત્રિવિધ તાપથી જીવને બાળ્યા જ કરે છે.

આ એટલી ગંભીર વાત છે કે જો એની લેશ પણ અનુભૂતિ થાય તો ધ્રૂજી જવાય. જીવ સાચા સંતની સંગત વિના માયાનાં આ બંધનોમાંથી નીકળવા જેટલાં ફાંફાં મારે છે, તેટલો વધુ ને વધુ ખરડાય છે અને એમ કરતાં મનુષ્યનો અમુલ્ય દેહ પણ ખોઈ નાખે છે. ધીરે ધીરે મૃત્યુની ઘડીઓ આવી જાય છે...

અંત સમયે રોગ પીડે-દેહ ગંધાય-દેહ મૂકવો હોય તો પણ ગંધાતા મળમૂત્રમાં સડવું પડે... જીવે માનેલી સગાંની, ઘરની, માલ-મિલકતની, અરે, પુત્ર અને પત્નીની બધી જ હૂંફ ધીરે ધીરે આકરી લાગવા માંડે. કારણ કે આ બધું જ અહીં જ રહી જશે, ને મારે એકલા જ જવાનું છે, એ જ્ઞાન તેને મરણપથારીએ ફૂટે છે. જીવના ત્રાસમાં આમ ઉમેરો થયા કરે છે. આટલું ઓછું હોય તેમ તે એકલો પડે ત્યારે તેનાં પાપકર્મો તેને વીંટળાઈ વળે છે. તેથી તેનાં સુખ-ચેન પણ ઊડી જાય છે. જેમ દિવસે કરે, તે રાત્રે સ્વપ્નમાં દેખાય, તેમ આખી જિંદગી કર્યું હોય તે કર્મોનો સરવાળો ગુણાકાર થઈને

નજર સામે નાચતો રહે....

કાંઈ જ શુભ કર્યું નથી, તેથી બળ ને હિંમત ક્યાંથી આવે ? મૃત્યુનો સામનો કેવી રીતે કરે ?

મૃત્યુ સમયે થતી વેદનાની બીક, સગાં સ્નેહીઓના વિયોગની બીક, જીવનની વિદાયની બીક, ઉપાર્જિત કરેલી સંપત્તિના વિનિયોગની બીક, અને 'હવે પછી શું ?' એવા અજ્ઞાતની બીક !

હા, અસ્થિરતા, પરવશતા, લાચારી અને અજ્ઞાનજન્ય વહેમમાં ઘેરાયેલો માનવી મૃત્યુ પથારીએ તરફડે છે. અનિવાર્ય મૃત્યુને સહજતાથી સ્વીકારી શકતો નથી.

શ્રીહરિ કહે છે : 'આ જીવને અંત વેળાએ આધિ, વ્યાધિ અને ઉપાધિ પ્રગટ થઈ આવે છે.' આ છે અંત સમયનું બિહામણું ચિત્ર !

જેમાંથી કોઈપણ - ભલેને તમારી જીગરજાન પત્ની હોય કે તમારો મિત્ર- કોઈપણ, કોઈ રીતે, થોડાક પણ બચાવી શકે તેમ નથી, તે હકીકત છે.

આમાંથી છોડાવે તે કેવા સમર્થ હશે ! કેવા મૃત્યુથી પર હશે ! પ્રમુખસ્વામી આવા પુરુષ છે. ભવરોગની આટલી ભયંકરતા ભગવાન અને સંતની ઉપાસના-આશરો અને ભક્તિથી એક સેકન્ડમાં ઉડાડી મુકાય છે. બસ, સ્વરૂપનિષ્ઠાની પ્રતીતિનો - એક સેકન્ડના સમયનો સવાલ છે. એક જ ક્ષણમાં ઘુઘવતો સમુદ્ર સુકાઈ જાય તેવું, અરે, એક જ ક્ષણમાં હિમાલયની જગ્યાએ મેદાનો બની જાય તેવું આ આશ્ચર્ય છે.

સ્વામીશ્રીએ સેંકડો-હજારોને આવી મુક્તિનો અમૃતમય આસ્વાદ ચખાડ્યો છે. આ વાત દેખાય-મનાય ને પ્રતીતિ આવે ત્યારે આપણને પણ છતી દેહે મુક્તિનો આનંદ છલકાઈ છલકાઈને બહાર આવી જાય. વિષય-વાસના દોષ જેવાં બંધનો રહે જ નહીં, તે છૂટો ને હળવો બની જાય.

કેવું સુંદર પરિણામ ! મૃત્યુનો આ અનુભવ તો આહ્લાદક છે જ, પણ સ્વામીશ્રી તેનું જીવન પણ સુંદર બનાવી દે છે. વ્યસનમુક્ત જીવન, ઉચ્ચજીવનની ઉત્તમ સમજ, આબાલવૃદ્ધ-બાઈભાઈ-નાનામોટા-ગરીબતવંગર દરેકમાં પરસ્પર પ્રીતિ અને એકતા, સંસ્કાર અને જ્ઞાનની ઈચ્છા, તે માટેની સાધના અને સદાચાર સાથે સંયમ ! આવા ગુણોથી જીવનમાં સુગંધી આવી જાય છે. જીવવાની મઝા પડે છે. જીવતા છતાં કલ્યાણ થઈ ગયાનો કેફ રહ્યા

કરે છે.

આ માટેની કેટલીક સાધના-ભવરોગની અગત્યની દવા આ પ્રમાણે છે :

- સત્પુરુષ, પ્રમુખસ્વામી મહારાજમાં દૃઢ પ્રીતિ અને આત્મબુદ્ધિ.
- તેમને નિર્દોષ ને સર્વજ્ઞ જાણી અંતરાય ટાળવો,
- મન, કર્મ, વચને સેવા કરવી, જેથી તેમના ભાવને પામી જવાય.
- સંત સમાગમ કરવો.
- આજ્ઞા મન, કર્મ, વચને પાળવી.
- સંતના દાસ થઈને રહેવું.

સ્વરૂપનિષ્ઠા-એક પ્રતીતિ-એક આશરો-આ શ્રેષ્ઠ ને અકસીર દવા છે.

આટલું જ કરવાથી જીવન શોભી ઊઠે, ને મૃત્યુ મહેંકી ઊઠે. મોતની ભયંકરતા ટળી જાય ને સમગ્ર અસ્તિત્વમાં આનંદ આનંદ ઊભરાયા કરે.

સ્વામીશ્રી પાસે એકવાર ઍટમબૉમ્બની ભયંકરતા વિશેની વાત નીકળી. કોઈ બોલ્યું, 'બાપા ! ઍટમબૉમ્બ ફૂટશે તો શું થશે ?'

સ્વામીશ્રી સહજ નિર્લેપતાથી બોલી ઊઠ્યા : 'બધાનું થશે એ આપણું થશે ! જીવતા લાખના ને મુવા સવા લાખના ! દેહ પડશે તો ભગવાનના ધામમાં બેસશું. એમાં ચિંતા શાની ?'

મૃત્યુનો ભય ન હોય, ને ભગવાનની આવી મસ્તી હોય તે પોતાના શિષ્યોને કેટલી ધરપત-આશ્વાસન અને નિર્ભયતા આપી શકે !

Everything comes and goes, so why grasp or cling? Why warry or cringe. Why live in fantasy of what might happen?'

અહીં આપણે એ જોઈએ કે સ્વામીશ્રીએ કેવી કેવી રીતે ભક્તોના અંતકાળ શોભાવ્યા છે તેની વાતો કરીએ...

'હું અક્ષરધામમાં જાઉં છું.' બરાબર રાતના ૨.૧૦ વાગ્યાના સુમારે અસ્પષ્ટ ગોઠડીમાં એક અને અંતિમ વાક્ય એમનાં પત્ની સાંભળી શક્યાં. અને કલકત્તાના અજમેરા કુટુંબનો સુપુત્ર રાજેન્દ્રકુમાર (અકુ) ધામમાં જતો રહ્યો !

સ્વામીશ્રીએ તેને મળવા માટે ખાસ દિલ્હીથી કલકત્તા જવા પ્લેનમાં પ્રયાણ કર્યું, ત્યારે પત્રવાંચન બાદ અનિમિષ નયને કંઈક પ્રાર્થના કરી. સ્વામીશ્રીના મુખ પર રોજ કરતાં કંઈક જુદું- અસાધારણ જણાતું હતું. મૌન

રહસ્યભર્યું જણાતું હતું.

કલકત્તા ઍરપૉર્ટ પર ઊતરતાં જ સ્વામીશ્રી કહે, 'અકુ બીમાર છે, તો આપણે પહેલાં ત્યાં જઈ આવીએ. તેના ઘરે લઈ લો...' છેક દિલ્હીથી સ્વામીશ્રીને આ રઢ હતી.

પરંતુ સ્વામીશ્રીના પરિશ્રમભર્યા વિચરણ અને મુખ પર વરતાતા થાકને જોતા અકુના કાકા કિશોરભાઈ તથા અન્ય સગાંઓએ કહ્યું, 'બાપા, આપ થાક્યા છો, કાલે સવારે નિરાંતે અકુને મળાશે. તેને પણ આપને મળવાની ને કલાક વાતો કરવાની તીવ્ર ઇચ્છા છે...' સ્વામીશ્રી કાંઈ જ ન બોલ્યા.

પણ એ ઘડી આવે તે પહેલાં તો સ્વામીશ્રીને દિવ્યદેહે મળી લીધું હોય અને સ્વામીશ્રીએ અકુને મહારાજને સોંપી દીધો હોય તેમ અકુ મધરાતે ધામમાં ચાલ્યો ગયો ! જાગતાં વેંત સ્વામીશ્રીને આ સમાચાર મળ્યા ત્યારે એમની આંખો ભીંજાઈ ગઈ. સ્થૂળદૃષ્ટિએ ન મળ્યાનો અફસોસ વ્યક્ત થતો હતો. જોકે આત્મા સાથે આત્માનું મિલન તો થઈ જ ચૂક્યું હતું....

સ્વામીશ્રી તેના ઘરે પધાર્યા ત્યારે મૃતદેહને જોતાં બોલી રહ્યા હતા, 'એ તો બહુ ભાગ્યશાળી હતો, ભજન કરતો કરતો ગયો છે. અમારે એને મળવાની ખૂબ જ ઇચ્છા હતી. પણ મળી ન શકાયું. ભલે દેહે કરીને ન મળાયું.., આત્માએ મળી લીધું છે... અમારો ને એનો આત્મા એક થઈ ગયો છે...' પછી કહે, 'એનો ચહેરો એવોને એવો જ સૌમ્ય છે. એનું મુખ અત્યારે પણ એવું જ છે. દિવ્ય તેજ સાથે ગયો છે...'

દેહ સામે જોતાં ભાગ્યે જ કોઈને અણસાર આવે કે અકુને આટલું ભયંકર કૅન્સર હશે ! કારણ, આવી બીમારીમાં પણ તે સ્વામીશ્રીથી છૂટો પડ્યો જ નહોતો. આપણી એવી દિવ્યદૃષ્ટિ નહીં, કે જેથી આ બધું જોઈ શકીએ...

* * *

દોલતભાઈ દેસાઈ મુંબઈના નિષ્ઠાવાન હરિભક્ત હતા. 'જયકોચ' જેવી માતબર પેઢી અને લાખો રૂપિયાની સંપત્તિએ તેમને જે શાંતિ નહોતી આપી, તે શાંતિ તેમને સ્વામીશ્રીએ આપી હતી. પોતે બુદ્ધિશાળી સદ્‌ગૃહસ્થ, પણ તેમના યુવાન પુત્ર અને પુત્રીનું એક અકસ્માતમાં અવસાન થયું, ત્યારે તેમને ખૂબ જ આઘાત લાગ્યો હતો. તે સમયે સત્સંગ નહીં, તેથી એ આઘાત જીરવી ન શક્યા. ને તેમને પણ બીમારી આવવા લાગી. એ આઘાતમાંથી

બહાર આવવા જ સત્સંગનો સહારો મળ્યો. પણ શરીરને તો ઘણું જ નુકસાન પહોંચી ચૂક્યું હતું. પણ એક વાત બની ગઈ... પ્રમુખસ્વામી મહારાજમાં તેમને ૧૦૦ ટકા દૃઢ પ્રતીતિ થઈ ગઈ. સ્વામીશ્રી પણ અવારનવાર તેમની પાસે જઈ તેમને બળ પ્રેરતા. એવામાં અંતઘડી આવી ગઈ. તેઓનાં ફેફસાં અચાનક નિષ્ક્રિય બની ગયાં. તેમને મુંબઈની હિન્દુજા હૉસ્પિટલમાં દાખલ કર્યા. એમની આંખો સિવાય બીજાં તમામ અંગો જડ થઈ ગયાં હતાં. આવા સમયે પણ તેમના મોં પર દુઃખની કોઈ રેખા ફરકતી ન હતી.

સંતો જ્યારે જ્યારે પણ આવતા ત્યારે તેઓ દોલતભાઈને સામી દીવાલ પર રાખેલી સ્વામીશ્રીની છબિને ટગર ટગર નિરખી રહેલા જોતા. સિદ્ધેશ્વર સ્વામીએ સ્વામીશ્રીને ગોંડળમાં તેમની અંતિમ ઇચ્છા જણાવી. અને બીજે જ દિવસે સ્વામીશ્રી રાજકોટ થઈને પ્લેન દ્વારા મુંબઈ આવી પહોંચ્યા.

દોલતભાઈ રેસ્પિરેટર (કૃત્રિમ શ્વાસોચ્છ્વાસનું મશીન) પર હતા. સ્વામીશ્રી 'જય સ્વામિનારાયણ' કહેતાં એમના પલંગ પર બેસી ગયા. આ મિલન અને દોલતભાઈની ઊભરાતી અધિરાઈ તો અવર્ણનીય ઘટના હતી. દોલતભાઈને તો જાણે અમૃતની હેલી થઈ, અને નવજીવન મળ્યું. ભલે વાચા ન હતી, પણ તેમના ભક્તિભાવે-પ્રેમભાવે-દૃઢ વિશ્વાસે સ્વામીશ્રીને ભીંજવી દીધા. દોલતભાઈની મૂક પ્રાર્થના ઉકેલીને સ્વામીશ્રીએ કહ્યું, 'હવે મહારાજ ધામમાં લઈ જશે. તો મહારાજની હજૂરમાં બેસી જાવ.'

અને બે જ દિવસમાં દોલતભાઈએ દેહ મૂકી દીધો...

સ્વામીશ્રીના શબ્દોમાં ભગવાનની હૂંફ હતી. એ કેવળ લૂખ્ખું આશ્વાસન નહોતું, અપાર સુખ આપવાની ગેરંટી હતી.

* * *

જીટોડિયાના પરમ ભક્ત ઈશ્વરભાઈને સ્વામીશ્રી અંત સમયે દર્શન આપવા પધાર્યા હતા. ઈશ્વરભાઈને કહેલું, 'હવે આપણે બધું કરી લીધું છે. તમારી ઇચ્છા હતી, એટલે આ ઠાકોરજી આવી ગયા...' એમ કહી લાલજી મહારાજનાં પ્રેમથી દર્શન કરાવ્યાં.

કહે, 'હરિકૃષ્ણ મહારાજ સાક્ષાત્ દર્શન આપે છે, એ જ તમને સુખિયા કરશે...' એમ કહેતાં ચમચી વડે જાતે જ જળ પાઈને ધામમાં લઈ જવાનો કોલ આપ્યો. મહોર મારી દીધી. છેલ્લે, 'સાક્ષાત્ ભગવાન લેવા આવશે ને

સુખ આવશે.' એમ કહી ઊભા થયા.

થોડા દિવસે સ્વામીશ્રી અટલાદરા પહોંચ્યા. ત્યાં સમાચાર આવ્યા કે ઈશ્વરભાઈ ધામમાં ગયા છે !

* * *

મોજીદડના રામભાઈને મોટી ઉંમરે કેન્સરનું દર્દ થયું. તેમની અંતિમ ઈચ્છા હતી કે સ્વામીશ્રીનાં દર્શન થાય. સ્વામીશ્રીને જાણ થતાં જ સંતો સાથે મોજીદડ પધાર્યા. ત્રણ દિવસ રહ્યા. ખૂબ સુખ આપ્યું. અંતે સ્વામીશ્રીએ ઠાકોરજીનાં દર્શન કરાવીને કહ્યું, 'તમે આલોક-પરલોકનું બેય કર્યું છે, હવે આ મૂર્તિમાં વૃત્તિ રાખજો. ઉત્તરાયણ પછી મહારાજ ધામમાં લઈ જશે.' એમ કહી પોતે ઓઢેલું ગાતરિયું તેમને ઓઢાડી દીધું.

સ્વામીશ્રી કહે, 'હવે આપણે આજથી ભગવું ઓઢી લીધું છે. હવે સંસાર-વહેવારથી વિરક્ત થયા. ભજન કરવું. મહારાજ ધામમાં લઈ જશે...'

અને ઉત્તરાયણના બરાબર દસ દિવસ પછી રામભાઈએ સૌ સગાંને બોલાવી લીધા. ધૂન-ભજન કરાવ્યાં. સ્વામીશ્રીનું વસ્ત્ર આખા શરીરે ફેરવ્યું, માથે બાંધ્યું અને બોલ્યા, 'હવે મહારાજ ધામમાં લઈ જશે...' એ જ દિવસની વળતી સવારે રામભાઈ ધામમાં જતા રહ્યા. આ પ્રસંગે સાક્ષાત્ શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને પ્રમુખસ્વામીનાં દર્શન મુકુંદભાઈ, પીતામ્બરભાઈ મિસ્ત્રીનાં પત્ની અને ઘનશ્યામભાઈનાં દીકરીને જુદા જુદા સમયે થયાં. સૌને ધન્યતાનો અનુભવ થયો.

* * *

મુંબઈના સુરેન્દ્રભાઈ દલાલને સ્વામીશ્રીએ રૂબરૂ આશીર્વાદ આપ્યા. અઠવાડિયા બાદ સ્વામીશ્રી લોનાવાલા પધાર્યા. ત્યારે તેમણે ફોન કર્યો ને ફરી આશિષ માગ્યા.

સ્વામીશ્રી કહે, 'હવે શાંતિ રાખજો. આપણે બધું કાર્ય પૂરું કરી લીધું છે. હવે મહારાજ અને સ્વામીની સેવામાં બેસવું છે. તેમને સંભારજો. બીજો વિચાર ન રાખતા. શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજ આવીને ધામમાં તેડી જશે...! આ પછી જાણે પરમિટ મળી ગઈ હોય તેમ સંબંધીઓ વચ્ચે ધૂન-ભજન કરતાં કરતાં તેઓ બીજે જ દિવસે અક્ષરનિવાસી થઈ ગયા...

* * *

પરમ ભક્તરાજ હર્ષદભાઈ દવેને હૉસ્પિટલમાં દાખલ કર્યા છે. આ વાતની જાણ સ્વામીશ્રીને ભાંપાલમાં થઈ. સ્વામીશ્રી તરત મુંબઈ આવી પહોંચ્યા. શાસ્ત્રીજી મહારાજના લાડીલા અને સંપ્રદાયના સાહિત્યનિર્માણના પાયારૂપ, નિષ્ઠાવાન અને સત્સંગનો શિરસાટે પક્ષ રાખનાર હર્ષદભાઈ સંસ્થાની અનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા. તેમની સેવાઓ બિરદાવી. એમની અંતિમ ઇચ્છા પૂરી કરીને ગોંડળ પધાર્યા. થોડા જ દિવસમાં તેઓ અક્ષરનિવાસી થયા...

મુંબઈના બાલુભાઈ બ્રહ્મભટ્ટ સંપૂર્ણ બેભાન અવસ્થામાં હતા. સ્વામીશ્રી હૉસ્પિટલમાં જોવા પધાર્યા, ત્યારે તેમને બે-ત્રણ વાર જોરથી જય સ્વામિનારાયણ કહ્યા ને બોલ્યા. 'આપણે મળવાની ઇચ્છા હતી તે દૃષ્ટિ દ્વારા મળી લીધું. જોગી બાપાને સંભારીને 'જય સ્વામિનારાયણ' કહેજો. બધું સુખ લીધું છે, તે સંભારજો. ભગવાનમાં વૃત્તિ રાખજો. તમને મળવું હતું તે અંતરથી મળી લીધું. મહારાજ સુખિયા કરશે.'

આ મિલન પછી બીજે જ દિવસે બાલુભાઈ ધામમાં ગયા !

* * *

રાજકોટમાં એક વાતના સંદર્ભમાં સ્વામીશ્રીએ સુરેન્દ્રસિંહને કહ્યું હતું, 'અમને તો અક્ષરધામમાં હેલિકૉપ્ટર લઈને તેડી જતા આવડે છે.'

લ્યુટનના હર્ષદભાઈના નાનકડા મિતુલે કુતૂહલ વશ સ્વામીશ્રીને પૂછ્યું, 'Where is Akshardham ?' (અક્ષરધામ ક્યાં છે ?)

સ્વામીશ્રીએ તરત જ કહેલું, 'This is Akshardham.' (આ અક્ષરધામ છે !)

'મને રૉકેટમાં બેસાડીને લઈ જશો ?'

'હા, લઈ જઈશું.' સ્વસામર્થ્યના કેવા શ્રદ્ધાપ્રેરક ઉદ્‌ગારો !

આ પ્રસંગોની વાતો મનાય છે ? બહુ મોટી વાતો બહુ સહજ રીતે બની ગઈ છે. એટલે એમ લાગે કે સત્પુરુષને તો બોલવું પડે. આશ્વાસન આપવું પડે. અથવા તો આ કોઈ મન મનામણાં છે. ફોસલાવવાની વાત છે કે પછી લોકાચાર છે. જે અમંગળ થઈ રહ્યું છે, તેને મંગળતાનો ઓપ આપવા માટે સ્વામીશ્રી બોલે છે. બળ ને ધીરજ રહે તે માટે બોલાયું છે.

પણ એમ નથી. સ્વામીશ્રીના શબ્દો એ ખાલીખમ આશ્વાસન નથી. નક્કર

પરિણામ લક્ષી ઘટના છે. સાચા સુખની ગેરંટી છે. પ્રતીતિનો રણકાર છે.

એક વાત સમજીએ કે સ્વામીશ્રી પોતાની માયા પરની સ્થિતિ પરથી બોલે છે. બીજું, સ્વામીશ્રીને દંભ-જૂઠ ક્યારેય ગમતું નથી. પોતે અત્યંત પ્રામાણિક છે. જૂઠથી તેમને જે ત્રાસ થાય છે, તે જ બતાવે છે કે તેમના આ ઉદ્‌ગારો સામર્થ્યમાંથી આવેલા ઉદ્‌ગારો છે. એમને કોઈ માન નથી. માન માટે પોતે ક્યારેય કાંઈ જ કર્યું નથી. એમને એક ભગવાન જ પ્રધાન છે. તેમને બનાવટ કરવાનું શું કારણ હોઈ શકે ? પોતે ત્રણ ગુણ, ત્રણ દેહ, ત્રણ અવસ્થાથી પર છે. કાળ, કર્મ, માયાથી પર છે. એ સત્ય હકીકત છે. વાતોનો વિષય નથી. સ્વામીશ્રીનું નિષ્કલંક-અખંડિત બ્રહ્મચર્ય જુઓ કે એમનામાં નાન્નામાં નાના ધર્મનિયમ પાલનની દૃઢતા જુઓ....

આ ભૂમિકા સામાન્ય માણસોની શંકા દૂર કરે છે.

સ્વામીશ્રી વચનસિદ્ધ છે. પૂર્ણ જ્ઞાની છે, સત્-અસત્‌ના પરમવિવેકી છે, સત્યવક્તા છે અને સૌથી વધુ તો તેમને ભગવાનનો અખંડ સંબંધ છે. તેથી જ ભગવાનનો અખંડ સંબંધ કરાવી આપે છે. સ્વામીશ્રીની રહેણીકરણી એજ પરમ સુખનો અખંડ અનુભવ છે. આ સમજે તેને વિશ્વાસ આવી જ જાય... વિશ્વાસની આંખે સ્વામીશ્રીને જોવા એ અનુભવ કર્યા તુલ્ય જ છે.

શ્રીજીમહારાજ કહે છે કે અંતસમે આત્મનિષ્ઠા કાંઈ કામમાં નથી આવતી. અંતસમો મહા વિકટ છે. બહુબહુ તો આ લોકમાં દેહ રહે ત્યાં સુધી માન-અપમાન, સુખદુઃખમાં સ્થિર રહે, તો પણ કદાચ આત્મભાવની કેવી અને કેટલી સમજ છે, તેના પર આત્મનિષ્ઠાની ઉપયોગિતા અવલંબે છે.

પણ અંતકાળ-મૃત્યુસમય તો સમુદ્રજેવો! તે તો ભગવાનની ઉપાસનારૂપી વહાણથી જ તરાય. અને આવી ઉપાસના સ્વામીશ્રી જેવા ભવરોગના નિષ્ણાત સંત જ સિદ્ધ કરાવી શકે !

૪. ગુણાતીત સમાજના નેતા

આ ગુણાતીત સમાજ છે.

અને આ સમાજને સ્વામીશ્રીથી ઓછું - સ્વામીશ્રી સિવાય કોઈ જ ખપતું નથી.

કેવો છે આ સમાજ ? પ્રેમાનંદ સ્વામી દ્વારા શ્રીજીમહારાજ કહે છેઃ 'સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત !' સર્વે અક્ષરના મુક્તો છે. અથવા અક્ષરના મુક્તની પંક્તિમાં ભળવાની ઇચ્છા વાળા છે.

અને છેવટે મહારાજ ગ.પ્ર. ૨૪માં કહે છે તેમ કાંઈ નહીં તો આ સમાજનો, એટલો મહિમા તો જરૂર છે કે (જીવ) સત્સંગમાં પડ્યો છે, તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે. આવા પૂર્વનાં બીજબળવાળાં સત્સંગી-બાઈભાઈથી આ સમાજ ભરચક છે. તેને ગુણાતીત સંત વિના સુવાણ ક્યાંથી થાય ?

આ સમાજની બીજી વિશેષતા એ છે કે આવા સંત મળ્યા - પ્રગટ ભગવાન મળ્યા તો, તેમને માટે હોમાઈ જવું છે, સમર્પિત થઈ જવું છે એ ભાવના છે. આ ભક્તોને સ્વાર્થ માટે કશું જ જોઈતું નથી. લૌકિક આકાંક્ષાથી રહિત છે. જો તેમને પસંદગી કરવાની હોય કે એક તરફ સ્વામીશ્રી છે ને બીજી બાજું બધું જ છે. બેમાંથી એક મેળવવાનું છે ને બીજું ગુમાવવાનું છે. તો શું ગુમાવશો ? સૌ તમામ લૌકિકલાભ ગુમાવીને સ્વામીશ્રી રાખશે! આવા હરિભક્તો-સંતો હોય તો તેમને બ્રહ્મવિદ્યા ભણાવવા ગુરુ કેમ તૈયાર ન હોય ?

આ ભક્તોએ ગુરુ માટે હંમેશાં મનુષ્યભાવમાં દિવ્યભાવ રાખ્યો છે. ભોળપણ ને ડહાપણને વિસારી દીધું છે. સર્વ કાંઈ દિવ્ય જ માન્યું છે. ભલે પોતામાં કોઈક દૈહિક હેયઉપાધિ હોય, પણ અંતરથી ઘણો જ નિર્વાસનિક સમાજ છે. જે સમાજને દેહભાવથી આગળ-આત્મભાવ તરફ જવું છે. તે જ

વસ્તુ જોઈએ છે. તો આવા સમાજ ઉપર સ્વામીશ્રી કેમ વારી ન જાય ?

આ ભક્તોને પરચા-પરચી ખપતા નથી. યોગ, વિદ્વત્તા કે ઐશ્વર્ય પણ ખપતા નથી. કારણ કે બધા પ્રગટ સુખના જ પ્યાસી-ઉપાસી છે. તેથી દરેકમાં એવી નિશ્ચયની પરિપકવતા આવી છે કે પ્ર.૩૫ પ્રમાણે અને પ્ર.૫૦ પ્રમાણે સૌ આત્યંતિક કલ્યાણનું જ જતન કરે છે. અક્ષર અને પુરુષોત્તમની ઉપાસનામાં સૌને પ્રતીતિ છે. નાના-મોટા કોઈને તેમાંથી પ્રીતિ કે પ્રતીતિ ગમે તે થાય છતાં છૂટતી નથી !

ભલે એ હરિભક્તો બુદ્ધિમાં સામાન્ય હોય, લૌકિક, આર્થિક દુઃખો પ્રારબ્ધવશાત્ ભોગવી રહ્યા હોય, પણ એ લોકો એવી પ્રતીતિ ધરાવે છે કે સ્વામીશ્રી જેવા પુરુષ દુનિયામાં નહીં જડે... આને કારણે ભક્તોમાં એક Topmost qualityનું (ઉચ્ચતમ ગુણવત્તાનું) નિર્માણ થયું છે.

અનેક જન્મ સાધનો કરીને શ્રદ્ધા-ભક્તિને ઉંબરે લાવીને મૂકી દીધી હોય તેવો સમર્થ આ ભક્ત સમુદાય છે. હવે ત્યાંથી એ શ્રદ્ધા-ભક્તિને નિર્ગુણ કરીને અંતરમાં પધરાવવાનું કામ ગુણાતીત સંત વિના ક્યાંથી સંભવે ? આથી જ આ સમાજને ગુણાતીત સંત વિના - પ્રમુખસ્વામી મહારાજ વિના ઓછું-કપાતું-ઘટતું કાંઈ જ ક્યારેય ખપે તેમ નથી.

તો સામે સ્વામીશ્રી પણ એવા જ સમર્થ-અસલી સંત-અનાદિ નેતા-ગુણાતીત સંત છે. અને આથી જ બંને વચ્ચે એક અદ્‌ભુત સંવાદિતા સધાયેલી આપણને અનેક પ્રસંગે જોવા મળતી રહે છે.

સ્વામીશ્રીમાં એવાં કયાં તત્ત્વો-સદ્‌ગુણો-લક્ષણો છે કે એમની નિરાળી સાધુતા આવી ઉત્તમ સમજણવાળા ગુણાતીત સમાજને સ્પર્શે છે ?

પ્રથમ તો એ કે સ્વામીશ્રીનાં દર્શન માત્રે ભક્તો અનુભવી રહે છે કે આ પુરુષ મળ્યા છે, તેથી મારો માયાના ભાવથી મોક્ષ થઈ ચૂક્યો છે ! લોકોના અંતરમાં આવી પ્રતીતિ જન્માવવી એ આત્મારામ ને પૂર્ણકામ સંત સિવાય ક્યાંથી સંભવે ?

૧૯૮૪માં સંતોએ સ્વામીશ્રીને એક પ્રશ્ન કર્યો હતો.

હા, એ ખરું કે આવી પ્રતીતિ માટે ભક્તોને વર્તન સિવાય કાંઈ જ અડે તેમ નથી. ગમેતેવા ગુણવાન, રૂપવાન, સત્તાવાન, વિદ્વાન, ઐશ્વર્યવાન કે કલાવાનનો આ સમાજને કોઈ ભાર પડતો નથી, વર્તન છે ? દેહભાવથી પર

છે ? બ્રહ્મરૂપે વર્તે છે ? આ સમજણને કારણે આપણે ક્યારેય ભેખડે ભરાતા નથી. અને સ્વામીશ્રીના બ્રહ્મમય, ભગવાનમય વ્યક્તિત્વની મજા માણતા રહીએ છીએ. એમનું વ્યક્તિત્વ જ એવું છે કે આવાં કાંઈ માધ્યમોની એમને જરૂર જ પડતી નથી !

અમે ૧૯૮૬માં 'અક્ષરધામ' પ્રોજેક્ટ માટેની વિદેશયાત્રાએથી પાછા ફર્યા ત્યારે બોચાસણમાં કાર્તિકી પૂનમના સમૈયે સ્વામીશ્રીને ભેગા થયા. અક્ષયમુનિ સ્વામીએ અનેક પ્રકારની ટેકનોલોજીની વાતો કરી. ત્યારે સ્વામીશ્રી આશીર્વાદ આપતાં બોલ્યા, 'આ સંતોએ જે ત્યાંની ટેકનોલોજીની વાતો કરી, તેમાં અમે કાંઈ સમજ્યા નથી. અમારી ટેકનોલોજી તો આ છે 'આ દેહ નાશવંત છે ને આત્મા અમર છે. બીજું કાંઈ સમજ્યા નથી. જોવા જેવા ભગવાન ને સંત છે. આ દેહે કરીને પ્રભુ ભજવા છે...'

સ્વામીશ્રીની ભાવનામાં ભારતીય તત્ત્વજ્ઞાનનાં મૂર્તસ્વરૂપનાં દર્શન થઈ રહ્યા હતા.

એક રહેણીકરણી અને પંચવર્તમાનમાં દૃઢતા એ વર્તનનું પહેલું મહત્ત્વનું પાસું છે. અને બ્રહ્મરૂપે રહી પરબ્રહ્મની ઉપાસના કરવી એ બીજું મહત્ત્વનું પાસું છે. સ્વામીશ્રી પાસે બંને પાસાં ઝળહળતાં છે ! ક્યાંય ડાઘ નથી, કલંક નથી, દેહભાવ જ નથી, અને આજ સૌથી મોટું વર્તન છે. એમનો આત્મભાવ જોઈને આપણને પ્રેરણા મળે કે દેહ સાચવવા જેવો નથી ! ભગવાન અને ભક્તો માટે ખપી જવા જેવું છે. કારણ કે આ ગુણાતીત સમાજના નેતા છે. લૌકિક નેતા લોકોના ભોગે મોજ મજા કરે છે. જ્યારે આપણે જુદું જ છે, આપણા ગુરુના ભોગે આપણે મોજ મજા(સત્સંગનો આનંદ) કરીએ છીએ! ઘણાય પોતાના આશ્રિતો માટે ઘસાયા હશે, પણ આ રીતે-આટલાં વર્ષો સુધી અને આટલી ભાંગતી તબિયતે તો કોઈ જ નહીં !

સ્વામીશ્રી પ્રામાણિકપણે વર્તે છે. દંભ કે જૂઠ તેમને સ્પર્શતા જ નથી. એમના જીવનથી આપણું જીવન ઘડાયા કરે છે. જે પુસ્તકો કે પોતાના બળથી નથી થતું તે સ્વામીશ્રીને જોવા માત્રથી થાય છે. સ્વામીશ્રી શુદ્ધ છે - નિર્મળ છે-નિષ્કલંક છે, પણ સ્વચ્છ શરીર, સ્વચ્છ ઘર આંખે કરીને દેખાય તેમ સ્વામીશ્રીનું સ્નોવ્હાઈટ અંતઃકરણ દેખાતું નથી. તેથી જ અંતરની આંખે જોવા માટે નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે.

જેને એ આંખ છે તેવા શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજના જૂના સંતોને સ્વામીશ્રીમાં આવી નિર્મળતા દેખાય છે. જૂના સંતો પણ સ્વામીશ્રીનું વર્તન- પંચવર્તમાન- પરાભક્તિ- ભીડો આ બધું જોઈને આભા બની જાય છે. એ બધા એક અવાજે પ્રમાણ કરે છે. ને સૌને અનુકરણીય વર્તન હોવાથી બધા તે પ્રમાણે વર્તવા મંડી પડે છે. આ કેવું આશ્ચર્ય કહેવાય !

આજે ૨૫ વર્ષથી અમે જોતા આવ્યા છીએ. ધર્મધુરા સંભાળી ત્યારથી આજ સુધી એમની આટલી પ્રવૃત્તિમાં એમનો આદર્શ ક્યારેય બદલાયો નથી. એમનો આદર્શ છે આત્મારૂપ થઈ ભગવાનની ભક્તિ કરવી. ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપાને રાજી કરવા. આજે કેટલાય ધર્મનેતાઓ જોઈએ છીએ, દર વર્ષે-ક્યારેક તો દર છ મહિને ગુરુની ફિલોસૉફી અને પ્રાયોરિટી બદલાયા કરે... સિદ્ધાંતો અને નિયમો બદલાયા કરે... સ્વામીશ્રી પાસે ધ્યેયની આટલી સ્પષ્ટતા એમના અનુયાયીઓને પણ સલામતી બક્ષે છે. ધ્યેય હાંસલ કરવામાં મદદરૂપ બને છે.

સ્વામીશ્રી સાથે એક વાર સંતો હળવી પળો માણી રહ્યા હતા. ભગવત્ચરણ સ્વામી કહે, 'સ્વામી, આપ દેશના વડાપ્રધાન થાવ, તો હું નાણાપ્રધાન થઈ જાઉં...'

સ્વામીશ્રી હાથમાં ફરતી માળા ઊંચી કરીને કહે 'એમાં કાંઈ માલ નથી. આપણે માળાપ્રધાન થવું...' સૌને લાગ્યું કે મુક્તાનંદ સ્વામીની પંક્તિ સાર્થક થઈ છે:

'જી રે ત્રિભુવનની સંપત મળે, તોય ન તજે રે, અર્ધપળ હરિધ્યાન...' એમના આદર્શો, ધ્યેયો, પ્રાયોરિટીઝ ગમ્મતમાંય બદલાતા નથી...

સ્વામીશ્રીનો બાલ્યકાળ જાણતા હોઈએ કે પ્રમુખપદ સુધીનું જીવન જોઈએ, ત્યાર પછીનું વિચરણ અને જીવનશૈલી જોઈએ. અને ધર્મધુરા ગ્રહણ કર્યા પછી ૧૯૭૮ સુધીનું જીવન જાણીએ તો આપણી દૃષ્ટિએ તેમનો ઉછેર-પ્રગતિ-વિકાસ બહુ સામાન્ય સંજોગોમાં થયો છે. આથી જ તેમને જોવામાં લોકો એક મર્યાદા બાંધી લે તો સાચા સ્વરૂપની ઓળખ છુપાઈ જાય. વળી, સ્વામીશ્રી પણ સરળ-નિખાલસ વર્તે તેથી પણ ઘણાને દ્વિધા ઊપજે. પણ આવા કુદરતી વર્તનને જે કોઈ અનુભવે કે તરત તેનો સાક્ષી ભેદાઈ જાય...

સ્વામીશ્રી એવા ગુણો ધરાવે છે કે પોતે ગમે તે ક્ષેત્રમાં પડ્યા હોત તો

ત્યાં પૂર્ણ સફળ જ થાત. પણ શાસ્ત્રીજી મહારાજે બોલાવી લીધા.

સ્વામીશ્રી કહે છે : 'આનાથી મોટો બીજો લાભ કયો છે ?' જેમણે ઉત્તમમાં ઉત્તમ એવા આત્માના ક્ષેત્રમાં કોઈ મુશ્કેલી નથી ગણકારી ને પ્રગતિ જ સાધી છે, તેમને વળી દેહભાવના ક્ષેત્રમાં વિકાસ મેળવવામાં શી વિસાત હોય ?

સ્વામીશ્રી વિશ્વ ફલકે વિસ્તરતી સંસ્થાના વડા હોવાથી ખ્યાતિપ્રાપ્ત સંતો, વિદ્વાનો, વિજ્ઞાનીઓ અને રાજકારણીઓ પણ તેમને મળવા આવતા રહે છે. દરેક મહત્ત્વની વ્યક્તિ સ્વામીશ્રી સાથેની મુલાકાતમાં કંઈક અદ્‌ભુત અનુભવ કરે છે. એ અનુભવો આશ્ચર્યકારક રીતે મળતા આવતા હોય છે ! જાણે કે આ બધા મહાનુભાવોએ મુલાકાત પછી એક મિટિંગ કરીને સ્વામીશ્રી વિષે ચર્ચા કરી ન હોય !!

આમ બનવાનું કારણ એ છે કે સ્વામીશ્રીના ગુણો માયિક નથી, દિવ્ય છે.

રામકૃષ્ણમિશન, રાયપુરના અધ્યક્ષ સ્વામીશ્રી આત્માનંદજી સ્વાનુભવ વર્ણવતાં કહે છે : 'સ્વામીશ્રી કેટલા દિવ્ય પુરુષ છે ! એટલા વિનમ્ર કે આજે આવા મહાપુરુષ મળવા દુર્લભ છે. તેઓ એવા પુરુષ છે કે જે મને સૌથી વધુ સ્પર્શ્યા છે ! તેઓ આધ્યાત્મિક રીતે ઘણા ઊંચા અને આટલા મૌન છે, છતાં એમની આસપાસના હજારોને ક્રિયાન્વિત કરે છે...'

અખિલ ભારત સાધુ સમાજના પ્રમુખ સ્વામી રામસ્વરૂપ શાસ્ત્રીજી કહે છે : 'પ્રમુખસ્વામી મહારાજના સંપર્કમાં આવતા મને વિલક્ષણ અનુભૂતિ થાય છે. સીધા-સાદા-સરળ અને નિષ્કપટ-સંતની આ પ્રથમ વ્યાખ્યા છે, એવા પ્રમુખસ્વામી મહારાજ પોતાની ક્રિયા દ્વારા પ્રેરણા આપી રહ્યા છે....'

શિરોમણી અકાલીદળના પ્રમુખ શ્રીજથ્થેદાર રછપાલસિંઘે કહ્યું કે 'સ્વામીશ્રી મહાન પુરુષ છે. આવા મહાપુરુષ જેવા કરોડોમાં એક જ મળે છે. એમનામાં ખુદાનું નૂર છે.'

મુંબઈના ભૂતપૂર્વ શેરીફ અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી મોહનભાઈ પટેલ જણાવે છે કે 'પ્રમુખસ્વામીના સાંનિધ્યમાં એવું વર્તાય છે કે માણસની અસ્મિતા ઝળકી ઊઠે છે. તેજ નીખરી આવે છે. થોડી જ ક્ષણોમાં પણ ઘણો જ લાભ પ્રાપ્ત થાય છે. અહીં સાધુતાનું હીર છે, જે દરેકને સ્પર્શી જાય છે. પ્રમુખસ્વામી એટલે સાદાઈનું એનીટોમ (સાર). વાત કરે તેમાં ભાષાનો

આડંબર નહીં. વિચારોની ક્લિષ્ટતા નહીં, મોટાપણું નહીં. સીધી-સાદી સામાન્યને પણ સહેજે ઊતરી જાય. આવા સંતોને 'પરિચરિતવ્યાઃ સન્તઃ' કહ્યા છે. તેઓ જે વાક્ય બોલે તે શાસ્ત્ર બની જાય છે....'

જુદાં જુદાં ક્ષેત્રોના, જુદા જુદા સમયે, સ્વામીશ્રીને મળેલા જુદા જુદા અનુભવો વાળા મહાનુભાવો સ્વામીશ્રી પાસે તો એક સરખો જ અનુભવ કરે છે ! જોકે આટલું જ એમના અસ્તિત્વનું કે વ્યક્તિત્વનું મૂલ્યાંકન નથી. પ્રસંગે પ્રસંગે એમના અંતરમાં છલકાતા દરેક પ્રત્યેના આદર ભાવમાં એમની મોટપ આડે નથી આવતી. સ્વામીશ્રી જાતે જ સેવાનો-સત્કારનો અવસર ઝડપી લે છે. તેમને મોટપ કે નોખા પડવું એવું નથી. 'Special' થવું ગમતું જ નથી...

આટઆટલી સ્વામીશ્રીની કળાઓ છે, જવાબદારીઓ છે. તેને પોતે કેવી રીતે પહોંચી વળતા હશે ?! આ આશ્ચર્ય કોઈને પણ થયા વિના ન રહે !

૧૯૯૪માં સંસ્થાના તમામ સંતોની એક શિબિર મુંબઈ પાસે કરજતમાં રાખવામાં આવી હતી. આ શિબિરમાં સંસ્થાના જનરલ સેક્રેટરી શ્રી હરીશભાઈ દવેએ સંસ્થાની સામાજિક-શૈક્ષણિક ક્ષેત્રે કેવી અને કેટલી પ્રગતિ થઈ છે, ને આગામી આયોજનો કેવાં છે તેની વાતો કરી, વિકાસની હરણફાળ ભરીને વિશ્વના સીમાડાઓ સુધી સંસ્થાનું કાર્ય વ્યાપી રહ્યું છે, તે વાત સ્વામીશ્રી પણ સાંભળી રહ્યા હતા.

એ પ્રવચન પછી સ્વામીશ્રીના આશીર્વાદ હતા. સૌના મનમાં એ જ વાત હોય કે સ્વામીશ્રી આ વિકાસને ટેકો આપવાની અને હજુ સારો વ્યાપ થાય તેવી વાતો કરશે.

પણ સ્વામીશ્રીએ પહેલાં જ વાક્યમાં આખી ભાવના જ બદલી નાખી. કહ્યું, 'હરીશભાઈએ વાત કરી તે બરાબર છે. સંસ્થાનો વિકાસ થયો છે, તે શાસ્ત્રીજી મહારાજ-યોગીબાપાની દયાથી તેમના સંકલ્પે થયો છે. આપણે નિમિત્ત છીએ... હવે આપણે ઘણું થઈ ગયું ને કાંઈ કરવાનું નથી એમ માનવાનું નથી... ગફલત ન થાય તે માટે હંમેશાં સજાગ રહેવાનું છે. નહીં તો ટોચે ચડ્યા ને ત્યાંથી નીચે પડી જ જવાય છે. કાયમ માટે નિયમો, ધર્મો, સાધુતા, સેવા જે કહ્યું છે તે કરવાનું છે. તે જ વિકાસ છે. સંસ્થાના વિકાસમાં જો કાંઈ અગત્યનું હોય તો તે સાધુતા છે... એ હશે તો વિશ્વના કોઈપણ ખૂણામાં મહારાજ આપણી સાથે રહેશે...'

સ્વામીશ્રી એકધારું ૪૦ મિનિટ બોલ્યા હશે, જેમાં બાહ્યવિકાસ કરતાં આંતર્વિકાસની જ વાત દૃઢ કરાવી ! He wants action. આ એક કારણ છે કે સદ્ગુરુઓથી માંડીને નાનામાં નાના બાળક સુધી સૌને સ્વામીશ્રીમાં પ્રતીતિ આવી છે કે અહીં જ આપણો વિકાસ થશે... પ્રગતિ થશે. અને હા. આ બધું જ બાહ્યવિકાસના ભોગે નથી કરાવતા. પ્રવૃત્તિમાં પોતે ક્યારેય શિથિલતા ચલાવી લેતા નથી. આ છે વ્યવહાર અને અધ્યાત્મનું સુંદર સંતુલન ! આ બધું સ્વામીશ્રી સિવાય ક્યાં જોવા મળશે ?

પોતે પણ આટલી મોટી જવાબદારીઓ એકધારા ઉત્સાહ અને ભક્તિથી નિભાવે છે, વિના ડાયરીએ, વિના P.A. સેંકડો કામ રોજની બેઠકોમાં, હાલતા-ચાલતા, મુલાકાતોમાં સહેજે સહેજે પતાવતા જાય છે. તે કેવી રીતે શક્ય બને ? પોતે માને છે કે આ સત્સંગની સેવા છે. ભગવાન જુએ છે. હું જવાબદાર છું, તેથી ભગવાન જવાબ માગશે.... આ ભાવનાથી જે ગુરુ મંડ્યા રહેતા હોય તેમના શિષ્યો તો પછી કાર્યોમાં જોડાઈ જ જાય ને !

જેવી સમજ નેતામાં, તેવું વર્તન શિષ્યોમાં. ગુરુમાં ઈર્ષ્યા હોય તો આખા શિષ્ય સમાજમાં ઈર્ષ્યા ઊભી કરે ! સ્વામીશ્રીમાં સર્વપ્રત્યે સદ્ભાવના છે. તો પોતે શિષ્યોમાં પણ સદ્ભાવના રેડી શક્યા.

* * *

એક શિખરબદ્ધ મંદિરમાં આરસની મૂર્તિની પાછળ આરસનો ટેકો હોય છે તે કાઢવાનો હતો. એક મૂર્તિની પાછળનો ટેકો તો સફળતાથી કાઢ્યો પણ બીજી મૂર્તિ પાછળથી ટેકો કાઢવામાં જોખમ હતું. મૂર્તિ ખંડિત થઈ જવાનો પૂરેપૂરો ભય હતો. અને જો તેમ થાય તો શાસ્ત્રીજી મહારાજ -પ્રતિષ્ઠિત મંદિરમાંથી મૂર્તિ બદલવી પડે, એ તો કેમ ચલાવી લેવાય ? મેં જવાબદાર સંતને કહ્યું કે આ મૂર્તિની પાછળનો ટેકો કાઢશો નહીં. મૂર્તિ ખંડિત થવાનો ભય છે.

પણ તેમને વિશ્વાસ કે કાંઈ ન થાય. ટેકો કાઢી જ નાખવો. તેથી મેં કહ્યું કે સ્વામીબાપાને પૂછી જૂઓ, પછી જે કરવું હોય તે કરજો. બસ ?

એ સંતે સ્વામીશ્રીને ફોન કર્યો. સ્વામીશ્રીને હજુ તો પૂછ્યું કે તરત જ ના પાડી દીધી કે ટેકો નથી કાઢવો, જેમ છે તેમ રાખો. પેલા સંતે મારી પાસે જે દલીલો કરી હતી, તે ત્યાં સમજાવવાની શરૂઆત કરી. ત્યાં તો સ્વામીશ્રીએ

ભાર પૂર્વક કહી દીધું, 'તું મને શું સમજાવે છે ? મને બધું ખબર છે. મેં મૂર્તિનાં દર્શન બરાબર કર્યાં છે. એ મૂર્તિ તૂટે તેમજ છે. માટે જેમ છે, તેમ જ રાખવું...'

સ્વામીશ્રી ક્યારેય લાગણી કે ભાવમાં તણાયા નથી.

સ્ત્રી-સાધુ મર્યાદાની બાબતમાં, ગુજરાતના એક અગ્રણી નેતા અને વિદ્વાન સ્વામીશ્રીને સૂચનો આપી રહ્યા હતા કે તમારે સ્ત્રીઓ સાથે બોલવાની છૂટ રાખવી જોઈએ વગેરે.

સ્વામીશ્રીએ સ્પષ્ટ કહી દીધું હતું કે આ બાબતમાં તમને ખબર ન પડે. મહારાજે આપેલી મર્યાદા છે, તે રહેશે જ. તેમાં કોઈ ફેરફાર થાય જ નહીં...'

'જોઈશું', 'વિચારીશું' એવી કોઈ ગોળગોળ વાત નહીં. નિર્ણય ચોક્કસ અને અંતિમ જ હોય. શ્રેષ્ઠ અને સૈદ્ધાંતિક જ હોય... આ સ્વામીશ્રીની કાર્યશૈલીની વિશેષતા છે.

આટલા મોટા સ્થાને હોવાથી સેંકડો સંતો-હરિભક્તો તેમની પાસે હૈયું ખોલી ને નિષ્કપટ થાય છે. સ્વામીશ્રી પણ જે તે વ્યક્તિને નજર માત્રમાં ઓળખી લઈ શકે છે. છતાં આશ્ચર્ય એ છે કે પોતે એ લોકોને ક્યારેય અબૂધ, નકામા, બગડેલા જોતા જ નથી. પોતે ગમે તેને મળે, તેને પોતાથી મોટા જ માનતા હોય, એવું અનુભવાય છે. ખૂબ પ્રેમ, ખૂબ સાચો ભાવ ગમે તેટલી વાર મળે ત્યારે પણ એમના હાવભાવમાં જોવા મળે છે...

અમદાવાદમાં સ્વામીશ્રી પૂજા કરીને જૂના કોઠાર સામેના ઉતારે જતા હતા. સેંકડો માણસો દર્શન કરતા હતા. એક ભાવિક જૂના હરિભક્ત સ્વામીશ્રી પોતાની સામે દૃષ્ટિથી મળી જાય તે માટે તલપાપડ થતા હતા. સ્વામીશ્રી દરેકને મળતાં મળતાં આગળ નીકળી ગયા. હું પાછળ જ ચાલતો હતો. મને થયું કે આ હરિભક્ત રહી ગયા. હજુ તો વિચાર આવ્યો ત્યાં સ્વામીશ્રીએ પાછળ વળીને જોઈ લીધું. એ હરિભક્ત સામે સીધી જ નજર ગઈ ને બોલાવ્યા, 'જય સ્વામિનારાયણ !'

મને આશ્ચર્ય થયું. સ્વામીશ્રીએ પ્રેમથી તેને મળી લીધું. તેને સંતોષ થઈ ગયો. આનંદ આનંદ થઈ ગયો, શા માટે આટલું ઘેલું લાગ્યું છે ? લોકોને આટલું બધું આકર્ષણ શાનું છે ? સ્વામીશ્રીએ રૂંવાડે રૂંવાડે ભગવાન રાખ્યા

છે. અને આટલું આટલું સમાજને માટે કર્યા પછી પણ સ્વામીશ્રી ઊલટા પોતાને ભગવાનના ઋણી સમજે છે. એમ માને છે કે હું કાંઈ કરતો નથી... કાંઈ કરી શકતો નથી...

અદ્‌ભુત-વિરલ પુરુષ છે આ !

આવા નેતા જે સમાજને સાંપડ્યા છે, તેવો આપણો સમાજ પણ વિરલ છે ! સ્વામીશ્રીને જોયા - તેમનું જીવન-વર્તન-કાર્યશૈલી-ભાવના બધું જોયું, એટલે નેતાઓને જોવાની-ધર્મપુરુષોને જોવાની એક સૂક્ષ્મદૃષ્ટિ મળી ગઈ. ગમે તેવા હોય પણ ગુણાતીતના માપદંડથી બધાને માપતાં ફાવી ગયું. જે વિવેકબુદ્ધિ પુસ્તકો વાંચવાથી ન આવે, તે સ્વામીશ્રીનાં દર્શનથી મળતી ગઈ ! જીવનના કોઈપણ ક્ષેત્રમાં કામમાં લાગે તેવા એમના ગુણો છે. ખુલ્લું-જાહેર જીવન છે. ક્યારેય ગમે તેવા મહાન કાર્યનો જશ પોતાને માથે લેતા નથી. પોતાનું મહત્ત્વ વધે, વિશેષતા બહાર આવે કે પોતાનો પ્રભાવ પડે એવું એમના જીવનમાં સ્વપ્ને પણ કહી શકાય તેમ નથી.

પોતે ગુણાતીત છે. છતાં લોકો સત્ત્વગુણની ભૂમિકાએથી તેમને જોઈને, જો તેમની મહત્તા ઓળખવા વિચારે તો તેને ક્યાંથી દેખાશે ? હા, એમનો સાચો મહિમા સમજવા તો એમનો યોગ કરવો એ જ શ્રેષ્ઠ ઉપાય છે. તેનાથી સહેજે સમજાય છે કે સ્વામીશ્રી પ્રવૃત્તિમાંય નિવૃત્ત છે. સગુણ કાર્યોમાંય નિર્ગુણ છે.

એક જગ્યાએ વાંચેલું કે 'Joyful noice' કોલાહલ છે, પણ આનંદપૂર્ણ! તેમ સ્વામીશ્રીનો કાર્યવ્યાપ છે, પણ સહજાનંદને કેન્દ્રમાં રાખીને... સાત્ત્વિકતા કરતાં યે આગળ સહજ આનંદનું સ્વરૂપ સત્સંગમાં પ્રવર્તે છે. તે જ હજારોને પ્રતીતિ લાવવા માટે પૂરતું છે.

દુનિયામાં એવા અનેક સદાચારી, ધર્મનિષ્ઠ માણસો હશે, પણ મુમુક્ષુને તૈયાર કરનારા કેટલા ? મુમુક્ષુ તૈયાર હોય તો તેને સ્વીકારનારા કેટલા ? અને સ્વીકારે, પણ સાધુ બનાવીને આલોક-પરલોકની ખેવના રાખી સામાન્યને અસામાન્ય બનાવી દે, મનુષ્ય જીવનનો ધ્યેય-આત્મસાક્ષાત્કાર સિદ્ધ કરાવે તેવા કેટલા ? સ્વામીશ્રીએ જીવને શિવ બનાવવાની જવાબદારી નિભાવી છે ને હજારો તે અનુભવથી કૃતાર્થ થયા છે. આવા છે આપણા ગુણાતીત સમાજના નેતા સ્વામીશ્રી !

૫. બ્રહ્મરસના ભોગી

સ્વામીશ્રી સમાજના અંગભૂત થઈને વિચરે છે. સાધુ તો વન-પર્વતમાં વસે, એવી લોકમાન્યતા કરતાં સ્વામીશ્રી જુદી રીતે રહે છે.

જેઓ જગતના ફલક ઉપર રહીને પણ ખરડાય તેમ નથી, અને સમાજને ગંગાજળ સમ શુદ્ધ કરી બતાવે છે. એવા સંતને મહારાજે શહેરમાં જ રાખ્યા, કારણ કે તેઓને મન બધે એકાંત જ છે.

દેહાતીત નિરંતર ડોલત, બોલત બ્રહ્મખુમારી,

નિપટ નિઃશંક મગન હોઈ વિચરત,

રામ અમલ મતવારે...

સ્વામીશ્રી ને એક વાર પૂછવામાં આવ્યું, આપને ચોવીસ કલાક શેના વિચારો આવે છે ?

'ભગવાનના જ.' સ્વામીશ્રીએ કહ્યું.

'હરિકૃષ્ણ મહારાજ વિષે આપને કોઈ અંગત અભિપ્રાય છે ?'

સ્વામીશ્રીએ તરત કહ્યું, 'એ જ (હરિકૃષ્ણ મહારાજ) અંગત છે ને ! પછી શું અભિપ્રાય આપવો ?'

જેના હૃદયના ખૂણે ખૂણા રામઅમલથી-ભગવાનના કેફથી તરબતર હોય, તે પુરુષ બ્રહ્મરસના ભોગી નહીં તો બીજું શું ? ચિત્તની સદા પ્રસન્નતા, ગમે તેવાં કાર્યોમાં હળવાશ, નિજાનંદમાં મસ્ત અને ભગવાનની પ્રાપ્તિના સુખમાં રહી સ્વામીશ્રી સાધુતાની ધારે ધારે બીજાને પણ પોતાની જેમ બ્રહ્મરસના ભોગી બનાવી રહ્યા છે.

સિંહ જેમ ઘાસ ખાતો નથી, તેમ સ્વામીશ્રીને માન-પાન ખપતાં નથી. 'તન કી ઉપાધિ' તજીને એમણે દેહના કુચ્ચા કર્યા છે. શેરડીનો રસ પીતા કુચ્ચા વધે તેમ સ્વામીશ્રીએ દેહના કુચ્ચા કરી બ્રહ્મરસ ભોગવ્યો છે.

આધુનિક જમાનામાં, આધુનિક સાધનોનો વપરાશ કરવાનો, આધુનિક રીતે વિકસિત દેશોમાં પણ વિચરવાનું, છતાં પ્રાચીન-અસલી સાધુતાની રીતમાં, પરિવેશમાં, પ્રણાલીઓમાં મનની સ્થિતિને લેશ પણ બદલ્યા વિના સહજતાથી સાચવી રાખવી, એ એમની અલગારી-અવધૂત દશાનો આવિષ્કાર છે.

સંતો-ભક્તો સાથે એમને રમૂજની છોળો ઊડાડતા જોયા છે. બાળકો સાથે હળવો ફૂલ વાર્તાલાપ સાંભળ્યો છે, સખત ટૅન્શન અને ચિંતા ઊભી થઈ જાય તેવા સંજોગોમાં મહારાજ પર નાખીને વગર ચિંતાએ અતિ અગત્યના નિર્ણયો લેતા જોયા છે. અત્યંત મૃદુ વાણીથી એમના અંતરનાં અમૃત ચાખ્યાં છે. આ બધું શું બતાવે છે ? તેઓ કોઈના ઠરાવ્યા ઠર્યા નથી. અંતર જ જેમનું અરોગી છે, રાગદ્વેષથી રહિત છે, ત્રિગુણથી પર છે, તેવા પુરુષને તો મહારાજ સામેથી વશ વર્તે. આવા સંતનો કયો ભાવ, કઈ ક્રિયા, કયું લટકું બ્રહ્મરસથી ભરેલું ન હોય ? જેમ સાકરનો કોઈ પણ ભાગ એટલો જ ગળ્યો છે, તેમ સ્વામીશ્રી પણ એવા પુરુષ છે. જેમ માણસનો અહં બધે વ્યાપક છે, તેમ સ્વામીશ્રીનો આત્મભાવ બધે વ્યાપક છે. માણસ હું પદનો ઉપયોગ કરે છે, સ્વામીશ્રી દાસપણાના પદનો ઉપયોગ કરે છે. આ અનુભવ લેવા આપણે પાત્ર થવું પડે.

૬. 'વ્યવહારેણ સાધુઃ'

ધ્યાન નહીં, ધારણા નહીં, યોગનાં કોઈ અંગ નહીં, તો પણ સ્વામીશ્રી યોગી છે !

લોકો પૂછે છે, 'આપની સાધના કઈ ?'

સ્વામીશ્રી જવાબ આપે છે, 'ભગવાન રાખ્યા છે, ને લોકોને ભગવાનને માર્ગે ચડાવીએ છીએ એ !'

બહુ સાદી વાત છે એટલે સમજાતી નથી. આટલા મોટા-બહોળા વ્યવહારમાં વર્તન ને સ્વભાવો અથડાય જ, વ્યવહાર અને સાધુતા બંને જુદા જુદા છેડાના અંતિમો છે. તે ભેગા થાય જ કેવી રીતે ? આ શંકા સ્વામીશ્રીને-તેમના જીવનને જોયા પછી જતી રહે છે.

જેનું વર્તન ન હોય, ને જવાબદારી લેવાનું પણ સામર્થ્ય ન હોય તેવા ધર્મપુરુષો સંસારી ને સાધુ બનાવી શકતા નથી. કારણ કે 'વ્યવહારમાં સાધુતા' આ સિદ્ધાંત સિદ્ધ થયો હોતો નથી.

આજે સ્વામીશ્રીને ક્યારેય એકાંત હોતું નથી. સદાય પ્રવૃત્તિમાર્ગના હલ્લા ચારેબાજુ દેખાયા કરતા હોય છે. આ બધાની વચ્ચે પણ સ્વામીશ્રીની એક શાંત-નિરાળી છબિ ઉપસતી રહી છે. આટલો વ્યવહાર હોવા છતાં સ્વામીશ્રી કોઈને વ્યવહારુ લાગ્યા નથી ! 'શાંતિના દૂત', 'સાધુતાને પ્રતિષ્ઠા આપનાર', 'સંસ્કારી સમાજના વિશ્વકર્મા', 'ભારતીય સંત પરંપરાના અનુપમ ધરોહર...', 'આધ્યાત્મિક હીરના ધારક' - આવા આવા અનુભવો જે કોઈ એમને મળે છે તેને સહજ થતા રહે છે.

કારણ એ છે કે સ્વામીશ્રી નિઃસ્વાર્થપણે, કેવળ નિર્દંભભાવથી, નિર્માની પણે અને પ્રામાણિકતાથી વ્યવહારકાર્યો સંભાળી રહ્યા છે.

પ્રવૃત્તિમાં થયેલી ગમે તેવી ભૂલને સ્વામીશ્રી પળમાં ક્ષમા આપી શકે છે,

તો પ્રવૃત્તિમાં મળેલી ગમે તેવી સફળતાને સ્વામીશ્રી પળમાં ભક્તો-સંતોમાં વહેંચી દે છે.

દેહથી પર રહીને વ્યવહારમાં જોડાવામાં એમને ક્યારેય ફળની આકાંક્ષા રહેતી નથી. અને આવું નૈષ્કર્મ્ય કરવાથી એમને બીજા નેતાઓની જેમ કાવાદાવા કે સત્તા માટેની સાઠમારી, tactics કે જૂઠાણું યોજવાં પડતાં નથી. પોતે દરેકમાં ભગવાન જુએ છે, ને પછી વ્યવહાર ચલાવે છે; એટલે એકબીજાને ઉતારી પાડવા, એકની ફેવર કરવી (પક્ષ રાખવો) ને બીજાની ઉપેક્ષા કરવી, એક ઉપર રાગ તો બીજા ઉપર દ્વેષ કરવો - આ પારકા - પરાયાના ભેદ એમની વિશાળભાવનાને કારણે મટી જાય છે.

આવા વિશુદ્ધ વ્યવહારનું ફળ શું હોય છે ? નેતાની સાધુતાનો પ્રભાવ શું હોય છે ?

લંડનમાં યોજાયેલા C.F.I.ની વાત છે. અહીંના યુવાનોએ બે-પાંચ તોલાથી માંડીને ૨૫-૩૦ તોલા સોનું સ્વામીશ્રીની સુવર્ણતુલા માટે સમર્પિત કરેલું. લંડનના વિખ્યાત ક્યુ.પી.આર. સ્ટેડિયમમાં સ્વામીશ્રીની સુવર્ણતુલાનો પ્રસંગ યોજાયો હતો. સાકરથી તોલાઈને સ્વામીશ્રી ઊઠી જાય પછી સુવર્ણ મૂકવાનું હતું. યુવકોનો ઉત્સાહ માતો ન હતો. પણ જો યુવકો C.F.I.નું નગર છોડીને આ લાભ લેવા આવે તો ઘણી અવ્યવસ્થા સર્જાય તેવું હતું અને સ્વામીશ્રીએ એક જ વાક્ય યુવકોની સભામાં ઉચ્ચાર્યું, 'યુવકોને વિનંતી કે જ્યાં સેવા સોંપી છે, તે છોડીને સ્ટેડિયમ પર કોઈએ આવવું નહીં. મહારાજની ઇચ્છા હશે, તો ફરી લાભ મળશે. માટે કોઈએ લાભ લેવાનો મોહ ન રાખવો...'

અને તાળીઓના ગડગડાટ સાથે સૌએ એ આજ્ઞા માથે ચડાવી ! સ્વામીશ્રીની આજ્ઞા હોય છે ત્યારે યુવકો-હરિભક્તોને ધકેલવા-ખેંચવા પડતા નથી. આપોઆપ સૌ એમની મરજીને અનુકૂળ થઈ રહે છે. એક પણ દલીલ વિના ! કોઈ પણ નેતાની સાચી સફળતા આમાં જ છે.

વહેવારિયા નેતાઓને એક ટેવ પડી જાય છે 'shouting'ની. પોતાનું અસ્તિત્વ બતાવવા માટે તેમને બુમાબૂમનો આશરો હોય છે. મને યાદ છે કે યોગીબાપાના અમૃત મહોત્સવ વખતે સ્વામીશ્રીએ એકલે હાથે દરેક વિભાગોને સંભાળેલા, પણ ક્યારેય પોતે ઊભરાઈ ગયા નહોતા. અમે

યોગીબાપા સાથે છેલ્લી વિદેશ યાત્રા કરી ભારત આવ્યા ત્યારે બધાં જ શહેરો -ગામોમાં સંતો-હરિભક્તોની ગાડીઓની તેમજ બેઠક વ્યવસ્થા પણ સ્વામીશ્રી જ સંભાળતા. આટલા ગુંચવાડાવાળા અને એક ધારા કામમાં સ્વામીશ્રીને ક્યારેય કંટાળેલા નથી જોયા. બિલકુલ ધીર-સ્થિર. બીજા અમથા બૂમો પાડતા હોય. આપણને લાગે કે આ જ વ્યવસ્થાપક હશે. પણ પડદા પાછળ રહીને કામ કરવાની કુશળતા સ્વામીશ્રીની સાધુતાને વધુ ઝળહળતી બનાવે છે.

એક મંડળના ઉપરી બનાવે તોય કોઈને ગાંઠતા નથી, તો મહારાજે ગ.મ. ૨૫માં લખ્યું તેમ ભગવાન જેવાં ઐશ્વર્ય આવે તે તો શું કરે ? પણ સ્વામીશ્રી તો જેમ જેમ પ્રથમ સૌ સંતની ટેલ-ચાકરી કરતા, તેવી ને તેવી જ અત્યારે પણ કરતા જ રહ્યા છે. એવાં જેનાં લક્ષણ હોય તેની ઉપર ભગવાન અતિ પ્રસન્ન હોય તેમાં શું કહેવું ?

સ્વામીશ્રીની આ અલગારી-અવધૂત સ્થિતિ છે. વ્યવહારની આંટીઘુંટીમાં એવું તેજ બતાવે કે વ્યવહારમાં કોઈ એમની બરોબરી કરી શકે તેમ નથી એવું જણાય, પણ તરત બ્રહ્મરૂપે વર્તતા જોઈએ ત્યારે એમ જણાય કે સ્વામીશ્રી પરમ દિવ્ય પુરુષ છે !

શ્રીજીમહારાજ કહે છે કે 'ભક્તને અર્થે પ્રવૃત્તિ એ નિવૃત્તિ જ છે. સ્વામીશ્રી પૂરી કાર્યદક્ષતાથી, વિશ્વાસ મૂકીને, યોગ્ય અને ઝડપી નિર્ણયો આપીને વ્યવહારને ટોચ પર પહોંચાડે છે. પણ નિયમધર્મને નેવે મૂકતા નથી, સાધુતાને બાજુમાં રાખતા નથી. અરે, એમની વ્યવહારપદ્ધતિને કારણે તો આખા વ્યવહારને આધ્યાત્મિકતાની hight (ઊંચાઈ)મળી જાય છે. પોતે વ્યવહારને પણ આધ્યાત્મિક ઓપ આપી દીધો છે. માયાને પણ નિર્ગુણ બનાવી દીધી. જ્યારે બીજા કેટલાય લોકો આધ્યાત્મિકવાદને વ્યવહારના કચરા જેવો બનાવી મૂકે છે. આ વાત વચ.ગ.મ. ૧૧ વાંચતા સમજાય તેવી છે. મહારાજ તેમાં લખે છે કે 'વિમુખ જે જે ક્રિયા કરે છે તે પોતાની ઈન્દ્રિયોને લાડ લડાવવાને અર્થે કરે છે. અને ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે, તે તો કેવળ ભગવાન ને ભગવાનના ભક્તની સેવાને અર્થે કરે છે. માટે હરિજનની જે સર્વે ક્રિયા તે ભક્તિરૂપ છે...'

સ્વામીશ્રીનો પ્રવેશ થતાં જ કોઈપણ ક્રિયા નિર્ગુણ બને છે, આધ્યાત્મિક બને છે. કારણ કે એમના દ્વારા જે ક્રિયા થાય છે, તેમાં ભગવાનનો અખંડ

પ્રવેશ રહે છે. એમની આજ્ઞાથી કરેલી ક્રિયા પણ નિર્ગુણ બને છે. આપણી ક્રિયાઓમાં ભગવાનની આવન-જાવન રહ્યા કરે છે. સ્વામીશ્રી આ દૃષ્ટિએ ઉત્તમ-શ્રેષ્ઠ સંત છે. તે જો બાહ્યદૃષ્ટિએ કરીને વર્તે તો આપણા જેવા સામાન્ય સેવકને જડભરત ને શુકજી જેવા જ શ્રેષ્ઠ-ઉત્તમ ભક્ત કરી મૂકે...

સ્વામીશ્રી જેમ 'યોગઃ કર્મસુ કૌશલમ્'-કર્મમાં કુશળતા એ જ યોગ છે, તે સમજે છે, ને પોતે આ સિદ્ધાંત જીવે છે, તેમ આપણે પણ એમનામાંથી શીખીએ કે ભગવાન અને સંતને રાજી કરવા જ ક્રિયા કરવી. બીજું કોઈ તત્ત્વ અંદર ન ભળે તેટલું જોવાનું. તો વ્યવહારનાં બંધન આપણે માટે રહેજ નહીં... સ્વામીશ્રીની જેમ અખંડ સુખ, સુખ, ને સુખ જ મળ્યા કરે...

૭. હળવાશ

પંખી કે ફૂલ કરતાંય હળવા, પંખીનાં પીછાં કરતાંય હળવા. પીછાં ઊડીને દૂર દૂર જાય, પણ નીચે આવે ખરા. સ્વામીશ્રી તો અખંડ ભગવાન સાથે જોડાયેલા છે. માયિક ભાવોમાં ક્યાંથી આવે ? ભગવાન સૌથી પર છે. તેમને રાખ્યા છે તો સ્વામીશ્રીને અનોખી હળવાશ જ હોય ને ! માયા જેને નીચે ખેંચી લાવે તે હળવા ક્યાંથી હોય ?

અક્ષર ભવન, મુંબઈમાં એક વાર સ્વામીશ્રી એકધારા ત્રણ કલાક ખાનગીમાં બેસીને, બપોરે બહાર આવ્યા ત્યારે એમનાં અદ્‌ભુત દર્શન થયાં. કોઈ વ્યક્તિ ૧૦ કલાક આરામ કરી (નિદ્રા લઈ) સવારે જાગે ત્યારે કેવી તાજગી હોય ! તેવા સ્વામીશ્રી તાજા અને અતિ પ્રસન્ન દેખાયા.

ખાનગીમાં દુઃખનાં કૂટણાં, લમણાંઝીંક, કંટાળો આવે એવી જ બાબતો હોય. આપણને થાય કે ભાઈ અમારે શું ? તમારાં દુઃખ તમે જાણો. અમે સાંભળીને શું કરવાના ? માણસ બે જણનાં દુઃખ સાંભળે ને મૂડ આઉટ થઈ જાય. ત્યારે સ્વામીશ્રી એકધારા ૫૦ વ્યક્તિનાં દુઃખ સાંભળીને બહાર આવેલા. છતાંય આવી તાજગી અને હળવાશ!? તેઓ એકલું દુઃખ સાંભળીને ન હતા આવ્યા. ઈલાજ કરીને, માર્ગદર્શન આપીને, આશ્વાસન, ધીરજ આપીને, પ્રાર્થના કરીને, દયા, કરુણા વરસાવીને આવ્યા હતા. હરિભક્તો તેમના પ્રાણસમા છે. એટલે જ તો પોતે હળવા અને તાજા હતા.

*

વૈશાખ મહિનો હતો. કરચેલિયા ગામમાં ઘરોઘર પધરામણી કરી, સ્વામીશ્રી એક ઘરે આવ્યા ત્યારે પરસેવે રેબઝેબ થઈ ગયેલા. ગાતરીયું તો સંપૂર્ણ પલળી ગયું હતું. માથેથી પુષ્કળ પરસેવાના રેલા ઊતરે. તેવામાં તે ઘરના ધણીએ સ્વામીશ્રીને કહ્યું કે સ્વામીબાપા, અહીં ગામમાં આપના

ફોટામાંથી ચમત્કારિક રીતે પાણી પડતું અને રોજ (કેટલીવાર પુષ્કળ પરસેવાના રેલા ઊતરે) પ્યાલો ભરાઈ જતો. બસો ભરીને લોકો દર્શને આવતા... સ્વામીશ્રીએ એ વાતને ઉડાડી મૂકી અને કપાળમાં આંગળી ફેરવી પરસેવો પાડતાં કહે, 'રણછોડભાઈ, આ પાણી સાચું. ઓલું પાણી કાંઈ કામમાં નહીં આવે.' કેટલાય પરચા થયા છે. હજારો આશીર્વાદ ફળ્યા છે. એમની પ્રાર્થના ભગવાને સાંભળી છે, પણ બધું જ 'ભગવાન કરે છે.' એમ માનીને ભગવાન અને ગુરુનું છત્ર માથે ધરી દે છે. પોતે હળવા થઈ જાય છે, હળવા જ રહે છે.

લંડનમાં સુવર્ણતુલા પ્રસંગે સભામાં જઈ રહ્યા હતા. કારમાં હું સાથે હતો. સ્વામીશ્રી એકાગ્રતાથી, ઉત્સુકતાથી, બહુ જ ધીરજથી પત્રો વાંચી રહ્યા હતા. પોતાનો જન્મદિવસ હોય તો વ્યક્તિ છકથી ફરતો હોય. કેટલાંય કામ ઠેલી દે. અઘરાં કામ તો ખાસ. જ્યારે સ્વામીશ્રીએ તો સમૈયો પૂરો થયા પછી, પાછા ફરતા પણ એજ રીતે પત્રવાંચન ચાલુ રાખ્યું ! આ પત્રોમાં શું હોય છે ? દુઃખનાં , કષ્ટનાં, મુસીબતોનાં આખ્યાનો ! એમાં કાંઈ માન, આદર કે પ્રસંશાના પત્રો નથી હોતા. હા, સુવર્ણતુલાના કેટલાક અભિનંદન (Happy Birthday Cards) પત્રો હતા, જે જોવા જોઈએ, તેને તરત બાજુમાં ખસેડી દીધા. એક પણ પત્ર જોયો પણ નહીં. સ્વામીશ્રીને તો હરિભક્તોને માર્ગદર્શન આપવામાં વિલંબ ન થાય, વાટ ન જોવી પડે તે જ ભાવના હોય છે. કેવી રીતે એમને રાજી કરી લઉં, દુઃખ ટાળી દઉં, મારી સેવા થઈ જાય, ભક્તિ થઈ જાય એમ માનીને સ્વામીશ્રી પત્રો વાંચતા હતા. પછી કંટાળો ક્યાંથી આવે ? આ અદામાં પણ હળવાશ નીતરતી હતી.

અમેરિકામાં ૧૯૭૭માં એક વખત સતત ચાર દિવસના, આખી ને આખી રાતના ઉજાગરા ચાલુ મુસાફરીએ થયા હતા. રાત્રે ગાડીમાં બેઠા બેઠા પાંચસો પાંચસો માઈલ કાપવાના હોય. ડ્રાઈવરને ઝોલું ન આવે તે પણ સ્વામીશ્રીએ જોવાનું અને અખંડ માળા અને જાપ ચાલુ !! સ્થાને પહોંચતા વેંત, સીધા નાહી-ધોઈને, પૂજા-આરતી, અલ્પાહાર કરી પધરામણીઓ ચાલુ થઈ જાય. જમ્યા પછી પણ પધરામણીઓ, આરામ તો ભાગ્યે જ મળે. પાંચમે દિવસે આટલા સખત ભીડા પછી પણ અમે સંતોએ નજરોનજર એમને જોયેલા છે, એકદમ હળવા અને તાજા ! આળસ મરોડતા, બગાસાં ખાતા કે

એવી રીતે નહીં ! આવા સખત કષ્ટમાંય હળવાશ !

સ્વામીશ્રી એક ક્રિયામાંથી બીજી ક્રિયામાં સહેલાઈથી સરકી જતા હોય છે. વચ્ચે આરામ, પોરો કે હાશ નહીં ! પધરામણીએથી પાછા આવ્યા નથી કે પત્ર-વાંચન કે ખાનગી કે બીજાના લાભની ક્રિયા શરૂ કરી નથી ! પોતાના અંગત લાભની વાત જ નહીં. તે માટે તેમનો અવતાર જ નથી. છતાંય અંતરે તો આરામ.

સ્વામીશ્રી નવરા લાગે. પ્રવૃત્તપણાનો જરાય દેખાવ નહીં, ગમે તેટલી આકરી પ્રવૃત્તિમા-જવાબદારીમાં પણ જેમ બગીચામાં ફરતા હોય એટલી સહજતાથી, સરળતાથી, આનંદથી રહે છે. જવાબદારીને સેવા-ભક્તિ-આનંદનાં સાધન માનીને, ભક્તિમાં ફેરવીને, ભગવાનની પ્રસન્નતા અર્થે જ કરતા હોય છે.

માણસની કમજોરી છે કે જ્ઞાનની સાથે ભક્તિને વિસારે પાડતો જાય કે ‘હવે માળા જ છે ને ! સમજણ મુખ્ય છે.’ સ્વામીશ્રીને મેં ખૂબખૂબ માળા ફેરવતા જોયા છે. ભક્તિમાં તરબોળ જોયા છે. જો કે હવે માળાનું સ્થાન લગભગ પત્રલેખને લઈ લીધું છે.

દિલ્હીથી અમદાવાદ અમો ટ્રેનમાં ૨૪ કલાક સાથે હતા. આખો દિવસ સ્વામીશ્રીએ એકધારા માળા ફેરવી હતી. અમો બે માંથી એકેય વાતો ન કરીએ. હકાભાઈ સાથે હતા. તે મુંઝાયા કરે.

પ્રાતઃ પૂજા વખતે, ખૂબ હળવા અને આનંદ સભર હોય. પૂજામાં માનસી વખતે તો ભગવાન સાથે વાતો કરતા હોય ને શું ! મુખારવિંદ ઉપર ખૂબ ઉત્સુકતા દેખાય. ઠાકોરજીનાં દર્શન, આરતીમાં પણ ખૂબ ખૂબ આનંદ લેતા હોય, એકાગ્રતાથી, પ્રેમ ભાવથી દર્શન કરતાં હોય, ત્યારે બીજા સંતો-ભક્તો તેમની મૂર્તિમાં એકાગ્ર થઈ જાય એવો આનંદ બધાને આવે. પોતાની એકાગ્રતાથી બીજાને એકાગ્ર કરી દે.

જમતાં-જમતાં, કથા-વાર્તા કે વાંચન થાય. તેમાં એકાગ્ર હોય. હળવાશ કે મનમાં શાંતિ વિના આવું અશક્ય છે ! આપણે તો ભૂખ સંતોષતા હોઈએ, ખોરાકનો સ્વાદ યાદ આવતો હોય, જો ભોજન બેસ્વાદ હોય તો મનમાં બીજું રમતું હોય, આવા સમયે કથામાં એકાગ્રતા ક્યાંથી હોય ? સભામાં પત્રવાંચન કે લેખન છતાંય સભામાં ધ્યાન હોય. આશ્ચર્ય છે ને! માંદગી

વખતે અખંડ કથા-વાર્તા અને સતત એકધારા ધ્યાનપૂર્વક શ્રવણ કરતા.

હા, એક વાત સાચી. એમની અંગત દેહ ક્રિયામાં એમની એકાગ્રતા નથી હોતી તેવા કેટલાય પ્રસંગો છે. ક્રિયા કરી, ન કરી કોઈ રસ જ નહીં. ભગવાનમાં જ વૃત્તિ હોય.

એકવાર જમવાની શરૂઆત કરેલી નહીં, ને અમેરિકાથી ફોન આવ્યો. વાતચીત પૂરી થઈ અને પત્તરમાં હાથ ધોવા લાગ્યા. સંતો કહે, 'હજી જમવાની શરૂઆત જ ક્યાં કરી છે! શીદને હાથ ધુઓ છો ?' ત્યારે ખબર પડી કે જમ્યા વિના હાથ ધોઉં છું ! પછી કહે, 'લાવો ત્યારે જમી લઈએ !'

સ્વામીશ્રી આરામમાં પ્રસન્નચિત્ત સાથે જતા હોય, તે ઠેઠ સુધી, આરામમાં પણ મુખ ઉપર મધુરતા દેખાય, પ્રસન્નતા દેખાય. આનંદ સભર હોય, સચ્ચિદાનંદ સ્વરૂપ અનુભવાય. અન્યની જેમ કંટાળીને, થાકીને, હાશ છૂટ્યા એ ભાવથી નહીં ! એ તો હળવાશ નહીં કડવાશ છે.

સ્વામીશ્રીમાં મોટી ખાસિયત એ છે કે તેઓ કોઈને પણ જરા પણ સંકોચ વિના મળે છે. ભલે તે નાનો કે મોટો હોય, બાળક હોય કે વૃદ્ધ હોય, ગમે તે જાતિનો કે પ્રાંતનો હોય, ગરીબ હોય કે તવંગર, બધા ને સહજ સુલભ! સ્વામીશ્રીને જરા પણ સંકોચ થતો નથી. ટીકા ટીપ્પણ કરનારા પણ કો'ક કો'ક આવતા હોય છે. અપમાન કરનાર પણ મળતા હોય છે, પણ એકદમ સહજતાથી, કરમાયા વિના, અખંડ આનંદથી તેમને મળે છે. અસંખ્ય મુલાકાતીઓને આવો સહેજે અનુભવ થાય છે.

એક વાર બોચાસણમાં સ્વામીશ્રી એક સંતને વઢી રહ્યા હતા. ન વઢે તો બધાનું બગડે અને તે સંતનું પણ બગડે તેમ હતું. પછી તે સંત ઊઠીને જઈ રહ્યા હતા, આંખના કાચા હતા. બહુ નંબર હતા, એટલે બારણું ઉઘાડવા ગયા ત્યારે બારણાનાં નકુચાને બદલે એક તાળાવાળું કબાટ હતું, તેને ખેંચવા લાગ્યા ! અને સ્વામીશ્રી એવા ખડખડાટ હસ્યા કે બેવડ વળી ગયા ! ખરેખર જે ગુસ્સે ન હોય તે જ આવું હસી શકે ! બીજા તો વધારે ગુસ્સે થઈ જાય, 'મુવો આંધળો!' એવું કહી દુઃખી થઈ જાય. સ્વામીશ્રીની હળવાશના આવા તો કંઈક જુદાં જુદાં દૃષ્ટિકોણો છે. પ્રાતઃ અને સંધ્યા ભ્રમણમાં તો સ્વામીશ્રી હદ વાળે છે. હળવાશનો કોઈ પાર નહીં. હળવાશથી રેબ-ઝેબ! વૉકિંગ વખતે તો દિવ્ય સુખની લહાણી ઊડે. અલૌકિક અદ્ભુત વાતાવરણ સર્જાય,

બધા જ સ્વામીશ્રીનાં દર્શનથી હળવા થઈ જાય. તો સ્વામીશ્રીમાં કેવી હળવાશ હશે!! તેની તો કલ્પના જ કરવાની રહી !

એકવાર મજોઠ ગામથી સ્વામીશ્રી ગાડામાં બેસી ભાદરા આવી રહ્યા હતા. અંધારી રાતના કારણે ગાડું બીજે રસ્તે ચડી ગયું. ભાદરાને બદલે બીજું ગામ આવ્યું. જ્ઞાનપ્રસાદ સ્વામી કહે કે 'બાપા, આપે લીલા કરી. આ ગામમાં પગલાં પાડવાં હતાં એટલે ગાડાવાળાને ભૂલા પાડ્યા !

સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા. કહે, 'મિયાં પડ્યા તોય તંગડી ઊંચીં !' રાતના બાર ઉપરનો સમય થયો હતો. બીજા ગુસ્સે થઈ જાય, ત્યારે સ્વામીશ્રી હળવાફૂલ હતા.

"

સ્વામીશ્રી હંમેશાં નમી પડે. તેમને માફી માગતાં જરાય મુશ્કેલી નથી પડતી. પોતાની ભૂલ ન હોય તોય સ્વીકારી લે એ સ્વામીશ્રીની વિશેષતા છે.

૧૯૮૭માં ૩૫૦ સંતો સાથે સ્વામીશ્રી ઉત્તરાખંડની યાત્રાએ જઈ આવ્યા પછી લંડનથી એક ભાઈનો પત્ર આવ્યો. તમારે આટલા મોટા કાફલા સાથે નીકળવું ન જોઈએ. તમારી તારીખે તારીખ અમારી યાત્રા ચાલતી હતી. અમને ઉતારા વગેરેમાં તમારે કારણે કેટલી અગવડ પડી !! તમે અમારા કુટુંબને દુઃખી દુઃખી કરી નાખ્યું.

સ્વામીશ્રીએ તેમને લખ્યુંઃ 'તમને તકલીફ પડી તે બદલ માફ કરશો. ત્યાં તમે આવીને વાત કરી હોત તો અમે મદદરૂપ થાત. સગવડ કરી દેત. તમને તકલીફ પડે તેવો અમારો આશય ન હતો !!'

સ્વામીશ્રી ભાદરા પધાર્યા હતા. અહીં સેવણીથી હરિભક્તો મળવા આવ્યા હતા. ગામમાં સનાતન મંદિર થયેલું તેની પ્રતિષ્ઠામાં પધારે તેવો સૌનો આગ્રહ હતો. જે તારીખ નક્કી થઈ હતી તે જ તારીખે અન્ય ગામમાં પ્રતિષ્ઠાનો અવસર હતો. તેથી સેવણી જવું અશક્ય હતું.

સ્વામીશ્રી કહે, 'મહંત સ્વામીને મોકલીશું....!' પછી જાણે પોતાની ભૂલ થઈ હોય તેમ કહે, ગામમાં બધાને કહેજો કે આવવું તો હતું પણ આવી ન શક્યા, એ બદલ માફ કરજો ! ફરી ક્યારેક આવી જઈશું !'

અતિ સરળ રીતે વાંક ગુના વગર આવા શબ્દો આવે, તે અહંશૂન્યતાની હળવાશ વિના કેવી રીતે શક્ય બને ?

એમની પાસે power(પાવર) છે. તેનો powder કરી નાખ્યો છે. ફેર માત્ર 'd'નો જ છે. અને એક 'd'એ અહંની 'dust' છે. જેને સ્વામીશ્રીએ ક્યાંય અવકાશમાં ઉડાડી મૂક્યો છે.

*

અપમાન વખતે તો સ્વામીશ્રી હળવાશમાં અત્યંત નિપુણ. ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ ! નંબર લઈ જાય. તે વખતે તેઓ કઈ સમજણ શીખતા હશે ?

- શબ્દ આકાશનો ભાગ છે - તે ?
- આ અપમાન દેહને કહે છે આપણે ક્યાં દેહ છીએ - તે ?
- દેહ તો એ જ લાગનો છે - તે ?
- કે પછી પોતે ભગવાનમાં લીન હોય એટલે કાંઈ સંભળાય જ નહીં.
- કે પછી ભગવાનની મોટાઈ આગળ દેહને માન-પાન શું ? તે ?

આ બધી જ સમજણોની સંભાવના છે. કારણ કે આવી સમજણોનું મૂળ નિવાસ સ્થાન જ સ્વામીશ્રી પોતે જ છે.

એક જ શબ્દમાં તમામ વિચારોનો સમન્વય કરીએ તો તે છે હળવાશ !

સ્વામીશ્રીને ૨૪ કલાક - ક્ષણે ક્ષણ હળવાશ જ હોય છે. કારણ કે ભગવાનના સુખમાં (મૂર્તિમાં) એમની સ્થિતિ છે. ઘણાં અચ્છા અચ્છા કારણો છે. આ હળવાશની અસર તેમના સમગ્ર વ્યક્તિત્વ ઉપર જણાય છે. તેમની દરેક ક્રિયામાં અરે, સૂવામાં પણ પોતે અતિતૃપ્ત, સંતોષપૂર્ણ દેખાય છે. બ્રહ્મની સ્થિતિ વર્તાય છે.

અમેરિકામાં પેન્સવીલ તથા સેલમ શહેરના મેયરોએ 'કી ટુ ધ સિટી' અર્પણ કરી. દેવેન્દ્રભાઈ જાનીને ત્યાં અહીંના સેનેટે સ્વામીશ્રીના આશીર્વાદ મેળવ્યા. જ્યારે જમવા બિરાજ્યા ત્યારે એક સંતે કહ્યું, 'આજે બે ચાવી અર્પણ થઈ, તેમાં સ્વામીશ્રીને શું કામની ?'

સ્વામીશ્રીએ તરત કહ્યું, 'સાચી વાત છે, અમે તો બ્રહ્મર્ષિ છીએ ! બ્રહ્મર્ષિને ચાવીની જરૂર નહિ !'

આ સ્થિતિમાં કોઈ વસ્તુ-પદાર્થ-વ્યક્તિ-માન કે અકળામણને કોઈ સ્થાન નથી, એવી ભગવાન સાથે એકતા છે.

*

જૂનાગઢમાં રાત્રે જાણીતા લોક કલાકાર ભીખુદાન ગઢવી દર્શને આવ્યા હતા.

તેઓ કહે,'આપ પધાર્યા, ને શહેરમાં આનંદ આનંદ થઈ ગયો.'

સ્વામીશ્રી એ એકદમ કહ્યું, 'આ બધો ભગવાનનો આનંદ છે.'

આવી દેહભાવ રહિતની-ભગવન્મય ઉપસ્થિતિ હોય, એવી હળવાશમાં કોઈ કહેતાં કોઈ દોષ સંભવે નહીં....

આપણને સજાતિ થવા તેઓ નરતનધારી થયા છે. દેહના બધા ભાવો બતાવશે. પોતે દેહના ભાવથી પરમાનંદ આચ્છાદિત કરી દીધો છે. એટલે આપણે સ્વામીશ્રીની હળવાશ સંપૂર્ણ પણે માણી શકતા નથી. જો દિવ્યતા દેખાડે તો પણ જેમ છે, તેમ તો જીરવાય જ નહીં. માટે મનુષ્યભાવે વર્તે છે, તે બરાબર જ છે. આપણને સ્વામીશ્રીની હળવાશનો જે અનુભવ થાય છે અથવા સમજાય છે, તે તો પરમાનંદના લેશના લેશનો લેશ છે ! દેહને લઈને ખૂબ મર્યાદિત વર્તી રહ્યા છે. દેહ દ્વારા આવો પરમાનંદ કેટલી હદે વ્યક્ત થાય ?

આઈસ્ક્રીમની કોઠીને બહારથી અડીએ તો ઠંડી તો લાગે, પણ અંદરની વસ્તુ - આઈસ્ક્રીમ તો માણવાનો બાકી છે. તેમ નરતન દ્વારા આ હળવાશ કેવી ને કેટલી ને કેમ સમજાય ?

ગુણાતીતાનંદ સ્વામી ગાડામાં બેસીને જઈ રહ્યા હતા. હરિભક્તો વીંટળાઈને ચાલતા હતા. પ્રાગજી ભક્ત છેટે ચાલતા હતા.

હરિભક્તો કહે, ' સ્વામી ! પ્રાગજીને પાસે બોલાવો ને!'

સ્વામીશ્રી કહે, 'હું ક્યાં ના પાડું છું ?' ત્યારે પ્રાગજી ભગત કહે, 'હું નજીક નથી આવતો. કારણ કે સ્વામીની ગોદડીમાંથી અનંતકોટી સૂર્ય-ચંદ્રનું તેજ છૂટે છે!' પ્રાગજી ભક્તને મહિમાનો પ્રકાશ જણાઈ રહ્યો હતો... તેમ જ્યારે સ્વામીશ્રીના દેહભાવમાં પણ આવી અપાર હળવાશ જણાય ત્યારે ભગવાનના સુખનો અનુભવ કેવો થતો હશે ?!

આ સ્થિતિ - આ હળવાશ ક્ષુલ્લક કે નિર્માલ્ય નથી, આળસ કે બિન-જવાબદારીમાંથી નથી પ્રગટી, ગાફલપણામાંથી કે એમના વતી બીજા કાર્ય કરી આપે છે. તેથી નથી આવી. નવરાશના સમયે ચાલતા ગપાટા જેવી કે જોઈતો પદાર્થ મળી જાય ને થાય તેવી હળવાશ નથી. સ્વામીશ્રીની હળવાશ

બીજાથી સદંતર જુદી પડે છે. તેનું આ જ કારણ છે કે તેઓ નિર્મળ છે, નિષ્કલંક છે, પરમાનંદી છે, ભગવાનના દાસ છે. ને તેમને જ કર્તા માને છે આ કારણને લીધે તેમની ક્રિયા નિર્ગુણ છે, દિવ્ય છે, ભક્તિથી ભરેલી છે.

સ્વામીશ્રી સારંગપુરમાં દર્શને પધાર્યા ત્યારે એક પાર્ષદે છડી પોકારી 'સોનેકી છડી, રૂપેકી મશાલ.... અનંત કોટી બ્રહ્માંડના નિયંતા... પ્રમુખસ્વામી મહારાજને ઘણી ખમ્મા...'

આ સાંભળી સ્વામીશ્રી તેમની આગળ આવી ઊભા રહ્યા, પાર્ષદ નવા-નવા હતા. એટલે શાંતિથી કહે, 'અનંતકોટી બ્રહ્માંડના નિયંતા...' એવું ન બોલવું. ભગવાનનું સ્વરૂપ એવું બોલવું... નિયંતા તો ભગવાન છે...'

સાચે જ, સ્વામીશ્રીની હળવાશ પરમાનંદનો પર્યાય છે. જેમ જીવાત્મા દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણ દ્વારા સારા-નરસા ગુણો વ્યક્ત કરે છે, તેમ ભગવાનનો પરમાનંદ સ્વામીશ્રીના શરીરના અંગેઅંગમાં વ્યાપેલો દેખાય છે. મન, કર્મ, વચન દ્વારા વ્યક્ત થાય છે. તે આવા દાસત્વને જન્મ આપે છે.

અમેરિકાની બાળશિબિરમાંથી બાળકોના કેટલાંક પત્રો બોચાસણમાં સ્વામીશ્રી ઉપર આવ્યા હતા. એક બાળકે પ્રેમવશ લખ્યું હતું કે 'મારે તો આપના નામની જ પંદર મિનિટ માળા ફેરવવી છે...'

સ્વામીશ્રીએ તરત સેવક સંતને કહ્યું, 'એને લખજો કે મહારાજની માળા ફેરવવી... (ગુરુને) યાદ કરવા એ બરાબર છે, પણ માળા તો ભગવાનની જ ફેરવાય !'

હા, આવી સો ટચના સોના જેવી હળવાશ તો અસલી સાધુનો જ ઈજારો છે.

જગત એટલે શું ?

અહંની ટકરામણ એટલે જગત. સમાજમાં એકબીજાનો અહંકાર સંકોરવામાં આવે છે. પછી સુખ-હળવાશ ક્યાંથી રહે ? ગટર-કીચડ કે મળમૂત્રને લાકડીથી ખોળે તો કેવી દુર્ગંધ ઊડે! નાકના કટકા થઈ જાય. તેમ જ્યાં સુધી સ્વામીશ્રી પાસે છે, તેવું ભગવાનનું દાસત્વ નથી. અને અહંકાર છે, ત્યાં સુધી હળવાશ દેખાતી હોય તોય બનાવટી છે. અસલી નથી. જ્યારે સ્વામીશ્રી પાસે તો અક્ષરધામમાંથી આયાત કરેલો માલ છે. અસલી સાધુ ભેગી જ આવી અસલી સંપત્તિ હોય !

આ સંપત્તિને કારણે જે સ્વામીશ્રીને સ્પર્શે છે, તે સોનું બની જાય છે. આનંદ પ્રાપ્ત કરી લે છે. હળવો થઈ જાય છે. તૃપ્ત બની કંઈક પામ્યાનો સંતોષ મેળવે છે. તેથી જ તો દોડી દોડીને લાખો લોકો એમની એક નજર પામે છે, ને કૃતાર્થ બને છે.

મુંબઈમાં એક સાંજે મુલાકાત દરમ્યાન એક ભાવિક સ્વામીશ્રી પાસે આવ્યા. કહે, 'આપને બે જ વખત મળ્યો છું. પરંતુ આપને મળતાં અંતરમાં જે આનંદ અનુભવાય છે તે ક્યારેય અનુભવ્યો નથી. આપના આશીર્વાદથી મારા ફેક્ટરીના પ્રશ્નો પણ ઉકલી ગયા છે...'

સ્વામીશ્રી કહે, 'ભગવાન ને સંત પાસે આવતા જ રહેવું. ભગવાન ને સંત પાસે આનંદ જ હોય.'

આવા તો સેંકડો-હજારોને અનુભવ છે. જે બતાવે છે કે .સ્વામીશ્રીના પરમાનંદની તોલે કોઈને ગણી જ ન શકાય.. તેઓ હળવાશનું patent ધરાવે છે.

આ સ્વામીશ્રીનો મોટામાં મોટો ગુણ છે કે ભગવાનના સુખનું દિવ્યાતિદિવ્ય અમૃતરસપાન પોતે ઉદારતાથી દાનમાં આપ્યા કરે છે ! પછી ભલેને એ સેવા રૂપે, સમાગમ રૂપે, દર્શન રૂપે કે આશીર્વાદ અને આનંદ રૂપે હોય !

હ્યુસ્ટનમાં પ્રવીણભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું, 'આ સંતો આપની હાજરીમાં આપની આટલી બધી પ્રશંસા કરે છે, તેમ છતાં આપ અહંશૂન્ય કઈ રીતે રહી શકો છો ?'

સ્વામીશ્રી કહે, 'જે કાંઈ થાય છે, તે ભગવાનને લીધે છે. આપણે કરીએ તો અહં આવી જાય ને !'

પ્રવીણભાઈ કહે, 'આવો વિચાર ક્યારે આવે છે ?'

સ્વામીશ્રીએ તરત કહ્યું, 'એ વિચાર ટળતો જ નથી ! '

*

સ્વામીશ્રીનું આણંદ નગરપાલિકા તરફથી સન્માન થયું. આ ભવ્ય સમારંભમાં સ્વામીશ્રીને બિરદાવતા અનેક મહાનુભાવોએ ઘણાં યશોગાન ગાયાં. અંતે સ્વામીશ્રીએ આશીર્વાદનો પ્રારંભ આ શબ્દોમાં કર્યો : 'આપ બધાએ જે સ્વાગત કર્યું છે, તે તો ભગવાનનું સ્વાગત છે, કારણકે કર્તા

ભગવાન છે. આપણે તો એમનો સંદેશો દરેકને પહોંચાડવાનો છે. સેવક થઈને એ કરવાનું છે...'

સ્વામીશ્રીની વાણીમાં દાસત્વભક્તિ વહ્યા કરતી હતી. ભગવાનના કર્તાપણાનું અનુસંધાન એમની મોનોપોલી છે. વાતે વાતે ભગવાનનું કર્તાપણું અને પોતાની ન્યૂનતા સ્વામીશ્રીના મુખમાંથી ટપકી જ પડતી હોય છે.

જ્યારે કસોટી કાળ આવે ત્યારે ભગવાનની ઇચ્છા સમજવી કે કર્તાભાવ રાખવો એ સામાન્ય માણસને માટે મહાન કસોટી છે. સ્વામીશ્રીને તે સમયે આ કર્તાભાવ સહજ રહે છે. ૧૯૭૪માં સ્વામીશ્રી મુંબઈથી ભવ્ય વિદાય લઈ નૈરોબી પહોંચ્યા. કાંઈક કારણવશાત્ ત્યાંની સરકારે ઊતરવા પણ ન દીધા. ને પાછા ભારત આવવાનું થયું. કેટલાક સંતો તો પાછા ફર્યા તેથી કોઈ હરિભક્તને મળી પણ શક્યા નહીં. ત્યારે સ્વામીશ્રી એટલું જ બોલ્યા કે. આપણે ક્યાં કાંઈ ખોટું કર્યું છે, ભગવાનની ઇચ્છા !

પછી તો મુંબઈની સભામાં ગ.પ્ર. ૭૪ પર એવું અદ્ભુત નિરૂપણ કર્યું : સભામાં હાસ્યની છોળો ઉડાડી ! એટલા હળવા કે સંતો, હરિભક્તોનો શોક ઉડાડી દીધો...

*

સ્વામીશ્રીએ ધર્મધુરા સંભાળી પછીના બે એક વર્ષ પછી વિચરણમાં કિંખલોડ ગામે ગયેલા. અહીં એક ખેતરમાં મોટરપંપનું પૂજન કર્યું. ત્યાં જ એક વૃદ્ધ સ્વીચ ઑન કરવા જતાં જ કરંટ લાગવાથી ચોંટી ગયા ને તરત ધામમાં જતા રહ્યા ! સ્વામીશ્રીએ ધૂન કરી... થોડા જ દિવસ બાદ સ્વામીશ્રીની ગાડીને એક ભયાનક અકસ્માત થયો અને ધર્મજના હરિભક્ત મહેન્દ્રભાઈ પટેલનો પંદરેક વર્ષનો પુત્ર તત્કાલ ધામમાં ગયો !

સ્વામીશ્રીએ તરત ધૂન કરી. સંબંધીઓને આશ્વાસન, સાંત્વન આપ્યાં. દુઃખમાં સહભાગી થયા. પણ એક વાત આવ્યા કરતી, 'મહારાજની ઇચ્છા પ્રમાણે થાય છે...' આ પ્રસંગો એટલા માટે મહત્ત્વના છે કે તે સમયે સ્વામીશ્રીએ ધર્મધુરા ઉપાડ્યાને થોડો જ સમય થયેલો. યોગીબાપા પછી ઘણાને સ્વામીશ્રીમાં નિશ્ચય કરવાનું કઠણ પડી રહ્યું હતું. પરંતુ આવા સમયે પણ સ્વામીશ્રી હળવા-ધીર-સ્થિર-શાંત હતા. 'ભગવાન વિના સૂકું પાંદડું પણ હાલતું નથી' તે વાક્ય એમનામાં જીવંત દેખાતું હતું.

નિરાશા, હતાશા જેવું તેમને સ્વપ્નમાં પણ સ્પર્શ્યું નથી. સત્-અસત્ના જ્ઞાનનો સદા સાક્ષાત્કાર રહ્યો છે, તેથી જગતના અને લૌકિક સંબંધોમાં તેમજ લોકાભિપ્રાયોમાં પોતે હંમેશાં નિર્લેપ રહે છે. જ્યારે સામાન્ય માણસ ભારેખમ બની જાય તેવા સંજોગોમાં સ્વામીશ્રી ફૂલ જેવા હળવા હોય છે.

*

વિદ્યાનગરમાં ૧૯૯૦માં ઉજવાયેલા યુવક મહોત્સવમાં ૨૧,૦૦૦ યુવાનોની સભા ભરાઈને બેઠી હતી. ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણી સ્વામીશ્રી સાથે મંચ પર બેઠા હતા. ઉનાળાની સખત ગરમીના દિવસો હતા. બે બે કુલરો ચાલુ હતાં છતાં શ્રી અડવાણીજી પરસેવે રેબઝેબ થતા હતા, સ્વામીશ્રીએ આ જોયું અને એકદમ પોતાનો રૂમાલ તેમને ધરી દીધો. અડવાણીજીએ સવિનય ના પાડી. પણ સ્વામીશ્રીએ અતિ પ્રેમથી આગ્રહ કર્યો. તેઓ ના ન પાડી શક્યા. આટલી ઝીણી-આત્મીયતાભરી સંભાળ લેવાનું ૨૧,૦૦૦ યુવાનોની વચ્ચે મંચ ઉપર સ્વામીશ્રી ચૂક્યા નહીં!

માતા બાળકને નિઃસ્વાર્થ પ્રેમમાં તરબોળ કરી દે છે, તેમ સ્વામીશ્રી પણ સૌને નિઃસ્વાર્થ પ્રેમમાં તરબોળ કરે છે. પ્રેમ મેળવનારને તેનો લેશ માત્ર પણ ભાર લાગે નહીં. બસ, કોઈને પણ મદદરૂપ થવામાં, કો'કની સેવા કરવામાં, કો'કને રાજી કરવામાં તેઓ ખૂબ જ આનંદ અનુભવે છે. નાનો બાળક જેમ રાજી થઈ જાય તેમ રાજી થઈ જાય છે. પોતાના દેહની ચિંતા કરતા નથી, અન્યને રાજી કરે, નિભાવે, બોલાવે, પાર પાડે...

મુંબઈમાં ઉકાળાપાણી કર્યા પછી રોજની જેમ મુલાકાત કક્ષમાં પ્રવેશ્યા. ત્યાં જ બિલાડા(રાજસ્થાન)ના ગોપાલસિંહને ઊભેલા જોયા. સ્વામીશ્રી ઉમળકાથી બોલી ઊઠ્યા : 'અ...હો..હો! ગોપાલસિંહ ! આવી ગયા ?'

વિવેકસાગર સ્વામી કહે, 'આપ ઓળખો છો ?'

સ્વામીશ્રી કહે, 'કેમ નહીં !' ઓળખીએ જ ને ! યોગીબાપાની ખુરશી ઊંચકી છે, ખૂબ સેવા કરી છે... એમ કહેતાં ઊભા ઊભા જ તેમને ભેટ્યા ! વળી બરડે હાથ ફેરવતાં કહે, 'બહુ સારું થયું, આવી ગયા, ઘણા વખતે મળ્યા...'

સ્વામીશ્રી જાણે ઘણા વર્ષે માતા પુત્રને મળી હોય તેવા પ્રેમથી ગોપાલસિંહને મળ્યા ! પોતે દરેકની સેવાની કદર કરે, ગુણો સંભારે, એવી

સાર-સંભાળ રાખે કે તે વ્યક્તિને ખ્યાલ પણ ન આવે કે મારી સેવા સ્વામીશ્રી કરી-કરાવી રહ્યા છે ! બધું જ સહજ ! આવા પુરુષને કઈ વસ્તુનો-વ્યક્તિનો કે પરિસ્થિતિનો ભાર હોય ?

પશ્ચિમી જગતનું એક સૂત્ર છે 'Keep your respect'- સ્વમાન ભંગ એ મર્યા જેવું દુઃખ આપે છે. આ સૂક્ષ્મ ભયને કારણે એક પ્રકારની માનસિક પીડા માણસને પીડ્યા કરે છે. નિર્ભય-નિખાલસ નથી થવાતું. સ્વામીશ્રી આવી તાણથી પર છે. સ્વમાં મગ્ન છે, તેથી તેમને સ્વમાન ભંગ જેવું લાગતું જ નથી. લોકહિત માટે બોલે છે, આત્મનિષ્ઠામાં વર્તે છે અને આધ્યાત્મિક જીવન જીવે છે, તેમાં ગોઠવણી ક્યાંથી હોય ? સહજતા હોય. નિખાલસતા હોય. આ સદ્‌ગુણના પ્રસંગો તમને સ્વામીશ્રીનાં હિન્દી પ્રવચનોમાં મળશે...

સ્વામીશ્રી મહારાષ્ટ્રમાં અમલનેર પધાર્યા હતા. મંદિરના ખાત વિધિ પછી વિશાળ સભામાં આશીર્વાદ આપતા સ્વામીશ્રી હિન્દીમાં કહેવા લાગ્યા 'મંદિર નિર્માણમેં આપ સબકા યોગદાન જરૂરી હૈ. યે સબ ભગવાનને દિયા હૈ. ઈસમેં હમેરા કુછ નહીં હૈ. ભગવાનને હમકુભી બનાયા હૈ. ઈસલિયે ભગવાનકે લિયે કુછ કરે, તો હમકુભી લાભ-શાંતિ હોગા. મોક્ષપ્રાપ્તિ હો જાયગા. હમ ચાહે સબ કુછ કરે, લેકિન શાંતિ દેનેવાલી ચીજ કોઈ પણ હો, તો વો ભગવાન ઔર સંત હૈ. ભક્તો કહતે હૈ,

'બળતા, ઝળતા આત્મા સંત સરોવર જાય.
સત્સંગી રૂપી લહેરમેં તરત ટાઢા થાય !'

આ વાણીમાં સૌને શાંતિ થાય છે, ભલે વ્યાકરણ કે વાક્ય રચનાની ભૂલો હોય. કારણ કે નિખાલસ હૃદયના પ્રેમમાંથી આવેલી એ સરવાણી છે... જ્યાં ભય નથી, જ્યાં સંગીન, શુદ્ધ આધ્યાત્મિકતા છે...

સ્વામીશ્રીને મળ્યું છે, તેટલું માન-સન્માન કોને મળ્યું હશે ? નાની ઉંમરે પ્રમુખ પદ, માત્ર ૫૧ વર્ષની ઉંમરે ધર્મધુરા ધારણ કરી. વર્ષોવર્ષ ઊજવાતા 'શાનદાર' જયંતી મહોત્સવો, દેશ-વિદેશના અનેક શહેરોએ આપેલા 'કિ ટુ ધી સિટી'નાં બહુમાનો અને મહાનગરપાલિકાઓ, નગર પાલિકાઓ કે તાલુકા પંચાયતોએ સામે ચાલીને તેમના સન્માન સમારંભો યોજયા છે. એમની સુવર્ણતુલા અને પ્લેટિનમ તુલા દ્વારા ભક્તોએ પોતા ઉપરનું ઋણ ચુકવવા પ્રયત્નો કર્યા છે. બ્રિટન અને કેનેડાની પાર્લામેન્ટે એમનું

પાર્લામેન્ટમાં બહુમાન કર્યું છે. દેશ-વિદેશની જાણીતી હસ્તીઓએ-વિદ્વાન સંતોએ બે મુખે સ્વામીશ્રીના ગુણગાન તેઓની હાજરીમાં જ ગાયાં છે.

આ બધું પચાવવું એ સહેલું છે ? અપમાન એ કદાચ કડવું હશે, પણ ઝેરી નથી. માન એ ઝેર છે. અને તેના ઝેર ચડ્યાં હોય તેને કોઈ ઉતારી શકતું નથી... કોઈક ચિંતકે કહ્યું છે, 'Glory is a poison, that canbe taken in small doses..' - માપમાં મળેલાં માન-સન્માન પચે, પણ ઢગલે ઢગલા મળે તો છકી જવાય, અજીર્ણ થઈ જાય. એ સહેલાઈથી પચાવી શકાતા નથી. પણ સ્વામીશ્રી આવા સન્માનોના મેરુ જેવા ઢગલાને ગાયનાં પગલાંની જેમ વટાવી ચૂક્યા છે. કારણ કે તેઓ ભગવાનના સુખે સુખી છે. કોઈના હાથમાં એમણે પોતાની માન કે અપમાનની દોરી સોંપી નથી. ભગવાનને હાથ સોંપી છે, પછી પૂર્ણતાનો અનુભવ લોકોને એમનાં દર્શન માત્રે થવા લાગે તેમાં શાની નવાઈ હોઈ શકે ?

'આ ભારે, હળવા હરિવરને મૂલવવો શી રીતે ?
વજન કરે તે હારે, મનવા ભજન કરે તે જીતે.... '

૮. ભક્તિ

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાને સહિત જે ભક્તિ તેને શાસ્ત્રોએ એકાંતિકી ભક્તિ કહી છે. આવી ભક્તિમાં અશુદ્ધિ રહે જ ક્યાંથી ? અને જ્યાં અશુદ્ધિ નથી ત્યાં બોજો-ભાર તો હોય જ નહીં ! આ રીતે સ્વામીશ્રી એકાંતિકી ભક્તિના 'માસ્ટર' છે. તેમની ભક્તિની રીતથી અન્ય હજારો-લાખોને પ્રેરણા મળે...

ઠાકોરજીનાં દર્શન-હરિકૃષ્ણ મહારાજનાં દર્શન તો એ રીતે કરે કે એ દૃશ્ય જોનારને શાંતિ થઈ જાય. જોનાર એકાગ્ર થઈ જાય. વાતાવરણમાં વધુ ને વધુ દિવ્યતા અનુભવાય. સ્વામીશ્રી જાણે સાક્ષાત્ મુખોમુખ મળતા હોય. પ્રત્યક્ષ વાતચીત, પ્રાર્થના કરતા હોય એવું જ અનુભવાય. તેમાં એટલો સાચો ભાવ હોય, પ્રામાણિકતા હોય કે બીજું કાંઈ (જગત) લેશ માત્ર પેસે જ નહીં. જેમ કોઈ સાત દિવસનો ભૂખ્યો માણસ, તેને ગમતું ખાતો હોય ને સ્વાદ લેતો હોય તેથી અધિક સ્વાદ તેઓ ભગવાનનાં ઠાકોરજીનાં દર્શનનો લે છે.

એકવાર અટલાદરામાં પૂજારી બ્રહ્મજીવન સ્વામી અને નિષ્કામ સ્વામીએ દરેક મૂર્તિઓને જુદાજુદા વાઘા પહેરાવ્યા હતા. મહારાજ બેઠા હોય તે રીતે દર્શન આપતા હતા. ગુ.સ્વા. સાધુરૂપે, ગોપાળાનંદ સ્વામી પંડિત, હરિકૃષ્ણ મહારાજનો રજવાડી ઠાઠ માઠ, નારાયણ કાઠિયાવાડી પહેરવેશમાં અને રાધિકાજી રાજસ્થાની વેશમાં શોભતા હતા. સ્વામીશ્રી નિહાળીને દર્શન કરતાં બંને સંતો પર રાજી થઈ ગયા.

પૂજા પછી ઉકાળાપાણી વખતે એક સંત સામે બેઠેલા. તેમને સ્વામીશ્રીએ પૂછ્યું, 'ઉપર પૂજારીનો પ્રેમ જોયો ? ઠાકોરજીને વાઘા પહેરાવેલા તે ક્યા ક્યા હતા ?' પેલા સંતને બરાબર આવડ્યું નહીં. એટલે કહે, 'તુંય ભલા માણસ, અધૂરાં દર્શન શું કરે છે ? દર્શન ધારી ધારીને પૂરે પૂરા કરવા, યાદ

કરવું. યાદ કેમ ન રહ્યું...' એમ કહીને સ્વામીશ્રીએ દરેક મૂર્તિઓને ક્યા ક્યા વાઘા ધરાવ્યા હતા તે કહી બતાવ્યું. સૌ ખુશ થઈ ગયા !

યોગીબાપા કહેતા કે સ્વામી શાસ્ત્રીજી મહારાજને ઠાકોરજીમાં હેત બહુ- તેમ સ્વામીશ્રીને પણ ઠાકોરજી સાથેની અખંડપ્રીતિ અનુભવાય. હરિકૃષ્ણ મહારાજ મારી સાથે જ છે, એવી અખંડ સ્મૃતિ રહે છે. 'મૂર્તિ' નથી માનતા. સાક્ષાત્-પ્રત્યક્ષ સ્વરૂપ માને છે. સ્વામીશ્રી જે રીતે પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે, તેમાં તો સામાન્ય માણસના મનનું ઠેકાણું જ રહે નહીં, ત્યાં ભગવાન ક્યાં સંભારે ? પણ સ્વામીશ્રીની વાત જુદી છે. પોતે સદાના સેવક છે. અક્ષરધામના છે.

એકવાર કપડવંજમાં ઠાકોરજી જમાડતી વખતે હળવી વાતો ચાલતી હતી. સંતોના નામ બાબતે ચર્ચા થઈ. તેમાં આવ્યું કે અમદાવાદમાં 'સ્વરૂપો' ઘણાં છે. સ્વામીસ્વરૂપ, શ્રીજીસ્વરૂપ, આનંદ સ્વરૂપ, કૃષ્ણસ્વરૂપ...'

એમાં કોઈ બોલ્યું, 'નારાયણ સ્વરૂપ...' (સ્વામીશ્રીનું દીક્ષિત નામ)

એક સંત કહે, 'એ અમદાવાદના ન કહેવાય.'

ભગવત્ચરણ સ્વામીએ સીધુ સ્વામીશ્રીને પૂછ્યું, 'આપને ક્યાંના કહેવા ?'

થોડી ક્ષણો મૌન રહીને સ્વામીશ્રી કહે, 'અક્ષરધામના છીએ આપણે તો. બીજા ક્યાંના કહેવા ?' સંતોને આ વાત સાંભળી આનંદ આનંદ થઈ ગયો.

હજારો લોકો જેને ભગવાનનું સ્વરૂપ માનતા હોય તેમના તો આચરણ પણ બદલાઈ જાય. જ્યારે સ્વામીશ્રી સેવક જ રહી, નીતિ-નિયમ-સદાચાર ધર્મનું પાલન અખંડ કરે છે. પ્ર.૩૨ મુજબ સ્વામીશ્રીને તો કથા-કીર્તન-દર્શન છે. એ રૂપી માળામાં જ હંમેશાં વિશ્રામ હોય છે.

૧૯૮૭માં ઉત્તરાખંડની યાત્રામાં સ્વામીશ્રી ઉત્તરકાશી પધાર્યા હતા. અહીંથી ગંગોત્રી દર્શન કરવા ગયા. તે રાત્રે સ્વામીશ્રી ખૂબ થાક્યા હતા. છતાં હિમાલયની યાત્રા અંગેનું પુસ્તક વંચાવ્યું. સંતો સાથે ગમ્મત કરતાં સ્વામીશ્રી આરામમાં ગયા. મધરાત થઈ હશે. કંઈક સતત ગુંજારવ સંભળાતા સેવક સંત નારાયણચરણ સ્વામીએ જોયું તો પલંગમાં સ્વામીશ્રી ધ્યાનસ્થ મુદ્રામાં એકધારા ભજન કરતા હતા 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' સેવકે થોડી ક્ષણો વીતવા દીધી. સ્વામીશ્રી અટક્યા કે તરત પૂછ્યું, 'આરામ નથી કરવો ? ઊંઘ નથી આવતી...?'

સ્વામીશ્રી નિજાનંદી મસ્તીમાં બોલી ઊઠ્યા, 'નારાયણચરણ, એમ થાય છે કે આવું સ્થાન છે તો આખી રાત ભજન કરીએ...!'

શારીરિક તકલીફોને કારણે સ્વામીશ્રીને દંડવત્ પ્રણામ ઓછા કરવા અથવા તો ન જ કરવા ડૉક્ટરોએ સૂચના આપી છે. પણ સ્વામીશ્રી તક છોડતા નથી. બોચાસણમાં સ્વામીશ્રીએ ઠાકોરજીનાં દર્શન કરી મધ્યખંડમાં દંડવત્ પ્રણામ કરવા ઇચ્છા દર્શાવી.

સેવક સંત કહે, 'કેમ આજે ?'

'આજે કરી લઈએ...' સ્વામીશ્રીએ કારણ ન જણાવ્યું.

'પણ ગઈકાલે તો કર્યા'તા.'

સ્વામીશ્રી કહે, 'કાલે તો આપણે અહીં આવ્યા, તેના દંડવત્ હતા. આજે નવો દા'ડો કહેવાય એટલે નવેસરથી દંડવત્ કરવા પડે...' એમ કહેતાં દંડવત્ પૂરા કર્યા...

*

મહારાજ ગઢડા અં.૧૩માં વચનામૃતમાં કહે છે તેમ સ્વામીશ્રીને ઠાકોરજીને જોઈ એવી મસ્તી આવે છે કે જાણીએ દીવાના થઈ જવાશે... પણ બીજાની મર્યાદાને લીધે લોકમાં મળતો વહેવાર રાખે.

સ્વામીશ્રીને અંતરમાં તો અખંડ સંબંધ છે, છે ને છે જ, પણ બાહ્ય રીતે પણ એમને દર્શન, દંડવત્, કીર્તન, કથા વગેરેથી તૃપ્તિ થતી જ નથી. વળી પોતાની પ્રવૃત્તિસેવા ને પણ સ્વામીશ્રી ભગવન્મય કરી નાખે છે. પોને ગૌણ બની જાય છે, મુખ્ય ઠાકોરજીને રાખે છે. પોતે સાધન બની જાય છે. ઠાકોરજીને સાધ્ય બનાવી રાખે છે. પોતે નિમિત્ત બને છે, ઠાકોરજીને ધ્યેય બનાવી રાખે છે... 'આવો સાધુ તો હું છું' એમ કહીને શ્રીજીમહારાજ ગ.પ્ર.૪૪માં એ જ કહે છે કે આવા સંતમાં હું અખંડ રહ્યો છું...

૯. પરમ એકાંતિક

જીવનમાં શાંતિ આપે, માયા તર્યાની પ્રતીતિ જેનાં દર્શનથી આવી જાય, જીવમાં અખૂટ શ્રદ્ધા પ્રગટાવી દે, આવા સાધુ કેટલા મળશે ?

ભગવાનના સ્વરૂપના જ્ઞાનનો આધાર લઈને ભક્તિ-જ્ઞાન-આશરો કે ઉપાસના દૃઢ કરાવે તેવી સમજણ આપનારા ગુરુ કેટલા મળશે ?

જેમની શરણાગતિથી મૃત્યુ પછીનું સ્થાન બ્રહ્મધામ જ મળશે, એવી ખાતરી થાય, ને ધક્કા બૅંકના ચૅકની જેમ પરલોકમાંથી જન્મમરણના ચક્કરમાં પાછા ફેંકાવું ન પડે, એવા પુરુષ કેટલા મળશે ?

હા, સાધુઓ ઘણા છે. ભગવાનનો આશરો કરાવે, સંસ્કાર પાડે, જીવન સાત્ત્વિક બનાવે એવા મળે, પણ તેની તાકાત ક્યાં સુધી કે તેનાથી જીવનો ટટ્ટુ સદાચારની રાહે રાહે ચાલ્યો જાય... પણ મંઝિલ દૂર રહે છે તેનું શું ? કેટલીયે જગાએ દાંભિક જીવનનું મહત્ત્વ વધ્યા જ કરે છે. અને આધ્યાત્મિકતાનું મહત્ત્વ ઘટ્યા કરે છે તેનું શું ? કપોળ કલ્પિત જ્ઞાન આપીને જીવન પૉલીશ બનાવે, પણ મૂલ્યવાન ન બનાવે - તેનું શું ? ધ્યાન-માનસી-યોગ બધું જ સારું છે. પણ તેનાથી જીવનમાં પૂર્ણકામપણું નથી આવતું, તેનું શું ? સાધનો કરવાથી આધ્યાત્મિક જીવન જીવ્યા હોય તેવું લાગે છે, પણ શ્રીજીમહારાજ કહે છે, અષ્ટાવરણ ભેદવા-માયાથી પર થવા અષ્ટાંગયોગ જેવાં સાધનો પણ બ્રહ્મને ભૂલીને-ગુરુને વિસારીને કરે, તો એ સાધનો બ્રહ્મસુષુપ્તિમાં લીન થઈ જાય છે. જ્યારે જીવને મોક્ષનો તદ્દન અજાણ્યો માર્ગ, વિકટ માર્ગ એકાંતિક સંત જ બતાવે છે. આ વાત ભાગવત્‌માં પણ કપિલદેવ ભગવાન પોતાની માતા દેવહૂતિને સમજાવે છે. (વચ.ગ.પ્ર.૫૪)

ગ.મ.૫૪માં અને વર.૧૧માં ભગવાનનાં દર્શન માટે, આત્માનાં દર્શન માટે આવા સંતમાં જ આત્મબુદ્ધિ કરવાનું કહ્યું છે. પ્ર.૬૦ મુજબ એકાંતિક

થકી જ એકાંતિક થવાય, તે વિના એકાંતિક જેવું લાગે ખરું પણ સ્થિતિ ન કરી આપે.

આપણે અગાઉ જોયું તેમ અંત સમે ભગવાન અને સંત જીવને બ્રહ્મધામમાં તેડવા આવે છે, આ સર્વોપરી ઉપાસનાની એક દિવ્ય ખાસિયત છે. પરમ એકાંતિક સંતને જ આવરણ ભેદવાની ગતિ છે. આવા ગુરુના વચને એટલે કે સ્વામીશ્રીના વચને ભક્તિ-નિશ્ચય-આજ્ઞા બધું જ નિર્ગુણ થઈ જાય છે. જેથી તે સામાન્ય જીવ માટે પણ આવરણ ભેદવાનાં સાધન બની જાય છે.

વડવાનલ અગ્નિ જેવા સંતની વાત મહારાજે વચનામૃતમાં કરી છે. ખારા જીવને મીઠા કરે, તેવા સંત આજે સ્વામીશ્રી છે. ૨૦૦-૨૦૦ વર્ષનાં વેર 'અપૈયા' તરીકે ઓળખાતા હતા, તે સ્વામીશ્રીનાં વચને નિર્મૂળ થયાં અને આજે એ બંને ગામો-ઓદરકા અને કુકડ - સ્વામીશ્રીના સ્પર્શે અમૃત જેવાં મીઠા બન્યાં.

આદિવાસી કોળી પટેલો, દક્ષિણ ગુજરાતના સાગરખેડૂઓ, સૌરાષ્ટ્રના ગોહિલવાડ પંથકના કેટલાય દરબારો કે વિદેશોમાં વસતા ગુજરાતી-ભારતીય ભાઈઓ સ્વામીશ્રીના સ્પર્શથી સાચી દિશાએ ચાલવા લાગ્યા. વ્યસનોના કીચડમાંથી બહાર આવી ગયા. વેર-દ્વેષની સળગતી સાંકળોથી છૂટી ગયા. ખૂન ખરાબાના દંગલોમાંથી બચી ગયા. કુટુંબકલેશના કંકાસમાંથી મુક્ત બન્યા... હા, કેટલાય ન જીતાય તેવા કામ-ક્રોધાદિકના ભાવ ટાળી શક્યા. ઈર્ષ્યાની આગ લાગી હતી તે ઠારી દીધી. જે દોષો ટાળવા ઋષિમુનિઓ પણ મથ્યા હતા તે દોષો સ્વામીશ્રી પાસે નિષ્કપટ થવાથી, તેમના આપેલા પ્રાયશ્ચિત પામવાથી ટળી ગયા. એ બધા અનુભવો શું બતાવે છે ? 'તીન તાપકી ઝાલ ભર્યો કોઈ પ્રાની આવે, તાકુ તુરત શીતલ કરત દિલદાહ મિટાવે...' એવી આ વાત છે.

આજે આધુનિક યુવાનો, ચબરાક કિશોરો અને નાસ્તિકો સ્વામીશ્રી પાસે આવે છે. તેમનો પ્રેમ ચાખે છે અને સ્વામીશ્રીના સુહૃદ બની જાય છે. બધા જ ક્ષેત્રના-બધી જ ભાતના બધા જ levelના યુવાનોને સ્વામીશ્રી પાસે અખૂટ બળ, અખૂટ શ્રદ્ધા મળે છે. હારેલાને જીવન જીવવા જેવું લાગે છે, મુશ્કેલીઓને ભેદી શકવાની તાકાત મળે છે... આ બધું શું બતાવે છે ? સ્વામીશ્રી વડવાનલ સમા - ખારાને મીઠા કરનારા સંત છે. પરમ એકાંતિક સંત છે.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'કોટિ જન્મ કસર ટળવાની હોય તે આજ ટળે, ને બ્રહ્મરૂપ કરી મૂકે, જો ખરેખરા સાધુ મળે, ને તે કહે તેમ કરે તો.' (૧-૧૧૯) વળી સ્વામી કહે છે, 'કોટિ કલ્પે ભગવાનનું ધામ ન મળે તે આવા સાધુને હાથ જોડે એટલામાં મળે છે !' મહારાજ અને સ્વામી સાક્ષી પૂરે છે કે ગુણાતીત વિના ઉદ્ધાર જ નથી.

સ્વામીશ્રીએ પોતાના દેહભાવથી પર એવા વર્તનથી, પ્રવૃત્તિશીલ છતાં નિવૃત્તિ પરાયણ ભગવન્મય જીવનશૈલીથી, ક્ષણેક્ષણ સમાજ માટે, ભક્તો માટે ગાળવાની નીતિથી સાધુ-સંતની સામાન્ય વ્યાખ્યા બદલી નાખી છે. સ્વામીશ્રીને જુએ તેને સત્-અસત્ ક્ષણમાં પરખાઈ જાય છે. અને અસત્-ઓળખાતાં એ સ્વામીશ્રીની સત્યતાને વધુ દિવ્યભાવથી-અહોભાવથી જોવા લાગે છે.

સાધુ પાસે જતા કેટલાંક Aristrocrat અને ખાનદાન માણસો સંકોચ અનુભવે કે પછી ક્યારેક ભય પણ અનુભવે છે. પણ સ્વામીશ્રીને એકવાર મળે કે પછી વારંવાર મળવાની ઉત્કંઠા જાગી જાય છે...

અનેક ધર્મોના વડા સ્વામીશ્રી પાસે પધારે છે. ત્યારે એમના શિષ્યો પણ સ્વામીશ્રીથી પ્રભાવિત થતા પોતાના ગુરુને સમકક્ષ માની જ લેતા હોય છે. આવું દિવ્ય વ્યક્તિત્વ હોવા છતાં સામાન્યમાં સામાન્ય માણસ એમની પાસે બહુ સરળતાથી પહોંચી શકે છે. આવા સ્વામીશ્રી Modest છે.

અહીં દરેકનો સ્વીકાર છે. ઉપેક્ષા નથી. કોઈની ટીકા-ટીપ્પણ કે નિંદા નથી, ખંડન-મંથન કે વિતંડાવાદ નથી. સ્વામીશ્રીને મન દરેક પોતપોતાના સ્થાને મહત્ત્વનો છે. એ દરેકને પરમ સત્ય સમજવાનું છે ને તે સમજાય તે માટે સ્વામીશ્રીનો આગ્રહ ખરો. કોઈ ટીકા-દ્વેષ કે ખંડનાત્મક વાતો લાવે ત્યારે પણ સ્વામીશ્રી તેમાંથી જે કાંઈ સમજવાનું કે ચેતવાનું હોય તેટલો જ નિર્દેશ કરી દે. ક્યારેય કોઈના કાજી નહીં બનવાનું. દરેકનો નિષ્પક્ષ સ્વીકાર- એ સામાન્ય સિદ્ધિ નથી.

જે મહાત્માઓ આવા અધ્યાત્મના માર્ગે ચાલ્યા છે, તેઓ તરત જ સ્વામીશ્રીનાં કાર્યોને બિરદાવે છે, વ્યક્તિત્વને અહોભાવથી જુએ છે, એમનાં કાર્યોને થોડાકમાં સમજી શકે છે.

એમનો વેશ જુઓ તો આધુનિક યુગ સાથે અનુરૂપ છતાં પ્રણાલિકાઓની

મર્યાદામાં ! એમની સભ્યતા (મેનર્સ) જુઓ તો આધુનિકમાં આધુનિક. અને એમનો ઉપદેશ (મેટર) જુઓ તો પ્રાચીનમાં પ્રાચીન-વૈદિક-આત્મા-પરમાત્માનો ! એમનાં માધ્યમો આધુનિકમાં આધુનિક અને મૂળ રહસ્યો જૂનામાં જૂનાં ! એમનું સામર્થ્ય અપરંપાર, છતાં એમની સરળતા અને નિર્માનીપણું પણ અજોડ ! - અહો ! એમની અસલી પર્સનાલિટી ભલભલાને કોયડા રૂપ છે ! આશ્ચર્યકારી છે !

મોટા મોટાના અહં સ્વામીશ્રીનાં દર્શને ખસી જાય છે. પૂર્વગ્રહથી ગ્રસ્ત હોય તે સ્વામીશ્રી સામે આવે છે ત્યારે બદલાઈ જાય છે. કારણ કે સ્વામીશ્રી કોઈ પંથ-વાડા, સંસ્થા કે સંપ્રદાય પૂરતા નથી રહ્યા. તે વૈશ્વિક પ્રતિભા છે; કારણ કે પરમએકાંતિક છે, કારણ કે રાગદ્વેષ-મારું તારું જેવાં અનેક દ્વન્દ્વોથી પર છે. સ્વભાવ-પ્રકૃતિથી પર છે. એમની અંદરનું - એમની આજુબાજુનું વાતાવરણ ભગવાનથી પરિપૂર્ણ છે... અને એ જ સામેની વ્યક્તિ પર અને આજુબાજુના વાતાવરણ પર અસર પાડે છે...

સાચો ભાવ અને સાચું વર્તન એ સોના જેવું છે. પિત્તળની ગમે તેવી બનાવટ-સજાવટ કરો તો કદીય સોનું ન થાય. તેમ ગોઠવણી, દંભ, બનાવટ એ બધું અસલી વર્તનની જગ્યા ન લઈ શકે. સાધુતાનો દેખાવ ઘણી રીતે આવી શકે, પણ સ્વામીશ્રી કેવળ શુદ્ધ વર્તનથી જ સાધુતાને જીવી રહ્યા છે. એમની સાધુતા છેક અંતર સુધી છે. તે સોનું, સોનું ને સોનું જ છે.

Purse, પારદર્શક સાધુતાથી જ એમણે પ્રભાવ પાથર્યો છે. આવા શુદ્ધ વર્તનને જે જુએ છે, તેને વર્તવાનું બળ મળી જાય છે ! સ્વામીશ્રીએ ગુણાતીત ગુરુઓની આંતરિક સ્થિતિ પકડી છે. નહીં કે તેમના બાહ્ય આચારો કે બાહ્ય પ્રકૃતિ.

આવું સજ્જડ વર્તન હોવા છતાં એ કોઈને ચાબુક મારીને વર્તાવતા નથી. કોઈને ક્યારેય તુચ્છ, નકામા ગણીને, નાલાયક કે સામાન્ય ગણીને ઉપદેશ નથી આપતા. સામાનો મૂડ, પાત્રતા, સમય બધું જોઈને સ્વામીશ્રી ટોકે છે. કોઈક દુઃખાય પણ ખરો, તેનો તેઓને પૂરો ખ્યાલ પણ હોય કે આ આટલો દુઃખાશે પણ જ્યારે ઘડતર કરવાનું હોય તેવા સમયે પણ પોતે મૃદુતા-વિવેક-સરળતા સાથે કહી શકે છે.

'હું સાધુ છું- હું વર્તું છું.' આવું અહંપ્રેરિત જાણપણું એમનામાં ક્યારેય

જોયું નથી. કોઈને દેખાવથી વર્તાવવાના નહીં, મોટા હોવા છતાં દરેકમાં ભળીને, અલગ છાપ ઊભી કર્યા વિના વર્તાવે... આપણે બધા એક જ છીએ, એક જ કાર્ય કરવાનું છે... એકાંતિક થવાનું છે - એવી સહિયારી ભાવના જાગૃત કરે....

સાથે સાથે સ્વામીશ્રી ધર્મ-નિયમ, મૂર્તિ, મંદિરો એટલાં બધાં તો સાચાં માને છે કે નાનામાં નાની ક્રિયા પણ એકદમ સાચા ભાવથી કરે છે. ભગવાન એમના મને એટલા બધા સાચા છે કે મૂર્તિમાં, મંદિરોમાં, હરિભક્તોમાં જીવ પ્રાણીમાત્રમાં બધામાં પ્રત્યક્ષ શ્રીહરિને જોઈ શકે છે. જોતા જ હોય છે. દરેક પ્રત્યે આદર, પ્રેમ ખૂબ જ હોય છે.

એમની વાણીમાં ક્યારેય નાટ્યાત્મકતાનું (Dramatic) નામનિશાન નહીં વર્તાય. મૃદુતા, સરળતા, વાણીનો વિવેક, પાંચ જણને પૂછીને કહે, ચેતવે, બીક ન બતાવે. નર્યું સ્વાભાવિકપણું પરખાય. 'કોઈને શીખવાડી દેવું' એવું પણ નહીં. સમય સમય પ્રમાણે પ્રાસંગિક વાતો કરે. આભાર માનવાની વાત હોય તો ખાસ યાદ રહે. આભાર માનવાનું ક્યારેય ભૂલતા નથી. કાર્યકર ભૂલે તો એમના આશીર્વચનમાં આવી જાય. કટાક્ષ કે ઉપાલંભ નહીં. ગુણગ્રહણ કરતાં કરતાં હસતા, રમાડતા મુદ્દો લાવી દે. ઊઠવા-બેસવા-બોલવામાં નમ્રતા સહિતની ખુમારી દેખાય. પોતાની પ્રશંસા થતી હોય ત્યારે બેધ્યાન હોય. કદાચ કોઈ સીધી જ એમની સામે પ્રશંસા કરે તો ભગવાનને આગળ ધરી દે... હા, ભગવાન એમનું સર્વસ્વ છે. એથી જ આ બધું શક્ય બનતું રહે છે. આવા સંત ક્યાંથી મળે ?

ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'કોટિ તપ કરીને, કોટિ વ્રત કરીને, કોટિ જપ કરીને, કોટિ દાન કરીને, કોટિ યજ્ઞ કરીને પણ જે ભગવાન ને સાધુને પામવા હતા, તે આજ આપણને મળ્યા છે... વળી કહે છે : 'આવાને આવા અક્ષરધામમાંથી આવ્યા છે, એવા પરભાવ અખંડ જણાય તો અહો ! અહો ! સરખું રહે, પણ જેવા છે, તેવા સાધુ ઓળખાતા નથી....'

આ વાતો રોજ બોલીએ છીએ, તેની પાછળ વિચાર કરતા નથી. તેથી તેની ગંભીરતાનો ખ્યાલ આવતો નથી. કૈફ ચડતો નથી. 'કરોડ યજ્ઞ' એટલે શું ?! અનંત જન્મ કોને કહેવાય ?! આ બધું રમત-રમતમાં બોલાયેલું નથી. માટે વિચાર વિના મહિમા નહીં સમજાય. હા, નવા કોઈ વિચાર કરવાના

નથી. પરમ સત્યની આ નક્કર હકીકત છે કે આ સંબંધી જ ઊંડાણ પકડો, પંચવિષય છોડો. આવા જ્ઞાની થવાશે, ત્યારે સ્વામી કહે છે કે 'જ્ઞાનીનું હેત પાતાળના પાણી જેવું છે.' તે સિદ્ધ થશે...

આવા સ્વામીશ્રીનાં વર્તન, વાણી અને પ્રામાણિકતાની અસલીયતને માણવી હોય, સ્વામીશ્રીને ઓળખવા હોય તો જરા પણ અપ્રમાણિતા ચાલે તેમ નથી. ભગવાનને રાજી કરવા સિવાય બધું જ અપ્રમાણિકતા ગણાય. ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે વૃત્તિ એ જ મોટું પાપ છે. સ્વામીશ્રીને ભગવાન અને-ગુરુને રાજી કરવા સિવાય બીજું કાંઈ જચતું જ નથી.

શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'પ્રાગજી ભક્ત ને ભગવાનમાં કેટલો માલ મનાયો હશે !' તેમ સ્વામીશ્રી માટે પણ કહીએ...

ઘડતર-ટ્રેનિંગ-સ્વવાંચન-સાધના અને અન્ય ઘણી બધી હોશિયારીથી ભગવાન ઘણા દૂર છે. 'જાણવું' અને 'કરવું' તેમાં ઘણું અંતર છે.

પ્રમાણિકતા ગુમાવવામાં માન મોટો ભાગ ભજવે છે. સાચો ભાવ હોય પણ વખાણ થાય એટલે સાચા ભાવમાં અપ્રમાણિકતા પ્રવેશે. શ્રીજીમહારાજે કહ્યું છે કે 'ભગવાનનો ભક્ત હોય તો પણ માન વિનાની એકલી ભક્તિ કરવી ગમે નહીં' માનનો ત્યાગ કરે એટલે મરવા જેવો થાય.

ટૂંકમાં, ભગવાન જીવનમાં લાવો, બધું આવશે. બધું લાવી ભગવાનને લાવવા અઘરા, અને ઘણી ક્ષતિઓ પણ થવાની-માન તો નહીં જ જાય. પિત્તલ સોના જેવું દેખાય, તેમ સૂક્ષ્મ માન વળી ભક્તિ પણ દેખાશે સોના જેવી એટલે ભગવાન પૂર્ણરૂપે ક્યાંથી આવે ? આ બધું જોતાં એમ થાય છે કે સ્વામીશ્રીના તોલે આજે કોણ આવી શકે ? આવા અતિનિર્મળ અંતરમાં જ ભગવાન પૂર્ણસ્વરૂપે-જેવા અક્ષરધામમાં છે તેવા જ બિરાજે.

સ્વામીશ્રી વર્તે છે તેથી જ એમની ક્રિયાઓ મહત્ત્વની બની રહે છે. દિવસ દરમ્યાન એમની ક્રિયાઓમાંથી અનેક પ્રસંગો નીપજે છે. જે નોંધી શકાય તે કક્ષાના હોય છે. માણસ વાંચે છે ત્યારે અહોભાવ-પૂર્ણકામપણાના કેફમાં ડોલવા લાગે છે. દુનિયામાં livenote કોઈ અધ્યાત્મપુરુષની લખાતી હોય તેવું ખ્યાલમાં નથી. ને લખાતું હોય તો આટલું અસરકારક હશે ? તે વિચાર કરવા જેવું છે. ક્ષણેક્ષણ નોંધાય તે નક્કર સોનું હોય તો જ સંભવી શકે...

આવા સંતનાં દર્શન કર્યે ભગવાનનાં દર્શનનું ફળ થાય છે. ને તેમની સેવા કર્યે ભગવાનની સેવા કર્યાનું ફળ થાય છે. ને આપણે તેવા સાથે હેત થયું છે, માટે આપણા પુણ્યનો પાર ન કહેવાય...' ગુણાતીતાનંદ સ્વામીના આ શબ્દો જો જીવમાં ઊતરી જાય તો સુખ-સુખના ઢગલા થાય.

સ્વામીશ્રી આવા ભગવાનના ધારક સંત છે. તેવું જ્ઞાન ન હોય તેવા લોકોને પણ એવોજ અનુભવ થાય છે, સ્વામીશ્રી અતિ પવિત્ર, અતિ દિવ્ય લાગે છે. કેટલાયનો અનુભવ હોય છે કે આટલા પવિત્ર પુરુષ તો જોયા જ નથી.

ઘણાતો સ્વામીશ્રી પાસેનું વાતાવરણ જ જિંદગીમાં પહેલીવાર અનુભવતા હોય છે. સ્વામીશ્રીનો દિવ્ય સ્પર્શ પણ લોકોને ઘણું ઘણું કહી જતો હોય છે.

કેનેડાથી સંજય રમણભાઈ પટેલ નામના બાળકનો એક પત્ર આવ્યો હતો. તે સામાન્ય રીતે સત્સંગની પ્રણાલીઓથી ટેવાયેલો નહીં. પાશ્ચાત્ય વાતાવરણની અસર, તેથી પૂજા-સભા કે સાંપ્રદાયિક પ્રણાલીઓ પણ રુચે નહીં. વળી ૧૨-૧૫ વર્ષની ઉંમર, એટલે અમુક પ્રસંગે અજ્ઞાનવશ પણ ધર્મ-નિયમમાં વર્તન કરી ન શકે. એકવાર તે સ્વામીશ્રીનાં દર્શને પૂજામાં ગયો. તે લખે છે :

'આવું દૃશ્ય જોઈને હું આશ્ચર્યમાં પડી ગયો. સ્વામીશ્રીની પ્રાતઃપૂજા ચાલતી હતી. કેટલાય માણસો આવન-જાવન કરતા હતા. સંગીતનો, હરિભક્તોની વાતચીતનો... એમ ઘોંઘાટ થતો હતો. પરંતુ સ્વામીશ્રી તિલક-ચાંદલો કરીને તરત જ આંખો મીંચી ધ્યાનમાં ઊંડા ઊતરી ગયા. મને અત્યંત આશ્ચર્ય થયું. સ્વામી એવી રીતે બેઠા હતા કે જાણે આજુબાજુ કોઈ છે જ નહીં, પોતે અને ભગવાન - બસ બેજ ! બધું જ સાચું-પ્રામાણિક અને અદ્‌ભુત લાગતું હતું... આ (અનુભવ) પછી હું રોજ-નિયમિત સત્સંગ કરું છું... કોઈ જ બાળસભા ચૂકતો નથી... મને બહુ મજા આવે છે...'

સ્વામીશ્રીની સત્ય નિષ્ઠાનો-આધ્યાત્મિક ઊંચાઈનો આ પણ એક માપદંડ છે.

એક વાર એક સંતે ગ.પ્ર. ૬૩મું વચનામૃત વાંચ્યું. તેમાં અનંતકોટિ બ્રહ્માંડ અક્ષરના રૂંવાડે ઊડતાં ફરે છે... વગેરે વાતો આવી, બુદ્ધિમાં જલદી ન ઊતરે અને વિજ્ઞાનની કસોટીઓ પણ ટૂંકી પડે તેવી આ વાતો વાંચી, તેમણે

મને કહ્યું : 'જ્યારે જ્યારે આવી વાતો સાંભળીએ કે વાંચીએ કે અનંત બ્રહ્માંડો અક્ષરના રૂંવાડે અણુની જેમ ઊડતાં ફરે છે, અષ્ટાવરણ પાર અક્ષરધામ છે... તો એ વાતોમાં તટસ્થભાવ જ રહે છે કે મહારાજે કહ્યું છે, તે હશે. અથવા તો એ વાત ઉપર વિચાર કે લક્ષ્ય પણ રહેતું નથી. આટલી ઊંચી વાતમાં નથી વિશ્વાસ કે નથી અવિશ્વાસ, પણ જ્યારે જ્યારે સ્વામીશ્રીનાં દર્શન કરીએ, ત્યારે એ જ વાતો સાચી મનાય, અંતર કબૂલ કરે કે એ વાતો, એ અનુભવો જરૂર સાચા જ હશે !!

આવી ઘણી વાતો આપણે સાંભળી કે વાંચી હોય પણ જ્યારે સ્વામીશ્રીને જોઈએ ત્યારે એ શબ્દો ને વાતો સાંભરી આવે છે અને તે સાચી મનાય છે. જે વાતોમાં કેવળ તટસ્થ ભાવ રહ્યા કરતો હોય તેમાં દૃઢ વિશ્વાસ બેસી જાય છે. આ એક અદ્‌ભુત વાત છે. સ્વામીશ્રીની વાણીમાં અને સ્વરૂપમાં, વર્તનમાં અને ક્રિયા માત્રમાં એક પ્રકારની સચ્ચાઈ-પ્રામાણિકતા જાણે નીતરી રહી છે. જેમનાં દર્શને આવી પ્રતીતિ આવે તેમના દ્વારા તો પછી ભગવાન જ કામ કરે ને ! સ્વામીશ્રીને જુઓ ને પ્રતીતિ આવે કે ભગવાન છે. ભગવાન પ્રગટ છે. અને એ ભગવાનનો સાક્ષાત્કાર આપણને પણ જરૂર થઈ શકે તેમ છે.

આવી ઉચ્ચ ભૂમિકાની આધ્યાત્મિક વાતો કરવી એ લોકોને કલ્પના અને Mystic લાગે છે. પણ વૈજ્ઞાનિકોની વાતો સાચી લાગે છે ! નાસ્તિકને પણ વિજ્ઞાનની વાતમાં દૃઢ વિશ્વાસ બેસી જાય છે. કારણ કે તે અનુભવાઈને આવેલી વાત જ હોય તેવી દૃઢતા છે. તેમ સ્વામીશ્રીનું જીવન સાથે રહીને કોઈ જુએ તો એને આધ્યાત્મિક જીવન અને આધ્યાત્મિક વાતોમાં અવશ્યપણે વિશ્વાસ બેસી જાય. શ્રદ્ધાનું બળ ટકે અને વધુમાં વધુ વિકસાવે પણ ખરો. પછી ભલે ને તે મહારાજને માનતો હોય કે કોઈ પણ ઇષ્ટદેવને માનતો હોય-પણ તેમાં શ્રદ્ધા વધે તેવું સ્વામીશ્રીનું દિવ્ય-ભવ્ય-પ્રેરક જીવન છે. આવા સંતને પરમ એકાંતિક સંતથી આગળ વધીને બીજું શું કહી શકાય ?

નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે :

એવા સંત શિરોમણિ, ઘણી ઘણી શું કહું વાત;
તેવું નથી ત્રિલોકમાં, સંત સમ તુલ્ય સાક્ષાત્,
કામદુધા કલ્પતરુ, પારસ ચિંતામણિ ચાર;
સંત સમાન એકે નહિ, મેં મનમાં કર્યો વિચાર.

પચાસ મજૂર હાથી જેટલો મોટો પથરો ઘસેડતા હોય કામ બહુ મોટું લાગે. ડૉક્ટર ઑપરેશન કરી પથરી કાઢે, લાગે છે નાનું કામ, પણ કેટલું અગત્યનું અને મહત્ત્વનું કામ છે ! તેમ આ પૃથ્વીમાં કે ત્રિલોકમાં ઘણી ઘણી વસ્તુઓ, કાર્યો મૂલ્યવાન અને મહત્ત્વનાં લાગે, હા મહત્ત્વના જ છે, એની ના નથી, પરન્તુ એ કોઈ સંતની તોલે ન આવે, ઍરોપ્લેન કરતા પાઇલોટ મહત્ત્વનો છે.

વળી, નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે સંતની તોલે પારસમણિ, ચિંતામણિ, કામધેનુ ગાય અને કલ્પવૃક્ષ પણ ન આવે. આ ચારમાંથી એક પણ પૃથ્વી ઉપર હોય તો ત્રીજું વિશ્વયુદ્ધ થયા વિના રહે જ નહીં. આ બધી વસ્તુ હોય કે ન હોય, પણ તેમાંથી સંતની મહત્તા અને મહિમા સમજાય છે.

ચિંતામણિ આદિક ચારમાંથી એક પણ પ્રાપ્ય હોય તો પૃથ્વીની કોઈ પણ અને તમામ વસ્તુ મેળવી શકે. તો અસલી સંતની આગળ તો આવી કરોડો વસ્તુનો હિસાબ નથી, તો જેને અસલી સંત મળ્યા હોય તેનાં કેવાં ભાગ્ય ગણવાં ?

શ્રીજીમહારાજે કહ્યું છે કે 'જેટલામાં રાજાનું રાજ, તેટલામાં રાણીનું રાજ' કહેતા, ગુણાતીત સંત ભગવાનની તોલે છે. ભગવાનની સત્તા અનંત અપાર છે, અને અનંત અપારમાં ચાલે છે. તેમ પ્રમુખસ્વામી મહારાજની પણ એટલી જ સત્તા છે. ભગવાન જ એમનામાં કાર્ય કરી રહ્યા છે. એમના નેત્રમાં રહીને ભગવાન જુએ છે. એમના પગમાં ચાલનારા ભગવાન છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'આપ ટળી મળ્યા ભગવાનમાં, જેના આપમાં હરિનો વ્યાપ;
સંત તે સ્વયં હરિ.'

મુંબઈનો આઠ-નવ વર્ષના બાળક નીલકંઠે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો હતો, 'તમારી અંદર ભગવાન છે ?' સ્વામીશ્રી એ તરત જ કહ્યું : 'ત્યારે તો અહીં બેઠા છીએ.' (ધર્મધુરા ધારવાના અર્થમાં) ભગવાન જીવ પ્રાણી માત્રમાં કર્મ-ફળ-પ્રદાતા તરીકે રહે. બીજામાં અંતર્યામીપણે, સાક્ષીરૂપે રહે અને મોટા પુરુષમાં ભગવાન સર્વે પ્રકારે, નખથી શિખાપર્યંત રહે. અખંડ રહે. આથી તેમનાં દર્શન ભગવાનનાં દર્શન તુલ્ય છે. ફળ પણ ભગવાનનાં દર્શન જેટલું જ છે. જરા પણ ન્યૂન નહીં!

૧૦. સ્વામી એક સ્વરૂપ અનેક

સ્વામીશ્રી વિદેશના ઍરપૉર્ટ ઉપર ઊતર્યા છે. બધાથી જુદો પહેરવેશ એટલે બધાની આંખો ખેંચાય. દરેકના કુતૂહલના કારણ બને. કેટલાકે એમને માત્ર જોયા. કેટલાક તો પોતાનાં કાર્યમાં જ એટલા બધા ગુંચાયેલા કે જોવાનો વિચાર પણ ન આવે. કેટલાક જરાક જોઈ લે પણ શૂન્યવત્. કેટલાકને એકાદ વિચાર આવી જાય કે સાધુ લાગે છે. કેટલાક થોડીવાર ઊભા રહે અને વિચારે કે ક્યાંના હશે? કોણ હશે? પછી જાતે ઉત્તર મેળવી લે : 'આ તો ભારતના હશે!' આગળ જિજ્ઞાસા નહીં. કેટલાક બીજાને થોડુંક પૂછી લે. પછી કાંઈ નહીં. કેટલાક ઊંડાણથી પૂછે, રાજી પણ થાય. કેટલાક ઘૃણાથી પણ જોનારા હોય છે કે આ લોકોને અહીં શું કામ છે ? ભારતમાં જ શું ખોટા હતા ? કોઈક એવા ભગવાધારી પૂર્વે ભટકાયા હોય તેથી દરેક સાધુનું એક સરખું જ માપ કાઢી લે ત્યારે આવા વિચાર સ્વાભાવિક છે. આવું તો જાતજાતનું સંતો વિષે વિચારાતું અને બોલાતું હોય છે. ૨૫ સાચા રૂપિયામાં એક ખોટો (બોદો) ન આવી જાય તે માટે જૂના જમાનાનાં રાણી-છાપ ચાંદીના રૂપિયાને લોકો પછાડતા, ચકાસતા. એક ખોટાના કારણે ૨૫ સાચાને માર ખાવો પડતો. તેમ જ્યાં ઘણા ખોટા હોય ત્યાં સ્વામીશ્રી જેવાને કેટલું સહન કરવું પડે ? જનહિતનાં કાર્ય માટે નીકળેલા સ્વામીશ્રીમાં થોડી સદ્ભાવના થવાથી કેટલાયના હૃદયમાં પ્રકાશ થાય છે, તે કાર્યમાં આવા લોકોને કારણે બાધા આવી જાય છે, આ પાપ કોને માથે ?

કેટલાક સદ્ભાવવાળા હોય ને ગમે તે સંપ્રદાયના, ગમે તે ગુરુને માનનાર હોય, તેવાને સ્વામીશ્રી માટે ભાવ થાય, હેત થાય, સેવાની ભાવના પણ ઉત્પન્ન થાય, તો વળી કેટલાકને ગુણ-અવગુણ કાંઈ નહીં. અવગુણ ન લે એટલામાં એને અક્ષરધામ મળે તો ગુણ લે તો શું થાય ?

કેટલાક જાણતા હોય કે આ તો સ્વામિનારાયણના સાધુ છે. કેટલાક વળી બોચાસણના સંત તરીકે પણ ઓળખે. કેટલાક નામથી જાણે કે આ પ્રમુખસ્વામી છે. યોગીજી મહારાજની જગ્યાએ છે. કેટલાક એમને આદર્શ સમાન સેવક માને છે. કેટલાક સારા સાધુ તો કેટલાક વચનસિદ્ધ માને છે. કેટલાક ચારિત્ર્યના ઘડવૈયા માને તો કેટલાક સંપ્રદાયના વડા તરીકે જુએ છે. વળી કેટલાક ઈર્ષ્યા કે રાગ-દ્વેષના કારણે દ્રોહ પણ કરે છે. અરે, કેટલાક તો જાણતા હોય કે આપણા કરતાં સો ગણા સારા છે, તો પણ દ્વેષ રાખે છે ! કેટલાક શિષ્યો થયા છે, તો કેટલાક સમર્પિત થઈ ગયા છે; કેટલાક સાધુ થઈ ગયા છે તો કેટલાક આજીવન કાર્યકર થઈ ગયા છે. કેટલાક તેમને મોક્ષના દાતા માને છે તો કેટલાક શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનું સ્વરૂપ માને છે. એમ માણસે માણસે અનેક ભેદ પડે છે. સ્વામીશ્રી તો એક છે પણ તેમને અનેક રીતે જોનારા હોય તેથી દરેકને જુદા જુદા સ્વરૂપે ભાસે છે. પણ સ્વામીશ્રીનું તો એક જ સ્વરૂપ છે. તેઓ અસલી સાધુ છે. શ્રીજીના સમ્યક્ ધારક છે. પોતે દરેકનું કલ્યાણ કરે છે. દ્વેષીનું પણ હિત ઇચ્છે છે. કોઈનું પણ ક્યારેય અહિત થાય એવું તો ઇચ્છ્યું જ નથી.

પૃથ્વી ઉપર-ખાસ કરીને ભારત દેશમાં અવધૂત કોટીના યોગીઓ, ઋષિઓ, મહર્ષિઓ, યતિઓ અને સિદ્ધો થઈ ગયા છે. અદ્વૈતીઓ, ભક્તિ પ્રધાન સંપ્રદાયોના સાધુ મહાત્માઓ-સંન્યાસીઓના અનેક પ્રકાર છે. બધાનો ધ્યેય પણ એક છે : ભગાવાન મેળવવા. હા, દરેકના રસ્તા જુદા જુદા છે. બુદ્ધ, શીખ, પારસી, ઈસ્લામ, જૈન, ક્રિશ્ચિયન એમ બધાના સાધુઓ છે બધા પરમેશ્વર, પરમ તત્ત્વ સાથે એકતા સાધવા માગે છે. પરમ સુખિયા, અખંડ અનંત અપાર સુખિયા થવા રસ્તા લીધા છે. કેટલાકના રસ્તા અજાણ્યા છે, કેટલાક થોડે પહોંચ્યા છે, કેટલાક દિશમોડ થતાં ઊંધે જ રસ્તે છે, કેટલાકને ભ્રમ છે, કેટલાક થાકી ગયા છે, કેટલાક કંટાળી ગયા છે, કેટલાક આશા ગુમાવી પાછા કનક, કામિની, કીર્તિ, માન, મરતબામાં આવી ગયા છે. હા, થોડાક છે, જે કાંઈક પરમેશ્વરની નજીક આવી ગયા છે. જ્યારે સ્વામીશ્રી અનાદિસિદ્ધ સંત છે. જન્મજાત સાધુ છે. ભગવાનના સૌથી નજીકના, સૌથી જૂના, અનાદિના સેવક છે.

ભારતીયોને સંતો પ્રત્યે સ્વાભાવિક આદર, મહિમા અને પૂજ્ય ભાવ રહે છે. લોકો તેમનું અનુકરણ કરે. તેમને કંઈક સમર્પણ પણ કરે... આ વૃત્તિનો કેટલાય ઢોંગીઓ અસંતો ગેરલાભ ઊઠાવી સ્વાર્થ સિદ્ધ કરે છે. લોકો પણ સાચા-ખોટા વચ્ચે ભેદ પારખી શકતા નથી. ઉપરાંત પશ્ચિમની કેળવણી અને રહેણીકરણીના અનુકરણથી ભૌતિકવાદ વધતાં સાચા સંતો પ્રતિ પણ આજના શિક્ષિત વર્ગને ઘૃણા અને સૂગ પેદા થઈ રહી છે. સુખસંપત્તિનાં સાધનોમાંથી પણ જ્યારે વિદેશી-આધુનિક માણસ સુખ પામી શકતો નથી. અને હૈયામાં અધૂરપ સાથે સંતોષ માટે વલખાં મારતો હોય છે ત્યારે કેટલાક કહેવાતા 'યોગીઓ' આવા લોકોને ગેરમાર્ગે દોરી જાય છે. આવા કેટલાક 'યોગીઓ', 'મહાત્માઓ', 'મહારાજાઓ' પોતાની પ્રવૃત્તિઓને પશ્ચિમી ઓપ આપી પોતાનું ને બીજાનું બંનેનું બગાડે છે.

સામે પક્ષે પ્રમુખસ્વામી મહારાજને જોઈ લો. આટલા મહાન છતાંય નિષ્કામી, નિર્લોભી, નિર્માની, નિઃસ્વાદી, નિઃસ્નેહી, અત્યંત નિર્લેપ, અસંગી, અત્યંત નિર્વાસનિક, ભક્તો પાસે કાંઈ પણ સ્વાર્થની અપેક્ષા વિના સત્સંગસમાજને દેહ કૃષ્ણાર્પણ કરી દીધો છે. કેટલાક ગુરુઓ શિષ્યો પાસે માન-મરતબારૂપી વેતન તો લે છે. જ્યારે સ્વામીશ્રી આપવામાં જ સમજ્યા છે. પોતાપણું છે જ નહીં.

એક વાર સ્વામીશ્રી સંતોને સારંગપુરમાં કહે : 'સંતો, મને એમ થાય છે તમારા માટે શું કરી નાખું !' શું બાકી રાખ્યું છે સ્વામીશ્રીએ ? એક પણ હરિભક્ત કે સંત સ્વામીશ્રીની સમર્પણ ભાવનાથી અજાણ નથી. એક એક ને અનુભવ છે કે સ્વામીશ્રી કેવા ઘસાઈ છૂટ્યા છે. સહજાનંદી સાધુની આ ખાસીયત છે. તેઓ અહીં બીજાથી જુદા પડે છે, અને વિશેષ છે.

તેઓ સંપૂર્ણપણે અષ્ટ પ્રકારે સ્ત્રી-ધનના ત્યાગી છે. સ્વામીશ્રીના નામે એક પાઈ નથી. તેમજ જિંદગીમાં પણ સ્ત્રીનો અનુભવ નથી. મન-કર્મ-વચને પણ પોતે તેમનાથી કરોડો ગાઉ છેટે છે. સ્વામિનારાયણ ભગવાને શાસ્ત્રો વાંચ્યાં, તીર્થોમાં સાધુ-સંતો મઠાધિપતિઓ બધાનો અનુભવ કરીને જોયું કે આ બે કલ્યાણના માર્ગમાં ત્યાગી માત્ર માટે વિઘ્નરૂપ છે, આ બેનો જો અષ્ટ પ્રકારે ત્યાગ કરે તો સાધના જલદી અને નિર્વિઘ્ન પૂરી થાય છે. નહીં તો જોખમ છે જ.

વિદ્યાનગરમાં મોટા માણસો ભેગા થયેલા. સહેજે વાત નીકળી અને એક ખૂબ જ પ્રતિષ્ઠિત વ્યક્તિ, સ્વામીશ્રીનો ખૂબ જ મહિમા છતાંય વાત કરવા ગયા કે સ્વામીશ્રી આપના બીજા સાધુ નહીં પણ આપ સ્ત્રીઓને મળવાનું રાખો તો સત્સંગ ખૂબ વધશે. આખી દુનિયામાં ડંકો વાગી જાય. સ્વામીજી તરત જ બોલ્યા : 'જુઓ સાહેબ, એ અમારો વિષય છે. આપ બુદ્ધિશાળી, અનુભવી, હિતેચ્છુ બધું સાચું પણ આમાં નજર નહીં પૂગે. અમારે નિયમ લોપીને સત્સંગ કરાવો જ નથી. કોઈ સત્સંગમાં નહીં આવે તો ખૂણો પકડી માળા ફેરવીશું, ભગવાનના નિયમ પહેલા પછી બીજું બધું.' વાત પણ સાચી છે. સ્વામીશ્રીને તો ત્રિકાળમાં વિકાર થાય એમ નથી. પરન્તુ બીજા સાધુઓ છૂટ લેવા લાગે અને બગાડ થાય તો લાજ સ્વામિનારાયણની જાય. આથી જ સ્વામીશ્રી અનુકરણીય છે. ફક્ત સ્મરણીય, પૂજનીય કે આદરણીય જ નહીં !

ઘણે ઠેકાણે તો, 'તેરી ભી ચૂપ, મેરી ભી ચૂપ જેવું છે.' મને તો એમ થયા જ કરે છે કે અમારા કેવા ભાગ્ય ! ભાગ્યનો પાર આવે એમ નથી કે સ્વામીશ્રી જેવા ગુરુનો યોગ થયો, તેમની દૃષ્ટિકૃપા, દયાના સાગર આવા શ્રેષ્ઠ, પવિત્ર, સર્વ દોષે રહિત સર્વ ગુણે યુક્ત, અમોને ક્ષમા જ કર્યા કરે છે, નભાવે છે, પોષે છે આગળ ને આગળ લઈ જાય છે. તેઓનું વર્તન જ બધું કરી આપે છે. સંભારવા માત્રથી રોમાંચ થાય છે !

આધ્યાત્મિક માર્ગ અનંત, અપાર અને ખૂબ જ અજાણ્યો પ્રદેશ છે, ગુરુઓ માટે કહો કે શિષ્યો માટે. મોટે ભાગે તો આ આધ્યાત્મિક સાગરની સપાટી ઉપર જ રમી રહ્યા છે. જેને જેમ રુચે તેમ દાવ કરી રહ્યા છે. પોતાના વર્તન અને અધિકારની બહાર. ઝુકાનેવાલા પર દુનિયા ઝૂકતી હૈ. કોણ પૂછે છે ? અને પૂછેય શું ? મનની વાત કોણ જાણે ? બહારનો વૈભવ, વિદ્વત્તામાં બધું દેખાય, પણ આંતર વૈભવ કે અંદરની ગરીબી અંદરનું અનુભવજ્ઞાન કે વિષયવાસનારૂપ અજ્ઞાન, આત્માની સુંદરતા કે કદરૂપતા, તેની કેમ ખબર પડે ? કોને ખબર પડે ? જો કે તેમાં શોક કરવા જેવું નથી. 'જૈસે કો તૈસે' છે. અસલી સાધુ-સંતો તો કેટલાય પુણ્યના પ્રતાપે, અનંત જન્મના શુભ સંસ્કારના ફળરૂપે જ પ્રાપ્ત થતા હોય છે. વળી એમને ઓળખવામાં પણ થોકડે થોકડા પુણ્યની જરૂર પડે છે. ભારે મૂલ્ય ચૂકવવું

પડે છે. ઉપરના બુદ્ધિના ડોળ કે દોઢડહાપણ, ભોળપણ કે તર્ક-વિતર્ક, ગોઠવણ કે Manupilationની વાત નથી આ. આથી જે સત્સંગ સમાજે સ્વામીશ્રીને ઓળખ્યા તે સામાન્ય કેવી રીતે હોય ? જેવા સ્વામીશ્રી દિવ્ય, તેવો જ આ સમાજ દિવ્ય !

સ્વામિનારાયણ ભગવાન કહે છે : 'અમે બુદ્ધિની કલ્પનાએ વાત નથી કરતા. અમારી અજમાવેલ વાર્તા છે. જે આ પ્રમાણે વર્તશે તેને પણ આવો જ અનુભવ થશે કામ-ક્રોધાદિક ખરી પડશે. આ વાત સભામાં કર્યા જેવી નથી પણ કરીએ છીએ. કારણ કે કો'કને આ વાત સમજાઈ જાય તો એના જીવનું અતિ રૂડું થાય.

સ્વામીશ્રી પાસે આણંદની ખેતીવાડી કૉલેજના એક પ્રોફેસર આવ્યા. તેમણે કેરીની નવી જાત વિકસાવેલી.. સ્વામીશ્રીએ ખૂબ પ્રશંસા કરી. તેઓ કહે, સ્વામીજી મને કોઈ સમજતું જ નથી. આપ એક સમજનાર મળ્યા.

સ્વામીશ્રી કહે, 'સાહેબ, અમારું પણ એવું જ છે.' (કોઈ સમજતા નથી).

સ્વામીશ્રી ઓળખાઈ જાય એથી વધારે ભાગ્ય બીજાં નથી. એથી ભગવાનનો રાજીપો મળે છે. બાકી સ્વામીશ્રીના આશ્રિતો જેમાં કેટલાય સંતો ભક્તો ઘણા ઘણા બુદ્ધિશાળીઓ છે. મૂળ પરંપરાના સત્સંગીઓની સાથે સાથે, અન્ય સંપ્રદાયોના જુદી જુદી માન્યતા ધરાવનારાઓ પણ ભાળ્યા છે. ભણતર-literacy અને બુદ્ધિ-intelligence બંને છે. કેવળ ભણેલો હોય પણ બુદ્ધિશાળી ન પણ હોય. અભણ હોય પણ બુદ્ધિ ઘણી પહોંચી હોય, આવા તમામે એમને ઓળખ્યા. એમનો ભ્રમ નીકળ્યો. આત્મા શુદ્ધ બન્યો...

તમામ શાસ્ત્રકારો જીવના કલ્યાણ માટે ભગવાન અને સંત જ બતાવે છે. તે વિના પોતાના બાહુબળથી, સાધનથી કોઈ દરિયો તરી શકે નહીં. બ્રહ્માનંદ સ્વામી મહાવિચક્ષણ, મહા મહાબુદ્ધિશાળી હતા. તેમણે ભગવાનને પૂછ્યું છે કે, અંત સમયે આત્મનિષ્ઠા કેટલી કામમાં આવે ? શ્રીજીમહારાજે તે વાત ઉડાડી ને કહ્યું કે ભગવાનનો આશરો હોય તે સિવાય કોઈ વ્યક્તિ અને કાંઈ વસ્તુ કામમાં ન આવે. આશરાથી અને પ્રતીતિથી રોકડો મોક્ષ. સમજો કે ન સમજો પણ ભવ્યાતિભવ્ય કાર્ય સ્વામીશ્રીના સાંનિધ્યમાં,

શરણોમાં, ફક્ત ગુણગ્રહણમાં જ થઈ રહ્યું છે. સીધા-સાદા, સરલ, સામાન્ય જણાતા સ્વામીશ્રી મહાનમાં મહાન છે, અતિસમર્થ છે. મેં નિહાળેલ આવા સ્વામીશ્રીએ આપણા સૌને નિહાલ કર્યા છે.

યોગીબાપા કહેતા : 'અલમસ્ત આનંદમાં રહેવું. પ્રાપ્તિનો આનંદ ક્ષણમાત્ર પણ મોળો પડવા દેવો નહીં. આ વાત સમજાય તો કાંઈ બાકી રહેતું નથી, કરવાનું કાંઈ રહેતું નથી.'

૧૧. સંતનું પ્રદાન અને સંદેશ

'સંત તો સર્વ જગતના આધારરૂપ છે...' સંત વિનાની પૃથ્વીની કલ્પના જ થઈ શકે નહીં.

ચંદ્ર ઉપર ત્રણ અવકાશયાત્રીઓ ગયા, અને પૃથ્વી ઉપરથી લીધેલો પ્રાણવાયુનો જથ્થો ખૂટી જાય એ પહેલાં પૃથ્વી ઉપર પાછા આવી ગયા !

પૃથ્વી ઉપર વૃક્ષો ન હોત તો માનવ જાત ક્યારનીય ખલાસ થઈ ગઈ હોત. વૃક્ષો જીવમાત્રને અંગારવાયુ (CO_2) લઈને પ્રાણવાયુ (O_2) બક્ષે છે. ઝેરી હવા ખેંચી લઈ અમૃતમય વાયુ અર્પે છે. વૃક્ષો વિના આ સમતુલા કોઈ રીતે, કોઈપણ ઉપાયે, મોટા પાયા ઉપર શક્ય નથી. આમ, વૃક્ષોનું પ્રદાન અંકાય એમ જ નથી. સર્જનહારની કરુણા તો જુઓ ! ભોજન વિના મહિનો રહેવાય, પાણી વિના અઠવાડિયું. હવા વિના એક મિનિટ પણ રહેવાતું નથી. આટલું મહત્ત્વનું હોવા છતાં સાવ મફતમાં ! રણમાં પાણી ન મળે પણ હવા તો મળે જ ! રાજા ને રંકને બન્નેને હવા જોઈએ. બરાબર તેમજ સાચા સંતની જરૂર પૃથ્વી પરના તમામ રહેવાસીઓને છે.

ઈંગ્લેન્ડની એક જેલના કેદીઓના પૂર્વજોનો ઈતિહાસ તપાસવામાં આવ્યો. અંતે એ ફલિત થયું કે ૪૦૦ વર્ષ પૂર્વે પરણેલા એક યુગલનો એ વંશ વિસ્તાર હતો. એ જ પરિવારમાંથી ૧૨૦૦ જેટલા માણસો ગુનેગાર બન્યા છે, કેદી બન્યા છે ! ધારો કે એ પ્રથમ સ્ત્રી-પુરુષ ભેગાં જ ન થયાં હોત, ને પરણ્યા જ ન હોત તો ? તો આજે ૧૨૦૦ ગુનેગારોનો કાફલો ન હોત !

આ જ ભૂમિકામાં જોઈએ તો રાવણ, કંસ કે શિશુપાલનો વધ ન થયો હોત તો ? જગતમાં રામકૃષ્ણાદિક અવતારો કે ઋષિઓ, સંતો, મહાત્માઓ અવતર્યા જ ન હોત તો ? તો આજે પૃથ્વી રાક્ષસોથી છવાયેલી જ હોત.

સંતોએ મોટું કાર્ય એ કર્યું -કે સમાજમાં સદ્ગુણોની સ્થાપના કરી આપી. ઉત્તરોત્તર તેનો વ્યાપ થયો. પોતાના સદ્વર્તનથી, ભગવાન અને શાસ્ત્રોમાં, ધર્મમાં અને પરમાર્થમાં, સેવામાં કે માનવતામાં શ્રદ્ધા દૃઢ કરાવી. આજે વૈજ્ઞાનિકો, માનસ-શાસ્ત્રીઓ પણ આવા અસલી મૂલ્યોની મૂલવણી કરી વૈજ્ઞાનિક કસોટીએ ચઢાવ્યા પછી સમાજમાં તેની પુનઃસ્થાપના થાય તો શ્રેષ્ઠ નક્કર પરિણામ આંવી શકે એમ દૃઢપણે માનતા થયા છે.

સંતોનું આ પ્રદાન ન હોત તો માનવ સમાજ સભ્યતા અને સંસ્કૃતિ ગુમાવી વેરવિખેર થઈ ગયો હોત. પૃથ્વીના ધારણ અને પાલન માટે સંત સર્વ દેશ તથા કાળમાં મળે છે. આજે સ્વામીશ્રી એક એવા વિરલ સંત છે.

ડૉ. રાધાકૃષ્ણને કહ્યું છે કે 'આજે આપણે જીવી શકતા હોઈએ તેનું કારણ વૈજ્ઞાનિક શોધો જ નથી, પણ સમાજમાં વિચરતા એવા સાધુપુરુષો છે જે સમાજને ઉન્નત બનાવે છે.

વશિષ્ઠ, વાલ્મીકિ, શુકજી, નારદજી આદિ સંતોએ ભારતને સજીવન રાખ્યો છે. માનવજાતિ દરેક યુગમાં કોઈ ને કોઈ પૂર્વના હોય કે પશ્ચિમના; તેમનો સંદેશો એક જ હોય છે. જીવનને ઉર્ધ્વગામી બનાવવાનો.

મનુષ્યને વાસનાથી, વિષયથી, રાગદ્વેષથી અને દુઃખોના પરિતાપથી શાંત કરવા સંત વરસાદનું કામ કરે છે. સંતનાં દર્શનથી, વાણીથી, સ્પર્શથી તેના ત્રિવિધ તાપ દૂર થાય છે. કારણ કે સંતને ભગવાન સાથે નિત્ય સંબંધ હોય છે. 'દર્શનાદેવ સાધવ :' સંતનાં દર્શન માત્રથી જ મનુષ્યો પવિત્ર થાય છે. જગતના ઇતિહાસમાં સંતનાં દર્શનથી જ પાપના પુંજ જેવા મનુષ્યો સાત્ત્વિક, નિર્મળ બન્યાનાં અનેક દૃષ્ટાંતો છે.

સંતના સંબંધે અનેક પ્રકારનું અહમ્ પણ ઓગળી જાય છે. અને દિવ્ય અલૌકિક વાતાવરણ સર્જાય છે. આજે સ્વામીશ્રી પાસે રાજપુરુષો, ધનાઢ્યો, વિદ્વાનો, બુદ્ધિશાળીઓ, સમાજશ્રેષ્ઠ પુરુષો, બાળકો, યુવાનો, પ્રાધ્યાપકો આમ અનેકાનેક સ્તરના લોકો આવે છે, આશીર્વાદ ઝંખે છે. આશીર્વાદ પામી પોતાનું જીવન રૂપાંતરિત કરે છે. અનેકને જીવન જીવવાની, જીવી બતાવવાની હૂંફ અને શ્રદ્ધા સ્વામીશ્રીએ આપી છે. સ્વામીશ્રીને પરચા-ચમત્કાર આપવાની જરૂર જ નથી પડી. માનો તો આવા પરિવર્તનો અને સદ્ગુણો એ ચમત્કાર જ છે. યુવાનો અને સ્વામીશ્રી, બાળકો અને

સ્વામીશ્રી-કેટલું બધું અંતર !! સ્વામીશ્રી આધ્યાત્મિક જ્યારે યુવાનો રજોગુણી. સ્વામીશ્રી લૌકિક વિદ્વત્તા પામેલા નહીં. પેલા બધા શિક્ષિત, પેલા રાગી-સ્વામીશ્રી વીતરાગી. આ છતાં વેદ વિધિ, પૂજા, માળા, સેવા, જ્ઞાન, વિવેક નમ્રતા લાવી યુવાનોને ધન્ય બનાવ્યા. તે ચમત્કાર નથી તો બીજું શું છે ?

દરેકને એમનામાં હેત-પ્રીત સહેજે થઈ જાય. સહેજે વિશ્વાસ આવે. તેમને રાજી કરવા નિયમ-ધર્મ, સંયમ, ન્યાયનીતિમાં રહેવા લાગે....

સ્વામીશ્રી લોકહિતકારી સંત છે. હરિભક્તોના વ્યવહારની ગુંચો સ્વામીશ્રીએ એવી રીતે ઉકેલી છે કે હજારો કુટુંબો કોર્ટના પગથિયેથી પાછાં વળી ગયાં છે. વકીલોની ફીના લાખો રૂપિયાની બચત થઈ છે. સુંદર-સચોટ ઉકેલોથી, અંતરની ભાવનાથી પોતે ભક્તોના યોગક્ષેમના રખેવાળ બની રહ્યા છે. છળકપટ, દગાનો અનેકને ત્યાગ કરાવ્યો છે. કોઈનું લેવાની કે ખૂંચવી લેવાની વૃત્તિ છોડાવી છે. 'જતું કરવું', 'નમતું જોખવું', 'કટ વળી જવું', 'સમાધાન કરી લેવું' એવી એમની આજ્ઞાઓથી અનેક કુટુંબોની તિરાડ સંધાઈ છે. બાપ-બેટાના સંબંધો સુધર્યા છે. મિલકતો સંપ અને પ્રેમથી વહેંચાઈ છે. વર્ષોથી ચાલતા જમીન કે દુકાનોના, પૈસા કે પદાર્થોના ઝઘડાનો સહજમાં નિકાલ આવ્યો છે. સાચી ન્યાય દૃષ્ટિ, પ્રામાણિકતા, સમર્પણભાવ, ઘસાવાની વૃત્તિ સ્વામીશ્રીએ હરિભક્તોમાં રેડ્યા જ કરી છે. આ બધી લોકોના મનના રોગોની દવા છે.

જ્હોન એફ. કેનેડી કહેતા કે 'The greatest, the noblest, the higest benefit - a man can give to the world, is his pure and spotless character.' - ચારિત્ર્ય નિર્માણ એ સ્વામીશ્રીનું સમાજને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પ્રદાન છે. એમનો આદેશ આજના યુવાનો માટે આ જ રહ્યો છે : 'ચારિત્ર્ય દૃઢ કરો, અને ચારિત્ર્યવાન સમાજ તૈયાર કરો.' આ કાર્ય માટે સ્વામીશ્રી પોતે જ આદર્શ છે, માર્ગ છે, મંઝિલ છે. ચારિત્ર્યની કોઈ શાળાઓ નથી, હા, સ્વામીશ્રી તેની જીવંત-હરતીફરતી યુનિવર્સિટી સમા છે ! જે ચારિત્ર્ય ગ્રંથો કે ઉપદેશો નથાં આપતા, તે તેમના સહવાસ માત્રે સાંપડી જાય છે. 'Books are mere nuisance. They can do for ornaments, not for foundation.' - પુસ્તકો નહીં, સંતો સમાજની બુનિયાદ રચી આપે છે.

કેવળ વ્યસનમુક્તિનું જ કાર્ય લો, તો આજ સુધીમાં લાખો લોકોએ સ્વામીશ્રી પાસે રૂબરૂમાં કે ઉત્સવોના વ્યસનમુક્તિ યજ્ઞોમાં નિર્વ્યસની થવાના શપથ લીધા હતા. આ વ્યસનીઓના કરોડો રૂપિયા બચ્યા, પોતાના કુટુંબના હિત માટે વપરાયા એ સંસ્થા દ્વારા, સ્વામીશ્રી દ્વારા અપાયેલું દાન જ કહીશું કે બીજું કાંઈ ? આ દૃષ્ટિએ સ્વામીશ્રીનું પ્રદાન રૂપિયામાં ગણીએ તો ગાંડા થઈ જવાય એટલો મોટો આંકડો પહોંચે...

શિક્ષણ હોય કે દુષ્કાળ હોય, ભૂકંપ હોય કે અતિવૃષ્ટિ હોય, સ્વામીશ્રીનું સમાજકાર્ય હંમેશાં આદર્શો સર કરતું રહ્યું છે. અનેક સામાજિક કાર્યકરો માટે સ્વામીશ્રીનું કાર્ય એક સીમાચિહ્ન બનીને ઊભું છે. સૌને તેમાંથી કંઈક કરવાની પ્રેરણા મળે છે. આમ લોકોમાં સેવા-ધર્મ અને નીતિના પાઠ પણ સ્વામીશ્રી સહેલાઈથી ઉતારી શક્યા છે.

પ્રભુભક્તિ અને પ્રભુમાં શ્રદ્ધા એ તો એમની 'મોનોપોલી' છે. તે તો સૌ ઝીલ્યા જ કરે છે. જેમાંથી એક રાષ્ટ્રીય ચેતના-રાષ્ટ્રીય ચારિત્ર્યનું નિર્માણ થઈ રહ્યું છે.

'રાજા ભી દુ:ખિયા રંક ભી દુ:ખિયા'
ધનપતિ દુ:ખિત વિકારમેં...
વિના વિવેક ભેખ સબ દુ:ખિયા,
જૂઠા તન અહંકારમેં...'

મુક્તાનંદ સ્વામીનું આ અવલોકન આજે પણ એટલું જ યોગ્ય ઠર્યું છે. જગતમાં સૌ એક સરખા અશાંત અને બેચેન છે. ભલે તેનાં કારણો જુદાં જુદાં હોય. દરેકની દોટ પદાર્થો સગવડો-ભૌતિકવાદની પાછળ છે. કારણ છે આસક્તિ.

જેને ખાવા મળે છે, ઢગલા છે તેને પચતું નથી ને પચી જાય છે. તેને ખાવા મળતું નથી. મોટર-બંગલાવાળા માનસિક કંગાલિયતમાં દિવસો કાઢે છે. તૃષ્ણામાં ઝબોળાયેલા છે. આ અશાંતિનો સ્વામીશ્રીએ કોઈ ઉપાય કર્યો છે?

ચિંતકો કહે છે : 'You are your mind.' 'તમે તમારું મન છો.'-લોકો હારેલા છે, નિરાશ છે, કારણ કે મન પાસે તેમનો પરાજય થયો છે. મનને માર પડે, ફ્રેક્ચર થઈ જાય, ભુક્કા ઊડી જાય, અરે, મન ગટરમાં ફેંકાઈ જાય તેવું વાંચન, વિચારો, જોવાનું, ખાવા-પીવાનું બધું જ વધતું જાય ત્યારે એ

અજ્ઞાન-મોહ-આસક્તિ અને માયા કેવી રીતે ટળે ? જીવ ત્રિવિધ તાપમાં શેકાય છે, તે કેવી રીતે ઠરે ?

સ્વામીશ્રી કહે છે : 'સ્થિર મન હોય તો શાંતિ રહે.'

આ દિશામાં સ્વામીશ્રીએ મન જીતવા માટે કથાવાર્તા રૂપી જ્ઞાનયજ્ઞો આપ્યા. સમૈયા ઉત્સવની સેવા-પ્રવૃત્તિ આપી. સાત્ત્વિક અને માયા પરના વિચારો-નિયમો આપ્યા. રોજબરોજ ઉપયોગી થાય તેવા ઉપદેશો આપ્યા. ભગવાન સર્વજ્ઞ છે, તે ભાવના દૃઢ કરાવી જેથી લોકો આસક્તિમાં હોમાતા પહેલાં ચેતી જાય...

હજારો-લાખોના મનને ભગવાનમાં જોડી સ્વામીશ્રીએ સૌને સુખી સુખી કરી દીધા છે. એમની શાંત મુખમુદ્રા, કરુણાદૃષ્ટિ, મધુર અને સત્યવચનો, દિવ્ય વ્યક્તિત્વ - આ બધું આ પૃથ્વી ઉપર એટલું સુલભ થયું છે કે એમની પાસે આવતાં જ સામાન્ય માણસ, રીઢો ગુનેગાર કે આધ્યાત્મિક સ્થિતિ મેળવવા ઇચ્છનાર મુમુક્ષુ બધાનું મન શાંત બને છે, સ્થિર થાય છે. વિવેક સ્થપાય છે. અજ્ઞાન દૂર થાય છે. પ્રકાશ થાય છે. સવળી સમજણ મળે છે. ટળવા અશક્ય લાગતા દૂષણો કે દોષો સત્વરે દૂર થઈ જાય છે. જીવન પ્રભુમય બની જાય છે.

આ છે સ્વામીશ્રીનું પ્રદાન ! અદ્ભુત ! અસરકારી ! ચિરંજીવી ! અને અંતિમધ્યેયને સિદ્ધ કરાવનારું...!

૧૨. શું શીખીશું સ્વામીશ્રીમાંથી ?

આવા છે આપણા જીવનપ્રાણ ગુરુહરિ.

એમનો અમૃત મહોત્સવ આપણને અમૃત પાવા આવ્યો છે. તો આપણે એમના જીવનમાંથી કયાં કયાં અમૃતબિંદુ પ્રાપ્ત કરીશું ? સ્વામીશ્રીમાંથી શું શીખીશું ? ચાલો, ઉપસંહાર રૂપે એમને ગમતા - એમના જીવનમાં આત્મસાત્ થયેલા કેટલાક સિદ્ધાંતો પર નજર કરી લઈએ... આપણા અનંત જન્મોનો અંધકાર ટાળવા આ સિદ્ધાંતો સૂર્યનું કામ કરી આપશે...

અત્યંત પ્રામાણિકતા અને સચ્ચાઈથી સાધના કરો. પિત્તળને ગમે તેટલું ચળકાવો- શોભાવો- કસો પણ પિત્તળ એ પિત્તળ જ છે. તે કદી સોનું બનશે નહીં. સોનું ગમે તેટલું જૂનું- ગમે તેવા આકારવાળું હશે, પણ સોનું એ આખરે સોનું જ છે. તેમ બનાવટ કે દંભ, દેખાવ, ગોઠવણી કે આંજી નાખવાની વૃત્તિ હશે તો કદી પણ સાચી ભક્તિ થવાની જ નથી. તેનાથી નથી ભગવાન કે સંત રાજી થવાના કે નથી અંતરમાં શાંતિ થવાની. હૃદયના ભાવથી, પ્રેમ અને સચ્ચાઈથી, આજ્ઞા અને શ્રદ્ધાથી જે ભક્તિ કરીશું તો સ્વામીશ્રીની ભક્તિ સમી ઊંચાઈ આપણી ભક્તિને પણ પ્રાપ્ત થશે....

★ ભગવાન મેળવવા - તેમને પ્રસન્ન કરવા માટે જ પ્રયત્નો કરો. નહીં કે લૌકિક સિદ્ધિ માટે....

★ દરેક કાર્યમાં સાધુતાની મહેંક વ્યાપી રહે તેવી સાધુતા સિદ્ધ કરો...

★ ક્યારેય પળનોય સમય ન બગાડો. સદાય લોક હિત માટે - ભગવાનની સેવામાં ઉપયોગ કર્યા કરો...

★ ગુરુના વચનમાં અત્યંત વિશ્વાસ લાવો અને હંમેશાં એમના દાસભાવે રહો...

★ ક્યારેય ગમે તેટલો ભીડો પડે, પણ પોતાનું દુઃખ રડ્યા ન કરો. ભગવાનને કર્તા માનો, જેથી દુઃખ સહેવાનું સહજ બને...

★ આજ્ઞા-ઉપાસના-એટલે કે ધર્મનિષ્ઠા અને સ્વરૂપનિષ્ઠામાં ક્યારેય ચૂક ન આવે એવું નિષ્કલંક જીવન જીવો.

★ બળ કેવળ ભગવાનનું રાખો, સાધનાનું કે કર્મનું નહીં...

બસ, આટલું બસ છે.

આટલું કહ્યું છતાં જાણે કાંઈ જ કહેવાયું નથી તેમ રહ્યા કરે છે. એ તો સદ્‌ગુણોના મેરુ છે. તેમને ઓળંગવા-ઓળખવા એ ખાવાના ખેલ નથી. પણ આટલુંયે એમને ઓળખવામાં ઉપયોગી થશે. અંતે એજ પ્રાર્થના કરીએ કે હે સ્વામી, આપ જ આપનું સ્વરૂપ ઓળખાવી અમને અમૃત સમીપે-પુરુષોત્તમ સમીપે બેસાડશો...

● ● ●